સમર્પણ ભાવ

જિનેશ્વર દેવોની આજ્ઞા માનો,

મિથ્યાત્વને પરિહરો,

આ પવિત્ર આજ્ઞાઓનું રહસ્ય, એનો મર્મ એનું લક્ષ્ય,

સુવિશદ રીતે સમજાવી,

—: સંસાર ભૂંડો મોક્ષજ રૂડો :—

નો નાદ ભારતભરમાં ગુંજતા કરનાર,

આ કાળના અપ્રતીમ ધર્મોપદેશક.

શાસન સિદ્ધાંત સંરક્ષક,

સમ્યક્ત્વ પ્રદાનૈકનિષ્ઠ, સરસ્વતીપુત્ર, શાસનતેજ,

મારા ભવોદધિતારક,

અનંત ઉપકારી ગુરૂભગવંત, આરાધ્યપાદ, સૂરિપુરંદર.

શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના

પવિત્ર હસ્તકમળમાં **મણહ જિણાણં આણં** નામનો

શો ગ્રંથ, સમર્પિત કરતા,

મારા આત્મ સમર્પણને તાજુ બનાવતા, કોઇ અનેરો,

આત્માનંદ અનુભવું છું

—. બાળ ભુવનચંદ્ર :—

કોટિશઃ વન્દનાવલિ

પવિત્ર ચરણારવિંદમાં

શાસનતેજ-આગમસિદ્ધાંત સંરક્ષક સમ્યગ્દર્શન-શ્રદ્ધાનૈકનિષ્ઠ

ગચ્છાધિપતિ—આરાધ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્

—: વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા :—



શાસનહિતના કોઈ ઊંડા આલેખનમાં એકમના દેખાય છે.

તેઓશ્રીના તલસ્પર્શી પ્રવચન ધર્મી આત્માઓના પ્રાણ છે.

કોટિશઃ વન્દનાવલિ

બાબુભાઈ દલછારામ-મુંબઈ.

સ્વ. આચાર્યદેવ શ્રી વિજય જિતમૃગાંક સૂરિજી મ. સા. ની ટુંક જીવન પ્રભા

લે. મુનિ ભુવનચંદ્ર વિજય

અનાદિકાલીન આ વિશ્વમાં, અનેક જૈન ભવ્યાત્માઓ તથા પ્રકારની ઉચ્ચ કોટિની ભવિતવ્યતાને લઈ, પરમપ્રભુ તીર્થંકર દેવોના અપૂર્વ સ્યાદ્વાદમય મહાશાસનને પામી ઉત્થાન માં આત્માના ઉદ્ધાર સાધી શકે છે

આવા શુદ્ધ ઉત્કર્ષને પામેલ આ મહાન શ્રી જૈન શાસનની અનેક વિભૂતિરૂપ અમૃતવેલના રસનું પાન કરે છે, અને પરાવર્ત છે જેમાંથી સ્વાસ્થ્ય મેળવે છે ત્યારે મહામાં મન છે. પરમાત્મપદ પામવાની પૂર્વ ભૂમિકા જ ગણાય છે.

આવા જૈન જગતમાંની ભવ્ય ઉજ્જ્વળ [illegible] ઉત્પત્તિ થાય ત્યારે અનેકાંત અનુમોદન સાથે [illegible] મૂલ્યવાન પણ [illegible] [illegible] જેનાથી જીવો [illegible] [illegible] [illegible] [illegible] અભિવ્યક્તિ થાય [illegible] આદિ [illegible] મનુષ્ય [illegible] [illegible] [illegible] પણ [illegible].

[illegible] (ઉ [illegible]) [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

એ પણ પુન્ય–પાપના જ ખેલ ને ? કુંવર જન્મ્યા. સૌને ગમ્યા. નામ પાડ્યું માણેકલાલ માણેક રક્તવર્ણું અને આ લાલ પણ...આ લાલના ગાલ ગુલાબી. આંખો મજેની. એમાં કાંઈક છૂપું આકર્ષણ ખરૂં. એ તો પિછાણનાર જ પિછાણી શકે. દિવસ પોષ વદિ ૧૩ ને સંવત ૧૯૬૧ નો એ યોગ હતો. એમાં ભાવિયોગ પણ હતો

લાડકોડ સાથે સંસ્કારભૂમિ પણ ઘડાવા માંડી. કૂળ તો શ્રાવકનું ખરૂં ને ? આત્મા જિનધર્મવાસિત કેમ ના બને ? અભ્યાસની ઉંમરે અભ્યાસ પણ કર્યો. મુંબઈ આવવાનું થયું. ત્યાં મળ્યા એક જાદુગર. જાદુગરની વાંસળીનો સૂર દિવ્ય. માણેકભાઈને નાદ લાગ્યો.

એ સુરાવલી હતી વીતરાગની વાણીના આરોહની. સાતે સ્વર ગુંજતા રહેતા. માણેક હોય તો તેજસ્વી. એમાં ચઢે સરાણ પર. તેજ બહાર ઝળકે. આ ૨૬ વર્ષના યુવાન આત્માનું વૈરાગ્ય તેજ પ્રગટયું. બસ, જીવન જીવવું તો સાધુપણામાં જ....

પણ મા–બાપનો મોહ. એકદમ આજ્ઞા મળે ? પણ આ તો લાલ હતા ભગવાનના. ભક્તિ–ભાવભક્તિએ શક્તિ પેદા થઈ. મા–બાપ પણ આત્મશક્તિ આગળ તો ઝૂકે જ ને ? અલબેલી અંધેરી નગરીના ઈરિલાબ્રીજે વિ. સં. ૧૯૮૭ના મહા વ. ૯ ના દિને થઈ ભાગવતી દીક્ષા. પુન્યશાળી આત્માને દીધી શિક્ષા સિદ્ધાંત મહોદધિ કર્મસિદ્ધાંત નિપુણ દાદાગુરુ પ. પૂ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહા

કરતો. વીસ અઠ્ઠાઈઓ કરી તપપ્રેમને સાકાર બનાવ્યો બીજા પણ તપો અનેક કર્યા.

પ્રથમ શિષ્ય મુનિ શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર, સુરતના ઉગતા યુવાન, વિદ્વાન અને વક્તા બન્યા. આ દીક્ષા વખતે પૂ. શ્રીએ પરિગ્રહથી પર રહેવા સરસ માર્ગ કાઢ્યો. અનેકોને કામળી આદિ વહોરાવવાની ભાવના. પૂ. શ્રીએ ફરમાવ્યું, શ્રી સંઘની એક જ કામળ લેવાશે. બાકીનાઓને પોતાની ભક્તિનુ વહેણ જિનેંદ્ર ભક્તિ તરફ વાળવા ભલામણ. ૨૧ દિવસનો શાસનપ્રભાવક મહોત્સવ ઉજવાયો.

આરાધ્યપાદ તારક ગુરુદેવ સાથે, દૂરના બંગાલ-બિહાર આદિ પ્રદેશમા વિચર્યા. ત્યાં ઝરિયામા ચાતુર્માસ કરી ધર્મસ્રોત વહેતો કર્યો. ગુરુ-આજ્ઞા એ જ પ્રમાણ. સં. ૨૦૧૪નુ વાપીનું ચાતુર્માસ પણ સમુજ્જવલ બન્યુ. શિષ્યરત્ન શ્રી હેમભૂષણ વિ. જી, વાપીના ૧૩ વર્ષની બાલ વયે ભાવભરી દીક્ષ લેખકનો ગૃહસ્થ આત્મા તે પ્રસંગને નિરખી આનંદ વિભે બનેલ. આત્મા સુંદર. અભ્યાસ પણ સુંદર. નાની વયના, પૂર્વના ક્ષયોપશમયુક્ત, ગુરુભક્ત આત્માઓ વિદ્વાન તો બને જ. આ મહાત્મા માટે પણ એમ જ બન્યું. નાની વયમાં ન્યાય આદિમા પણ પ્રગતિ કરી. મુનિ શ્રી દિવ્યભૂષણ વિ. જી તેમના શિષ્ય અને સંસારી ભાઇ છે.

પૂ. શ્રીના શિષ્યરત્ન શ્રી હિરણ્યપ્રભ વિજયજી એટલે સારા તપસ્વી તો ખરા જ. પણ સ્વાધ્યાય પ્રેમ અને વૈયાવચ

જાળવવાની સતત કાળજી, એ ખરેખર ભાવી સદ્‌ભાગ્યની સુંદર નિશાની જ ગણાય.

આવા સુંદર પરિવારયુક્ત, પૂ. પં. પ્રવર શ્રીમદ્ મૃગાંકવિજયજી ગણિવરને શ્રીપાલનગરના અપૂર્વ અંજન-શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સ. ૨૦૨૯ના માગ૦ સુદિ ૨ ને ગુરુવારના સુમંગલ દિને, શુભ લગ્ને, પૂ. પરમોપકારી આરાધ્યપાદ, વ્યા. વા., શાસ્ત્રસિદ્ધાંત-રક્ષણૈકનિષ્ઠ, આ. દે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ જૈનશાસનની જવાબદારીભર્યા તૃતીયપદે સ્થાપન કરી આ. શ્રી વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી તરીકે જાહેર કરી, હૈયાની અમી વર્ષાવી હતી

અને મોટાનાં કામ પણ મોટાં જ હોય, પણ હૈયાં ન પરખાય તે પ્રસંગે પોતાની અમીના પ્રતીક રૂપ તે જ પળે મુનિશ્રી ચંદ્રભૂષણવિજયજી નામના ૧૯ વર્ષની વયના યુવાન શિષ્ય પણ અર્પણ કર્યા. પરેશભાઇ સંસારી નામ. સ્વભાવ શાંત. સુકૂળમા ઉછરેલા. પિતા મૂલચંદભાઇ. ખરું ધર્મી હૈયું. માતા મધુકાન્તાબેન હૈયે હરખ ન માય. કાર્યકર્તા ભાણાભાઇના ભાણેજ. ધન્ય માતા-પિતા ! ધન્ય કૂળ.

આવા સુંદર પુન્ય પ્રકર્ષને પામેલા પૂ. સૂરિજી. પોતાના મહાન – તારક – ગુરુદેવ પાસે જાણે લઘુ બાળ, સમર્પિતતા અદ્‌ભુત.

શોંયોને શાસનપાન કરાવવામા એક્કા. ખોટી ધમાલ

કે હોદ્દા ગમે નહિ. નકદેશથી હોદ્દ ને ગાઢ દૂર દિનગિ૰। આપવાની પદ્ધતિ પ્રધાન અને આદર્ષ 'અવ છવા દશમતત્ર

ગ મગ આપ આમે મદાયે રમતુ

શ્રી દરન શાસનના ધુન વઙવા માત્ર [illegible] ભાવ માચાય્ય યુગાન ધરના, વા સ્મૃતિ [illegible] વર્ષ ૭૨ ની વયે ન [illegible] ના પા વ ૧૦ મ વર્ષ ઉમ્મુ અમાતાના હૃદયમાં અને આરાધનાના ભાવની વૃદ્ધિમાં પ્રતાર થયુ [illegible] વર્ષ [illegible] ના મદ હાગામાં દમન પૈના ઘણા બનના બાધા [illegible] વધા જોરદાર આરાધના અને અમતા [illegible] વના ૫-૨૫ અને [illegible] ત્યાગ [illegible] પામની ધનાના ભાવ સાથે [illegible] વરમાં [illegible] [illegible] સમાચાર મસ [illegible] વર્ષ [illegible] દિન [illegible] હોરિ ॥

[illegible]ના મનાના બાપુ - [illegible]

[illegible]

રાત–દિવસની ભક્તિ વૈયાવચ્ચ. ખૂબ ખૂબ અનુમોદનીય પ્રશંસનીય.......

સ્વ. પૂ. શ્રીએ જીવનભર આપેલી અણમોલ વાચનાઓ, વ્યાખ્યાનો, શાસનની વફાદારી આદિ અંતિમ સમાધિમાં કમાલ સહાયક બની રહ્યાં. અગ્નિદાહનો લાભ, ભાવિ શિષ્ય મુમુક્ષુએ માતબર રકમ બોલી, હાર્દિક ભક્તિને સાર રૂપક આપી, વિરહ વેદનાના મૂક પ્રતીક રૂપે લીધો.

આવા ઉત્તમ ગુણોના આધારરૂપ પૂ. સૂરિજીને શતકોટિ વન્દના...! વન્દના...!! વન્દના...!!!

વિશ્વતારક શ્રી જિનેશ્વરદેવ .–રાગ–દ્વેષ અને મોહથી તદ્દન રહિત. સર્વકર્મોને દગ્ધ કરી પામ્યા કેવળજ્ઞાન. ભૂત–ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના સર્વ પદાર્થોના જાણ અને જોનારા. દરેક વસ્તુના થતા ફેરફારો પર્યાયોને પણ જાણે જુએ. સમભાવના દરિયા.

પેલો કમઠ મરીને થયો મેઘમાળી દેવ. ઉપસર્ગ કીધા ઘણા. સહ્યા સઘળા સમભાવે ભગવંત પાર્શ્વનાથે. વરસાવ્યો મેહ મુશળધાર. પાણી પહોંચ્યું નાસિકા પાસ. આસન કંપ્યું ધરણેંદ્રનું. બળતો સાપ ઉગાર્યો નાથે. સંભળાવ્યો નોકાર નોકર દ્વારા. તે થયા ધરણેંદ્ર. આવ્યા નાથની સેવામાં. કમળ પર ખડા કર્યા નાથને. ભગાડયો મેઘમાળીને. આવ્યો શરણે નાથના. પામ્યો સમકિત સાર. ધર્મનો મર્મ હૈયે વસી ગયો. દશ દશ ભવના વેર વિસાર્યા. પતિત પાવન બન્યો. સ્વામીએ મોહને હણ્યો.

કમઠ મેઘમાળી પર દ્વેષ નહિ. ધરણેંદ્ર પર રાગ નહિ. સમમનોવૃત્તિ નાથની. આ છે અમારા અરિહંત પરમાત્મા. આ છે અમારા વીતરાગ પ્રભુ પાર્શ્વનાથ ૨૩ મા.

૨૪ મા સ્વામી તીર્થંકર મહાવીર ભગવંત કરૂણાસાગર વિશ્વોદ્ધારક જિનદેવ પેલો દેવ સંગમ, રાત એક અને ઉપસર્ગ વીસ, સ્વામી પાડે નહિ એક ચીસ. આત્મભાવમાં રમતા, સૌ ભવ્યજનોને હૈયે ગમતા. હજાર ભારનું ચક્ર સીધું માથા પર. નાથ ઘુંટણ સુધી ખુંચ્યા જમીનમાં. પણ ભાવહૈયાના

આ છે અરિહંતો. આ છે ત્રિશલાનંદન, ભવદુ:ખભંજન ૨૪ મા અંતિમ તીર્થપતિ ભરતક્ષેત્રને આશ્રીને. આ અવસર્પિણી કાળનો આ પાંચમો આરો. અને હજુ શાસન જયવંતુ છે. ૧૮૫૦૦ વર્ષ હજુ આ ભરતક્ષેત્રમાં જયવંતુ રહેવાનું છે. મહાવિદેહમાં સર્વદા—સર્વકાળે જાગતુ છે શાસન અરિહંતોનું. **શ્રી અરિહંત ભગવંતની આજ્ઞા એટલે અનંત સુખની ખાણ.**

આજ્ઞા શુ ચીજ છે? જૈન ધર્મ આજ્ઞા પ્રધાન છે. આજ્ઞા સર્વજ્ઞ અરિહત ભગવંતોની છે. સકળ વિશ્વનું એકાંતહિત કરનારી છે. આત્માનુ ભાવસુખ અને ભાવસુખ પ્રાપ્તિમાં સહાયક પૌદ્ગલિક સામગ્રીની જનની છે. સુખનું સાધન છે. દુ:ખનું ઔષધ છે. આજ્ઞા માને એજ આજ્ઞાંકિત, એજ ધર્મી. એજ સમજુ. આજ્ઞા હૈયે ધરી એટલે સાચી સમજ આવી. आणाए धम्मो ધર્મ આજ્ઞામાં છે. આજ્ઞાવિહીન ધર્મ ધર્મ નથી. ગમે તેવો ઊંચો અને સુદર ભલે દેખાતો હોય. શ્રી જૈનશાસનમા માસખમણ કે છમાસી જેવો તપ પણ આજ્ઞાવિહિત રીતે હોય તો જ તેની કિંમત છે, બાકી તો બાહ્યકષ્ટરૂપ હોઇ સ્વરૂપ ફલદાતા બનતો નથી. સર્વવિરતિ કે દેશવિરતિનુ પાલન આજ્ઞાયુક્ત જ જ્ઞાનીઓની દૃષ્ટિએ મંજુર થાય છે. નવપૂર્વી અભવ્યનું નિરતિચાર ચારિત્ર પાલન પણ કોડીકિંમતનું ગણાયુ. કેમ? જિનાજ્ઞા પ્રમાણેના ધ્યેયવાળું નથી માટે જ ને? પુષ્પપૂજા કે જળપૂજા, સ્વામીવાત્સલ્ય કે નોકારશી, ગુરુવંદનગમન કે યાત્રાભ્રમણ

વર્ષો સુધી માસખમણ. અગિઆર લાખ ઉપરાંત માસખમણ વીશસ્થાનક પદની ઉચ્ચતમ આરાધના. સર્વ જીવોને શાસનના-મોક્ષના રસિયા બનાવવાની ભાવના આત્માના પ્રદેશે પ્રદેશે જન્મી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. ઉત્કૃષ્ટ પુણ્યબંધ. તરવા-તારવાની શ્રેષ્ઠ સામગ્રી તીર્થંકરના ભવમાં સુલભ બની.

વિરાગ ઊંચો. ગૃહવાસમાં પણ આત્મ-જ્યોતિ જાગતી. સંસારમા રહેવા છતાં સંસારથી પર. કમળ કાદવમાં જન્મે. જળથી પોષાય, છતાં બન્નેથી નિર્લેપ. સ્વામી સંસારમા જન્મ્યા. ભોગોપભોગમા ઊછર્યા. છતા વાસનાથી નિર્લેપ. ઔચિત્યનો પાર નહિ. માતા પિતાની ભક્તિ હૈયે.

ભગવંત મહાવીર ગર્ભમાં નિશ્ચલ બન્યા. માતાને સુખ ઉપજાવવા, પણ પરિણામ વિપરીત આવ્યુ. માતા ઉદ્વિગ્ન બન્યા. પોતે કમ્પ્યા. હૈયામા અનુકમ્પા-ભક્તિ-બડા થયા. અભિગ્રહ ધારણ કર્યો. માતા પિતા જીવતા દીક્ષા નહિ. કેમ?

જીવતા દીક્ષા લેતા ઘણા અનર્થો જ્ઞાનથી નિહાળ્યા. મોહનીયકર્મ પોતાનુ-સોપક્રમ જોયું. નાશ કરવો હોય તો કરી શકાય તેવુ. તીર્થંકર દેવોનુ ઔચિત્ય લોકોત્તર. અભિગ્રહની અર્ગલા મૂકી. પોતાના નિમિત્તે અનર્થો ન જન્મે એની કાળજી ધરી. લોકોત્તર મહાપુરુષના આજ્ઞાવિહીન અનુકરણ ન હોય. આજ્ઞાબદ્ધ અનુકરણ જરૂર કરાય. છતી શક્તિએ કરવું જ જોઇએ

નાથ જન્મે અને ૫૬ દિગ્કુમારીઓ શુચિકર્મ કરે. — ૬૪ ઇંદ્રો મેરૂપર જન્માભિષેક મહોત્સવ કરે. તન મન

જ્ઞાન ન પ્રગટે ત્યા સુધી ભોંય પર બેસવાનું નહિ. ઊભા ઊભા કે ઊભા પગે ગોદોહી—આસને ધ્યાનમાં લીન—કર્મો કર્યાં સઘળા હીન—ચાર ઘાતીનો ઘાત. આત્માને મહાશાત.

પ્રગટે કેવળજ્ઞાન—ચરાચર વિશ્વનું ત્રણે કાળનું જ્ઞાન-સઘળા પદાર્થના—સઘળા પર્યાયોને—ફેરફારોને જાણે જુએ દેવેંદ્રો સમવસરણની—મહાકાય—અદ્ભુત દેશના મંડપની—ભવ્યાતિભવ્ય રચના કરે. રૂપા—સોના—મણિના ગઢ ત્રણ—રત્ન-ખચિત સિંહાસન—અશોકવૃક્ષ— છત્ર—ત્રય. ચામર ઢાળે ઇંદ્ર. સિંહાસન બેઠા સ્વામી—દેશના દીએ અમૃતધાર ભવનાશિની સાધુધર્મ—શ્રાવકધર્મની.

'ગણધર સ્થાપ્યા વીરે અગિઆર' દ્વાદશાંગી રચે ગણધર તેણીવાર. ત્રિપદી ગ્રહી નાથની પાસ—ઉપન્નેઇ વા વિગમેઇ વા ધ્રુવેઇ વા ઉત્પત્તિ નાશ સ્થિરતા. ત્રણ ધર્મ દરેક પદાર્થના જ્ઞાન મહાકોષ. તે પરથી બારે અંગ, સ્વામીએ આપ્યો રંગ—ગણધર રાખે અભંગ—શાસન સ્થાપ્યું ચંગ. ચૂર્ણમુષ્ટિ નાથના હાથે પામે ગણધર અગિઆર. ઇંદ્રહાથે શોભે થાળ વાસ ચૂર્ણભર્યો વજ્રનો શાસનની આજ્ઞા મહોર મંજૂરી—વિશ્વમાં આનંદ લહરી. પાવન બન્યા ત્રણે લોક.

રાજામહારાજા—શેઠ શાહુકાર— મંત્રી સેનાપતિ—ગરીબ તવંગર સૌ—પામે ઉપદેશ ધાર. બને સંયમી સાધુ—દેશવિરતિધર શ્રાવક—સમ્યગ્દૃષ્ટિ—શ્રદ્ધાળુ આત્માઓ. સંસારને વિષ માનતા પણ ન છોડી શકતા—કેઈક—માર્ગાનુસારી સત્ય અને નીતિ પ્રમાણિકતાને વર્યા. હૈયા સૌએ નાથના ચરણે ધર્યાં. મનડા [illegible]ા—ભાવ મોક્ષનો—સંસાર ટુંકો.

વિશ્વસૌંદર્ય ફેલાવતું ફોરમ ભર્યું ભવ્ય સૂત્ર. **સમ્યક્ત્વને ધારણ કરો.** સમ્યક્ શબ્દ જ કેટલો મીઠો મધુરો છે ? કેવું કામણ અને આકર્ષણ એમા ભરેલું છે ? સમ્યક્ સારૂં રૂડું. સારૂં રૂડું સૌને ગમે ! પણ માઠુ છોડે એને. સારાપણું જેમા ભરેલું છે એવું સમ્યકત્વ કોને ન ગમે ? જેને ગમે તે સંસારમાં ન ભમે. આત્માની મસ્તીમાં રમે. એનું સ્થાન મુક્તિમાં જમે. પછી અનત અવ્યાબાધ આનંદમાં રમે.

સમ્યક્ત્વ પર શાસ્ત્રોના શાસ્ત્રો ભરેલા છે. લાખો શ્લોક ગાથા પ્રમાણ ટીકાઓ પૂર્વપુરુષોએ લખેલ છે. એના ઊંડાણની ગંભીરતાની વિશાળતાની ભારે છણાવટ કરી છે. અરે, આજના યુગના સમર્થ ધર્મ વિવેચક વ્યાખ્યાન વાચસ્પતિ શાસનતેજ સૂરિપુરંદર શ્રીમદ્ વિજય રામચદ્ર સૂરીશ્વરજી મહારાજાએ, એજ સમ્યક્ત્વના મનનમાં ઉપદેશમા અને પ્રભાવક પ્રચારમા સયમના સાઈઠ સાઇઠ વર્ષ, નિર્મળ અને નિર્ભેળ રીતે, પાવન કર્યાં છે. ભવિષ્યમાં પણ સમર્થ મહાપુરૂષો એ જ સમ્યક્ત્વના પાવનકર પાયાપર ધર્મનો ધોધ વહેવડાવતા રહેશે. શા માટે ?

એ જ પાયો છે ધર્મનો. એજ સીડી છે સ્વર્ગની. અપવર્ગ–મોક્ષની. સમ્યક્ત્વ વિના ધર્મ નહિ. ત્યાગ ત્યાગ નહિ. દેશવિરતિ–શ્રાવકપણાની ક્રિયાની કિંમત નહિ. સાધુ-પણું સમ્યક્ત્વ વિના જન્મે નહિ. ખીલે નહિ. ટકે નહિ. ાત્મકલ્યાણકારી બને નહિ. છાર પર લીંપણ નકામુ !

અરિહંત પરમાત્માની આજ્ઞા પ્રત્યેનો હૈયાપ્રેમ પેદા કરે છે. જન્મ મરણાંતક જીવનમાં જ્યોત પ્રગટાવે છે. ઘનઘોર મહાભયંકર મિથ્યાત્વ–અંધકારને દૂર કરે છે.

સમ્યક્ત્વ એટલે મુક્તિ નિઃસરણીનું પહેલું પ્રચણ્ડ પગથીયું. આત્માના ઉત્થાનનો સીધો સરળ સ્પષ્ટ માર્ગ બતાવે સમ્યક્ત્વ. ભવ–ભ્રમણનો અંત આણે સમ્યક્ત્વ, મોહની મુંઝવણુ અને મિથ્યા મતિ ટાળે સમ્યક્ત્વ. શુદ્ધમતિ પ્રગટાવે સમ્યક્ત્વ. મતિ શુદ્ધ બની, સાચો નિઃસ્વાર્થ વિવેક જાગ્યો. આત્માનો બેડો પાર–સંસારથી નિસ્તાર થયો જ સમજો.

આ અનુપમ સમ્યક્ત્વના શાસ્ત્રીય શુદ્ધ ભાષામાં મુખ્યત્વે ભેદ ત્રણુ. ક્ષાયોપશમિક ઔપશમિક અને ક્ષાયિક. કેટલા સુંદર આલ્હાદક નામો છે! આપણે અહીંઆ તેના અતિ ઊંડા વિવેચનમાં નથી ઉતરતા. સામાન્યથી સ્પષ્ટ સમજાય તે રીતે જરૂર વિચારીશુ. બહુ ઊંડા અવગાહન માટે કર્મ-ગ્રથાદિ સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ અને મનન અતિ જરૂરી. ખરેખર એ સાહિત્યનો પૂ. સાધુ મહાત્માદિ દ્વારા અભ્યાસ એ પણુ જીવનનો એક લ્હાવો છે.

અનાદિ કાલથી ઊંધી બુદ્ધિથી આત્મા સંસારમાં ભમી રહ્યો છે. સદ્ગુરૂના ચોગને પામી, સહજ ઉપદેશ સાંભળી, જીવને સ્વરૂપની ઝાંખી થાય છે. મોહનીય કર્મનું દબાણુ ઓછું થાય છે. જ્ઞાનનો ટમટમ દીવડો આત્મામાં પ્રગટે છે. ઉદયમાં આવેલ મોહનીય કર્મનો ક્ષય થાય છે. કેટલાક

કર્મોનો ઉપશમ થાય છે શાંત બને છે એમ ક્ષય એટલે
નાશ અને ઉપશમ એટલે શાંતના કર્મોની થાય છે અને
જે દિવ્યપ્રકાશ આત્મામાં પ્રગટે છે—તે ક્ષાયોપશમિક
સમ્યક્ત્વ છે શુદ્ધ તત્ત્વોની શ્રદ્ધા જન્મે છે આ કરવા જેવુ,
આ નહિ કરવા જેવુ—એવો સ્પષ્ટ વિવેક જન્મે છે આ
હેય જ ગણાય, ત્યાજ્ય છે, આ ઉપાદેય ગણાય, ગ્રહણ કરવા
યોગ્ય છે આચરવા યોગ્ય છે એમ હંગે એમી જાય પરિણામે
શુદ્ધ બુદ્ધિના આરોહનો આ માર્ગ વહેતો થઈ જાય

આ સમ્યક્ત્વના ભાવ એક ફેરા આત્માને સ્પર્શી જાય
તો અર્ધ પુદ્ગલ પરાવર્તથી ઓછા કાળમાં મુક્તિ
નિશ્ચિત અર્ધપુદ્ગલ પરાવર્તકાલ ઘણો ઘણો લાંબો છે છતા
પસાર થએલા અનંતમા ભાગે કાંઈ નથી એક ક્રોડ મા
નવાણુ લાખ નવાણુ હજાર અપઈ ગયા એક હજાર બાકી
રહ્યા. પણ તેટલા આપવા માટે પણ વ્યવસ્થિત પ્રામાણિક
નીતિના ધોરણે મહેનત તો ખરી જ ને !

તેવી જ રીતે સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી સુયોગ્ય વિધિ
માર્ગે પ્રગતિ તો કરવી જ નહીં સમ્યક્ત્વ આવે અને ચાલ્યુ
જાય એમ પણ બને, નફાનો ધંધા પણ ખોટમાં ફેરવાઈ
જાય ને ? પણ સમ્યક્ત્વનો ચાખેલો સ્વાદ સુયોગ્ય સમયે
હાજર થાય જ થાય બારે વર્ષે કેરી જોતા કેરીનો સ્વાદ
યાદ આવેને ! આમા સમ્યક્ત્વ પામ્યો એટલે સઘળુ પામ્યો.
સુગતિ નિશ્ચિત, ભવભ્રમણ ઓછુ—મુક્તિ હાથવેંતમા

આ સમ્યકત્વ પામતા પહેલા **શુદ્ધ યથાપ્રવૃત્તિ કરણ** પ્રાથમિક ઉત્થાન છે. 'કરણ' એટલે આત્માને પરિણામ વિશેષ. સંસાર અસાર લાગવો સત્ય અને નીતિ જ ગમવા–શુદ્ધ વ્યવહારનું પાલન–દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે પ્રેમ. ધર્મના કામોમાં રસ, અર્થ–કામ કરતાં ધર્મની મુખ્યતા વિ. વિ. શુદ્ધ યથાપ્રવૃત્તિ કરણના લક્ષણો છે.

પછી અપૂર્વકરણ જન્મે છે. ભવભ્રમણના અનાદિકાલીન કાળમા જેવા સાત્વિક ભાવ ન આવ્યા હોય એવા આવે. રાગદ્વેષ પાતળા બની જાય. રાગદ્વેષની નિબીડ–ભારે કઠિન–ગાંઠ ભેદાઇ જાય. મોહનીય કર્મ જાતે મુંઝરો ભોગવે. આત્મા મોહની લગામ કબજે કરે. અપૂર્વ આનંદ અનુભવે. રાગદ્વેષને ભયંકર માને. એજ એના શત્રુ. એજ એની ખાનાખરાબી કરનાર, ભવમાં ભમાવનાર. દેખાવમાં મિત્ર બની ભવોભવ ગળું કાપનાર છે બરાબર ઓળખી લે. તેની કારમી અસર પોતા પરથી દૂર કરે.

અંત.કરણ શરૂ થાય. આત્મસ્વરૂપની લહેરો આવે. ઘડીભર, ક્ષણભર મુક્તિ સુખનો આસ્વાદ અનુભવે. નિરંજન–નિરાકાર સ્વરૂપની ઝાંખી થાય.

પછીના 'ત્રણપુંજ' આદિની ક્રિયા વિ. ખૂબ જ રાસાયણિક અને જીવંત અનુભવ પ્રયોગ છે. બલિહારી છે જૈન આગમ–શાસ્ત્રોની, કર્મસાહિત્યની, જેમા ઝીણવટભરી સૂક્ષ્માતિ–સૂક્ષ્મ પ્રક્રિયા, આત્માના પરિણામોની, કર્મો પર થતી તેની અસરની, આકર્ષાઇ ખેંચાતા પરમાણુ–કર્મપુદ્ગલોના સ્કંધોની

શકાય. તેઓશ્રીની લોકભાષામાં છણાવટ, તેના ઊંડા રહસ્ય સ્વચ્છ ભાષામાં સ્પષ્ટ કરવું, તેના હાર્દમાં શ્રોતાને રાખવા, તથ્ય પદાર્થને શુદ્ધ સ્વરૂપમાં રજુ કરવા, અજબ કળા છે. ઊંડા અભ્યાસીને મુંઝવતા પ્રશ્નોના સુખ હૈયા-ઉકેલ એ જ એમની અજબ ચાવી છે.

૨. બીજા ઔપશમિક સમ્યક્ત્વમાં ઉપશમની મુખ્ય છે. મિથ્યાત્વમોહનીયના દળીયા પ્રશાંત બને છે. ત્યાંથી ચઢવું કે પડવુ એ પણ એક રહસ્ય છે. સૈદ્ધાંતિક અને કાર્મગ્રથિક ભેદો પણ સમજીને સરખાવવા યોગ્ય છે. શ્રદ્ધા પ્રબળ બનાવનાર છે. મહાજ્ઞાનીઓને તદ્સ્વરૂપે ઘટાવવામાં જ શ્રદ્ધા-જ્ઞાનની કુશળતા છે ને !

૩ ત્રીજું ક્ષાયિક-સાતે પ્રકૃતિનો ક્ષય-નાશ સર્વ માટે, ભારે અવિચળ શ્રદ્ધા, આત્માના શુદ્ધ પરિણામોની સ્થાયી સ્થિતિ, આ વિશિષ્ટ લાધ્યું પછી એ શ્રદ્ધા ટકશાળી, ફરે નહિ. ફેરફાર થાય નહિ. ઓછપ આવે નહિ. મુક્તિ સ્થાન આપીને જ જપે.

કોઈ વિચિત્ર સંજોગમા, પૂર્વકૃત નિકાચિત કર્મો પાલન ધર્મનુ ન પણ હોય. પણ શ્રદ્ધા ભારે તેજ. હૈ પરમાત્મ-ભાવમા રમતું, સંસારી ક્રિયાઓ કરે પણ રસ ન પૂર્વ-બદ્ધાયુ હોય તોજ નરક-તિર્યંચગતિ. છતાં મે નજદીક. શ્રીકૃષ્ણ મહારાજા, શ્રીશ્રેણિક આદિ ક્ષાયિક સમ્યક્ત્વ જ્વલંત દૃષ્ટાંત છે. શ્રી શ્રેણિક પ્રથમ તીર્થંકર આ

શ્રાવકના જીવનમાં જે હોય જ. તનથી, વચનથી અને મનથી. મનથી તો હોય જ હોય, કારણકે સમ્યક્ત્વને ટકાવનાર-દીપાવનાર આવશ્યક છે. **અવશ્યકરવા યોગ્ય આવશ્યક** સાંજ અને સવાર, કરે તેના પર કર્મ થાય ન સવાર. કર્મો થાય ખુવાર. પુણ્યનો પ્રગટે વ્હુવાળ. ભાવનાનો પેદા થાય થાળ. આત્મા કરવા માંડે કમાલ.

આવશ્યક છ, સામાયિક–ચઉવીસત્થો–વંદન–પ્રતિક્રમણ–કાયોત્સર્ગ–પચ્ચક્ખાણ. છ એ આવશ્યક કર્મને કાપનારા. આત્મભાવનાને પોષનારા, મનની શાંતિને પેદા કરનારા, સમાધિ સુખને સર્જનારા. કરે તે આત્મપોઠી ભરે. ભાવના જોઈએ આત્મોદ્ધારની, કોઈ સંસારી પદાર્થની ભૌતિક લાલસા નહિ જ. અંતરાય પ્રાયઃ તૂટે. સમાધિસર્જક સંપત્તિ ન ખૂટે. આત્માનંદ પોતે લૂંટે.

૧. સામાયિક એટલે સમતાનો વહેતો ઝરો. સમ–સમતા આય–લાભ. એકમના બનો. સમતાનો અખૂટ લાભ મેળવો. ધ્યાન તો અરિહંતનું, જિનેશ્વરદેવનું. જાપ તો ભગવંત અરિહંતનો. મનન તો શ્રી જિનેશ્વરદેવના વચનોનું. વાર્તાલાપ તો ભગવંતના ગુણગાનનો. કાવ્ય–ગીતિ તો નાથના અસંખ્ય-અનંત ગુણોના પુષ્પરૂપે. તત્ત્વચર્ચા તો નવતત્વ કે રત્નત્રયીની. પંચાચાર કે ટાળવા યોગ્ય અતિચારોની, ત્રિપદીની દ્વાદશાંગીમાં ગુંથણીની.

સમય–ટાઇમ ૪૮ મીનીટનો, મઝેનું ઉનનું આસન, મુહપત્તિ અને ચરવળો તો જોઈએ જ જોઈએ. એક–બે–ત્રણ

જેવો. સાધુ પ્રત્યે હૈયા-બહુમાન યુક્ત. ૪૮ મીનીટમાં કર્મોના થોકના થોક નિર્જરે. પુણ્યાનુબંધી પુણ્યની પોઠ ભરે. હૈયે આત્મકલ્યાણનો હર્ષ ધરે. મમતા મરે. કષાયો ઠરે. સમતાના ઝુલે ઝુલે.

મન-વચન-કાયાથી પાપ કરે નહિ, કરાવે નહિ. પાપોથી આત્માને પાછો ખેંચે છે. થએલા પાપોને આત્મસાક્ષીએ નીંદે છે. ગુરૂ સાક્ષીએ ગર્હા કરે છે. પાપયુક્ત આત્માને વોસિરાવે છે. પોતે નિર્મળ બને છે.

મનની નિર્મળતા વિના કોઈ પણ ક્રિયા સ્વરૂપે ફળે નહિ. આત્માને અડે નહિ. સરળતા, મનની સચ્ચાઈ, હૈયાની ઉદારતા આ ત્રણ પ્રાથમિક ગુણો છે. આમાંથી માનવતા ઝળહળે છે. માનવતા સત્યનું આકર્ષણ કરે છે. દેવાધિદેવ તીર્થંકરના વચન-પુષ્પોની મહેક અનુભવાય છે. સામાયિક પર પ્રીતિ જન્મે છે. પ્રીતિમાંથી નાથની આજ્ઞા પ્રત્યે ભક્તિ પ્રગટે છે. બહુમાન અને શક્ય પાલન તરફ ઢાળ ઢળે છે. આજ્ઞાનો મર્મ સમજાય છે. સંયમ પર પ્રેમ પ્રગટે છે. પછી તો સામાયિક પ્રાણથી અધિક પ્યારૂં લાગે છે, સાધુતાનો આસ્વાદ અનુભવે છે.

'કરેમિ ભંતે' સૂત્ર ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વો 'કરેમિ ભંતે' સૂત્રને અગ્રેસર કરે છે. મહાનિર્મળ-સૌમ્ય શીતળ-સુંદર-આત્મવિષહર સુદૃઢ મહામંત્ર છે. વિધિયુક્ત ગ્રહણ-પાલન-પોષણ શું શું ન કરે? કઇ વિદ્યા, કયો મંત્ર કઇ લબ્ધિ તે આત્મા માટે અલભ્ય છે! અનંત શક્તિનો

આત્મા–સર્વ મંત્ર લબ્ધિ વિદ્યા અંદર આવરાએલી પડેલી જ છે સમતાસાગરમા રમતા આત્માને જેટલી જલ્દી પ્રગટે, એટલી જ વાર

એક 'ભંતે' શબ્દ જ મહામંત્ર છે એમા દિવ્યધ્વનિ રહેલ છે પવિત્ર ઉદાત્તઘોષ છે પ્રથમ શબ્દમા દેવાધિદેવ લ્યો' બીજી દેરામા જગદ્‌ગુરુને આંખ સામે રાખો. દેવ–ગુરુ સાથે પ્રતિજ્ઞાના ધર્મ તો ભેગા જ છે 'કરેમિ ભંતે'મા છએ આવશ્યકના દર્શન થઈ શકે

'કરેમિ સામાઇયં' સામાયિક આવશ્યકને પ્રધાનપણે પ્રગટ કરે છે 'ભંતે' શબ્દમા ચઉવીસત્થો' આવશ્યક સમાય 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' પચ્ચક્ખાણ આવશ્યક–ફુટપણું બતાવે છે ફરીથી 'ભંતે' શબ્દ–વંદન–ગુરુવંદન સૂચવી જાય છે 'પડિક્કમામિ'મા પ્રતિક્રમણ આવશ્યક પ્રગટ કરે છે 'વોસિરામિ'–કાયોત્સર્ગ આવશ્યકને આંખ સામે અને અમલમા મૂકે છે આ પરમપવિત્ર સૂત્ર પર તો ગુજરાતી વિવેચનનુ પણ મહાભાષ્ય લખાય. પૂર્વ પુરુષોએ આવા ટીકા–ભાષ્યો સુંદર સુબોધ–શૈલીમા, સંસ્કૃત–પ્રાકૃતમા આલેખી પરમોપકાર કર્યો જ છે

આ સામાયિક આવશ્યક સમતાગુણને જન્માવી–ખીલવી–પોષી–ટકાવી, આત્માની મસ્તી મનાવે છે મનને આનંદ વિભોર બનાવે છે તેના પ્રણેતા શ્રી જિનદેવની સ્તવનામા લયલીન બનાવે છે તે દેવાધિદેવની ઓળખ કરાવનાર ગુરુદેવો પ્રત્યે હૈયું ન્યાછાવર થાય છે વંદન–

વૈયાવચ્ચ–ભક્તિમાં આત્મા લાગી જાય છે. તે પુણ્યપુરૂષોના ઉપદેશે આત્મા **પાપોથી**–પાપવ્યાપારોથી–સાવદ્યયોગોથી **પાછો હઠતો** રહે છે. દેહનું દમન કરવા પ્રેરે છે. દુઃખો હસતા મોઢે સહન કરવાની તાકાત આપે છે, સુખોને શ્રાપ માને છે. કાયાનો–કાયાના સુખશીલીયાપણાનો–**ઉત્સર્ગ–ત્યાગ** કરતાં શીખી જાય છે. અનેક નિયમો–અભિગ્રહો–વ્રતો ધારણ કરે છે. **પ્રતિ–આખ્યાનમાં** કુશળ બની જાય છે. પાંચ મોટા આશ્રવનો ત્યાગ કરી સયમ સ્વીકારે છે. પાંચ મહા-વ્રતોને ધારણ કરી, પંચાચારમાં રક્ત બને છે. શાસનનો શ્રી જિન–આજ્ઞાનો પરમ ભક્ત બને છે.

આવો આત્મા લોકહેરીમાં લોભાતો નથી. કીર્તિ–માનની ખોટી લાલસામાં ખેંચાતો નથી. કષાયોમાં લેપાતો નથી. પ્રશસ્ત કષાયોનો સમયે ઉપયોગ કરી, શાસન સેવા કરવામાં પાછો પડતો નથી. સિદ્ધાંત–રક્ષા એનો જીવનમંત્ર બને છે. મોહનો મારક, આત્માનો તારક, સાચો સમર્થ શાસન–સુભટ બને છે. ઉદારતા–ક્ષમા–સુવિચારણા–અનુકંપા–ઔચિત્ય ગુણો ઝળહળી ઉઠે છે. આ છે સામાયિક !

૨. ચઉવ્વીસત્થો–ચતુર્વિંશતિસ્તવ – ચોવીસે જિનેશ્વરદેવોની સ્તવના : ભગવંત રૂષભદેવથી ચોવીસમા તીર્થપતિ ભગવંત મહાવીરદેવ. આ અવસર્પિણી કાળના ચોવીસે તીર્થંકર ભગવંતોની ભાવભરી સ્તવના 'લોગસ્સ' સૂત્રમાં છે. લોકમાં જ્ઞાનોદ્યોતને કરનારા, ધર્મતીર્થના સ્થાપક છે. તીર્થ–શાસન–આજ્ઞા સર્વ જિનેશ્વરદેવોની એકજ, કર્મરૂપી

અનંત ભૂતકાળમાં. વીશ વિચરી રહ્યા છે મહાવિદેહમાં. અનંતા થશે ભવિષ્યમા. તે સર્વશ્રેષ્ઠ પરમોપકારી ભગવંતોને, નમસ્કાર–વંદના, તેઓશ્રીની સ્તવના–કીર્તન.

પરમાત્માનો ભક્ત સાચા રાહે પરમાત્મા બને. કર્મના સઘળા મળને દૂર કરે. પરમા ભક્તિ અનંતશક્તિને પ્રગટાવે. મોહ દૂર. આત્મા રહ્યો નહિ ક્રૂર, પ્રગટ્યું નિજનું નૂર. આ છે સ્તવનાનું શૂર. આત્મા આનંદ ભરપૂર, ભાવનાનું ચઢે પૂર. **ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.**

વંદન સાથે જ માયાનું નિકંદન. માયા મોટું શલ્ય, કાટો વાગે નીકળી જાય. માયા કાટો દૂર થવો સહેલ નહિ. વંદન સરળ હૈયાનું, ભક્તિભર્યું હોવું જોઈએ. વંદન આત્મા માટે ચંદન છે. સુગંધ આત્મામાં ફેલાવે. શીતલતા આત્માને આપે. વંદન ભવનું નિકંદન કરનાર છે. ભવ–પાશથી ક્યારે છૂટાય ? મોહ–માયાનો નાશ થાય ત્યારે.

સરળભાવે, ગુરુ પ્રત્યેના બહુમાનપૂર્વક, કાયા નમે. બે હાથ, બે ઘુંટણુ અને મસ્તક જમીનને સ્પર્શે. હૈયાનો ઉલ્લાસ અને આનંદ વધતો રહે. આ છે પંચાંગ ખમાસમણુ. આ છે ગુરુવંદન. ગુરુ તારક છે. આત્માના ઉદ્ધારક છે. ભવપાર ઉતારનાર છે. સન્માર્ગના ઉપદેશક છે. સદ્ગતિમાં સ્થાપનાર છે. મુક્તિ પ્રાપ્તિમાં સહાયક છે.

ગુરુ દીવો, ગુરુદેવતા, ગુરુવિન ઘોર અંધાર,
ગુરુવાણીથી વેગળા, તે રઝળે બહુ સંસાર.

વંદનમાં સુખશાંતિ પૂછાય છે. રાત્રિદિવસ સુખે એટલે

સમાધિમા–આત્માની નિમળતામા પસાર થયા ? એમ પૂછાય
છે શરીરના સ્વાસ્થ્યની સભાળ લવાય છે ઔષધિ આદિની
જરૂરીયાતે, તેની સવ થાય છે સયમયાત્રા–વ્રતપાલન–
પાચસમિતિ–ત્રણગુપ્તિ–પ ચાચ રની યાદ અપાય છે આહારાદિ
માટે નિમ ત્રણ થાય છે

આ છે શ્રી જૈનશાસનની નિદાપ નિરાગી ભાવભરી
તા ક પ્રક્રિયા પછી 'અભ્ભુટ્ઠિઓમિ' સૂત્રથી અવિનયાદિ થયેલ
દોષનો મિથ્યા–દુષ્કૃત અપાય છે વીતરાગ શાસનની પ્રક્રિયા
સૂક્ષ્મ છે સૂક્ષ્મ દોષોનુ પણ સશોધન કરાય છે શિષ્ય
ગુરુ સમક્ષ ખુલ્લો એકરાર કરે છે આહાર–પાણી–વિનય
વૈયાવચ્ચ–સેવા ભક્તિ, આલાપ–સલાપમા જે ભૂલ થઇ
હોય, ખામી રહી હોય તેની ક્ષમા માગે છે ગુરુથી ઉંચા
આસને બેસવામા, સમાન આસને બેસવામા, વચ્ચે બોલવામા,
ઉપરવટ થઈને બોલવામા, જે અવિનય તેની માફી માગ છે

આવા વિનયી શિષ્યોનુ વદન, માયા કપટ કલ્પિત જ
હોય સારા દેખાવા કે ખાલી ગુરુને રાજી રાખવા વદન
નથી વદન છે આ માથી કર્મોને છૂટા પાડવા નમ્રતા ગુણ
ખીલે છે અભિમાન નાશ પામે છે વિનય વધે છે મન
નિમળ અને આત્મા ઉન્નત બને છે વ્યવહારમા પણ
'નમે તે સૌને ગમે' પણ અહીયા વદનમા તો નમનારને
–વદન કરનારને પોતાને પોતાની આ સુદરક્રિયામા ઉલ્લાસ
જન્મે છે મન આનદ અનુભવે છે હૈયુ ભાવ તરબોળ બને છે
પ્રતિક્રમણ–આ છે ચોથુ આવશ્યક જૈનધર્મમા

આબાળવૃદ્ધ પ્રસિદ્ધ, સવારે અને સાંજે, પંદર દિવસે, ચાર મહિને, બાર મહિને—એમ પાંચ પ્રકારે થાય. ૧ રાઈ પ્રતિક્રમણ સવારમાં રાત્રિ સંબંધી પાપોથી પાછા હઠવાપણું. દોષોને યાદ કરી તેનો પશ્ચાત્તાપ કરવાનો. ૨—દેવસી—દિવસ સંબંધી દોષોની આલોચના અને યાદ. ૩. પાક્ષિક પંદર દિવસમાં થએલ પાપોનું પરિમાર્જન દર ચતુર્દશી—ચૌદશે. ૪. ચોમાસી કા. સુ. ૧૪, ફા. સુ. ૧૪. અષાડ સુ. ૧૪—એમ ત્રણ ચાતુર્માસિક પ્રતિક્રમણ. ચારે માસમા થએલ ક્ષતિઓની ક્ષમા—યાચના, ફરીથી તેવા દોષો નહિ કરવાની હૈયા—ઇચ્છા. ૫. સાંવત્સરિક—ભાદ્ર. સુ. ૪—મહાપર્વ. પર્યૂષણાપર્વનો છેલ્લો દિવસ. નિર્મળતાનું વહેતું ઝરણું. જૈનોનો મહાપવિત્ર સર્વોત્તમ દિવસ—વર્ષભરમાં થએલી ભૂલોનો પસ્તાવો. પરસ્પરના ઝેર—વેરને વિસરવા, મૈત્રીભાવનો પુનર્પ્રવાહ. તન—મન—આત્માની નિર્મળતા. પ્રાપ્ત ધનની ધર્મમાર્ગે સફળતા.

વિશ્વના કોઇ ધર્મ કે મઝહબમાં, કોઇ ઇઝમ કે સંપ્રદાયમાં, આવી અનુપમ વ્યવસ્થા 'પાપથી પાછા હઠવાની' દેખાશે નહિ. અનુભવાશે નહિ. સર્વજ્ઞ શાસનની આજ ખૂબી છે. પાપભીરૂતા અને પાપોથી દૂર થવું એજ ધર્મનો મર્મ. **કર્મને હણવા અને હિંસાથી દુર રહેવું.** પ્રતિક્રમણને ઉભયટંક આવશ્યક તરીકે વિશેષે કરીને ઓળખવામાં આવે છે. કેમ ભાઈ આવશ્યક કરો છો કે? સવાર અને સાંજ બન્ને ટાઇમ ?

રસ્તે ચાલતાં થયેલ પાપોનું—દોષોનું પ્રતિક્રમણ—મનથી—

વચનથી-કાયાથી થએલા-કરેલા-કરાવેલા અને અનુમોદન
કરેલાનું પણ ૮૪ લાખ જીવાયોનિમાંથી જે કોઈ જીવ હણ્યો
હોય, હણાવ્યો હોય, હણતાની અનુમોદના માનસિક રીતે
કરી હોય, વચનથી વાણી દ્વારા કરી હોય, કાયાની ચેષ્ટાથી
કરી હોય, બધાનો પસ્તાવો સર્વની ક્ષમા માગવી સર્વને
પોતા તરફથી ક્ષમા આપવી અઢાર પાપ થાનકની આલોચના
કરું નહિ કરાવું નહિ-કરનારને સારા ગણું નહિ જોકે આ
ત્રીજો ભાગ મોટે ભાગે સાધુ મહાત્માઓ માટે છે

૧ પ્રાણાતિપાત - હિંસા [illegible] માટે જુઠું
બોલવું-ખોટી સાક્ષી ભરવી [illegible] ચોરી [illegible] જુઠથી
બચવા ચોરીને તિલાંજલિ આપવી જ પડે. ૪ મૈથુન
ઓનેવન-[illegible] નિવાર એ [illegible] ના [illegible]થી બચે અને
૫ પરિગ્રહ-પૈસો-ધનદોલત-સંપત્તિ-સ્થાવર જંગમ મિલ્કત
ખાતર થતા, ઘણા ઘણા પાપોથી બચી જાય જર-જમીનને
જોઈએ, તણુ [illegible]યાના ઢોર એની પરવા નહિ એને
છોડે તેનું [illegible] બને [illegible] [illegible] [illegible] પર પાપનો લેપ નહિ
પાપના લેપ વિનાને સત્તાનો કેફ ચડે નહિ [illegible] અને સત્તાથી
પર, તેનું [illegible]માં થાએ [illegible] લાલસાઓથી બને પર, એના
હૈયામાં આવશ્યક [illegible] ઘર [illegible] જીવનમાં પણ પાપોથી
બને પર કોઈને ના કહે 'મર' પોતે [illegible] સૌને [illegible] [illegible]ને
મારે [illegible]થી ના [illegible] કુમાર્ગે જતા સૌને વારે

૬ ક્રોધ ગયો કે ઠીક થયો ૭ માનના [illegible]માં
ચડે નહિ અભિમાનથી [illegible] બને નહિ ૮ પછી માયા-

કપટનું કામ નહિ. કારણકે ૯. લોભ પાતળો પડી ગયો, અરે! મરી જ ગયો. ૧૦. રાગ હવે શેને માટે? સંસાર ગમતો નથી. આત્મા સંસારમાં રમતો નથી. દેહ સંસારમાં, મન મોક્ષમાં. ૧૧. દ્વેષ તો બીચારો જ બની ગયો. દ્વેષ કોઈ પર કરવાનું કારણ ન મળે. પછી ૧૨. ક્લેશને બીચારાને ક્લેશજ થાયને? એનો ઉપયોગ જ નહિ. જાય ભાગ્યો, જાય ભાગ્યો. કલહ. કલહનું બીજ રાગદ્વેષ, મમતા–મોહ પાતળા પડી ગયા, કલહ કરવો કયી વસ્તુ માટે? સર્વજીવો પ્રત્યે સમભાવ વસ્યો હૈયે, કલહ કરવો કોની સાથે? ક્લેશ બીચારો બની ગયો. ૧૩. અભ્યાખ્યાન ખોટું આળ ચઢાવવું. શા માટે? સ્વાર્થ માટેજને? સામલાને હલકો પાડવા માટેને? પણ પેલો સમભાવ સગાભાઈ જેવો. દુશ્મનને પણ દાટી આપવા ના પાડે. પછી ખોટું કલંક તો આપવાજ કેમ દે? એક જાય અનેક મારે. ૧૪. પૈશુન્ય–ચાડી–ચુગલી હવે તેનું સ્થાન જ કયાંથી રહે? એમાં આત્માને રંગજ ન આવે. પરસ્પર લઢાવવાની નારદવૃત્તિ ખલાસ થઇ. સૌનું શ્રેયસ હૈયે વસ્યું. ૧૫. રતિ–અરતિ. સંક્લેશનું ઘર. આત્માને ઠરી –જંપીને બેસવા ન દે. ઘડીમાં આનંદ ઘડીમાં શોક, બંનેમાં પાપનો બંધ. રાગે બન્યો આત્મા અંધ. દ્વેષ આવવા ન દે સત્યની ગંધ. કર્મોનો પડે મહાબંધ. એ પાપને હવે દીધો બંધ. કરી અટકાયત. ૧૬. પરપરિવાદ. પારકી નીંદા કરવાની ટેવ તો નંદવાઈ જ ગઈ. લાભ કાંઈ નહિ. તોટાનો પાર નહિ. પરમેશ્વરનું નામ નહિ. સારાએ ગામની પંચાતનો પાર નહિ. પાપ પલ્લે પડે ભારોભાર. લોક ભંડે, રાજા

દડે. માટે જ શાણા આત્માએ આ વ્યાપક પાપનેજ દડ
દઈ દેશપાર–તડીપા– કરી દેવા જોઇએ. ૧૭ માયામૃષાવાદ
માયા અને મૃષા, જુઠ અને ગૂઢ બે મળે એકઠા, એટલે ગોઠવે
મોગરાબાજી એમા આ મા નાજી તો સમજો બન્યો પાજી
એમા ધમ નામ ન નાજી, માટે બુદ્ધિ બનાવો સાજી માયા
મૃષાને કાઢો હાકી એમ્તો બોલવુ જુઠુ અને પાછુ–માયા
કપ– પૂર્વક નરમવાસની ભૂમિકા, તિર્યંચગતિનુ તેડુ ઉપલા
દોષ ગયા એટલે આ દોષ તો ઉભો જ ન રહે. ધમી
આત્મા ત ક કરેકે જ નહિ ૧૮ મિથ્યાત્વશલ્ય સર્વ
પાપનો જનેતા બાપ મહાભયક ભોગિ ગ–સાપ સૌને–
સારા–જગતને એતો આપી થાપ. એજ કરાવે બધા પાપ
મહાક્રૂર–ઘાતકી કાટો સાચને સાચ માનવા દે નહિ જુઠને
જુઠ તરીકે ઓળખવા ન દે સ સાર અસા– સમજવા ન દે
ભૂડો સ સાર રૂપો લગાડે. અન તસુખ-થાન મોક્ષ તરફ નજર
ન જવા દે આને માન તે આત્માને તારે. સમ્યગદષ્ટિ
પાને સત્ય એને સાપડે સત્યનો ભેખધારી બને સમતા
રસમા ઝુલે. મમતા મ– સવ દુ ખો ટળે, મુક્તિ એને
મળે જ મળે

ચોરાસી લાખ જીવાયોનિની સ્પષ્ટ સમજણ અને
વિવરણ મળે માત્ર–જૈન આગમોમાજ એની શુદ્ધ સમજ
અને સર્વાંગી સ કલના વિશ્વના કોઇ દર્શન–ધર્મ–મઝહબ
કે ઈઝમમા નહિ જ મળે. પણ સામાન્યથી ચોરાસી લાખ
શુ છે? એ પ્રાપ્ત થવુ પણ મુશ્કેલ આ તત્ત્વ સમજ્યા
સિવાય ‘અહિ સા’નુ અનુપમ પાલન કયાથી? સ સારનુ

વિકૃત સ્વરૂપ સમન્વય ક્યાંથી ? આ છે એક મહાવિજ્ઞાન, સર્વજ્ઞ ભગવંત અરિહંત પરમાત્માઓએ પ્રકાશેલું. એનો પ્રકાશ પામે તે ધન્ય ! પ્રકાશ પમાડે તે ધન્યાતિધન્ય !

શ્રાવકગણ માટે 'વંદિત્તુ સૂત્ર' અને ત્યાગી, પંચ મહાવ્રતધારી, પૂજ્ય મહાત્માઓ માટે 'પગામ સજ્ઝાય' એટલે પશ્ચાત્તાપનું પવિત્ર ઝરણું. વિશ્વ–વાત્સલ્યનો અમૃત કુંડ. એક એક પાપને યાદ કરવું–એક એક દોષનો ખ્યાલ કરવો. ફરીથી તેમ ન બને તે માટેની કાળજી. વ્રત–નિયમ –અભિગ્રહ–પચ્ચક્ખાણની દઢતા કરવી. કરવા યોગ્ય શું ? ન કરવા યોગ્ય શું ? તેનો વિચાર વિનિમય. (૧) સાથેજ કરવા યોગ્ય ન કર્યું. (૨) ન કરવા યોગ્ય કર્યું. (૩) અશ્રદ્ધા જન્મી હોય સર્વજ્ઞ અને તેઓશ્રીના શાસ્ત્રવચનમાં. (૪) શાસ્ત્ર વચનથી વિપરીત ઉચ્ચારાયું હોય. આ ચારે માટે મુખ્ય તયા પ્રતિક્રમણ અતિઆવશ્યક

'પગામ સજ્ઝાય' એટલે ઝીણવટભરી પવિત્રતા, સાધ્વાચારની સુંદર યાદ. મર્યાદાનો પાકો ખ્યાલ, અતિચાર–દોષોનું પરિમાર્જન. ફરી ન સેવાય એની જાગૃતિ–'જાગતો રહેજે'ની સ્વ આત્માને આલબેલ. મોક્ષ પામવો બની જાય સહેલ. રાગદ્વેષ ના કરે ગેલ. જાય અનાદિનો મેલ. બને પરમાત્માનો લાલ. વાસના ન કરે ધમાલ. પ્રતિક્રમણ કરે કમાલ.

આ બધામાં ભળે હૈયાનો આનંદ–તે પ્રાપ્ત કરાવે પરમાનંદ. ભાવનાનો ઉત્કર્ષ–મુક્તિનો જામે રસ. દેખાયે સત્ય ધર્મનો કસ. પોકારે ભવ્યો માટે સંસારમાં ન ફસ.

આત્મા જાગે. પાપો ભાગે. એ આ માનદના બાગે વાસ
- મુનિના મહાલયે.

કાઉસ્સગ્ગ માયાનો ઉત્સગ-ત્યાગ કાયામાં માયા
નહિ પણ એટમ શે છોડાય છોડવી? પણ તે છૂટે કેમ?
અનાદિના કર્મ જડી બેઠે પણ આત્મામાં સાર જાગે
ધીમે ધીમે પાડ ટેવ ૨ મીનીટથી ૨૦ મીનીટ અને
બાવીસથી બત્રીસ દેહને ભેટેગ મન માં નહિ જ્યા-
ત્યા લગાર ધ્યાન અરિહંતનુ આંખ નાસિકા પે દે સ્થાપના
ચાર્યું પ યોગ નાકે ક્રિયા નો તનમન ધ ભાવી દે અકબર
બાદશાહ પ્રતિબોધક-જગદ્ગુરુ, ચારિત્ર ચૂડામણિ, સુવિહિત
નામધેય, પ્રાતઃસ્મરણીય આરાધ્યપાદ શ્રીમદ્ વિજયહીર
સૂરીશ્વરજી મહારાજ જૈન શાસનના ઝગમગતા સિતારા તેજ
કરે કાઉસગ્ગ કેટલો? ૩૫૦ લોગસ્સનો જેટ ક્રમ -૮૦
૯૫ ની વધી ગયા એક દા શિષ્યોને કહે કરો ભલો મને
શિષ્યો મુઝાયા પણ ઉજાજ મહેનતે પૂર્ણ કર્યા

વિચારો અમૃત જેવા કાળ અનાદિથી આ દેહ જ
બનાવ્યો અનંત અનંત યાતનાઓ, વિવિધ વિવિધ દુઃખ-
દશિઓ, નરકાદિના કારમા અધ્યવણીય દુઃખો, પશુ-પક્ષીના
જન્મ, મનુષ્યમા દરિદ્રતા અને અપમાન, દેવભવમા દ્વેષ
અને ઈર્ષ્યા, આ બધુ આ દેહને કાજે હવે એનાથી મોક્ષ
સાધુ-જન્મ મરણના ફેરા ટાળુ અદેહી-અજન્મા બનુ
શાશ્વત્-અનંત સુખના ધામે જઇ વસુ નિરંજન-નિરાકાર-
પરમાત્મા બનુ

કાયાની માયા છૂટે. આત્માનંદ લૂંટે. આતમ લક્ષ્મી પ્રગટે. ખૂટી કદી ન ખૂટે. કેવળજ્ઞાનની જ્યોત પ્રગટે. અને કોની જ્યોત પ્રગટાવે. કાયોત્સર્ગ સંસારના ઉત્સર્ગમાં પરિણમે. બાહ્ય–અભ્યંતર સંસારનો ત્યાગ. પ્રગટે પરમાત્મ રાજ્ય

મેરો મન મલકે, મેરો જીવ તલપે–જિન તેરે ધ્યાનમેં
કર્મ કઠીન ઝિપે, પાપ અમાપ ખપે ,,
અમૂલ મુક્તિ મિલે, સુખ અનંત લિયે ,,
ધ્યાનાનલ પ્રગટે, કેવળ જ્યોત જળે. ,,

પચ્ચક્ખાણ–પ્રત્યાખ્યાન. પાપને પડકાર–પુણ્યપ્રાપ્તિનો ઓંકાર. પુણ્યનું પાચન. નિર્જરાનું અપૂર્વ સાધન. આશ્રવનો રોધ. સંવરનો ધોધ. જીવમાંથી જાય ક્રોધ. માન માયાનો વિરોધ. લોભને ક્ષોભ. પચ્ચક્ખાણ એટલે તપ. બાહ્ય અને આંતર તપથી નિર્જરા. નિર્જરાથી મોક્ષ. માટે પચ્ચક્ખાણ આવશ્યક રૂડું અને રૂપાળું.

પચ્ચક્ખાણ–નોકારસીથી માંડી ઉપવાસ. છઠ્ઠ–અઠ્ઠમ યાવત્ છમાસી. દુવિહાર–તિવિહાર–ચોવિહાર. ગંઠસી–વેઢસી મુઠસી. અનેક પ્રકારના અનશન–પાદપોપગમન વિ. અનેક શાસ્ત્રે સૂચવ્યા વિધિ અને અપવાદ સહુના. શાસન નાથનું કરૂણા–ભાવકરૂણાથી ભર્યું ભર્યું. બિચારા–બાપડા અનંત આત્માઓ. ભવસાગરમાં રખડે. અનંત–અનંત દુઃખોથી સબડે. વાસનાઓના પાપેજ તો. વાસના પર લાવવો કાબુ. પચ્ચક્ખાણ એજ સાચો કાબુ.

કરેણા અને તે અન તજ્ઞાની અરિહંતની, પચ્ચક્ખાણ લે અને ચૂકે, અનાદિની વાસના જોર કરી જાય મોહરાજાના સુભટો ભમાવી દે રાખ્યા આગારો જેથી ભંગ ન થાય પચ્ચક્ખાણનો. હાથ ન બની જાય અધ્યાત્મ આલોચના-પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્તના વિધાન સુંદર સુદૃઢ અને તારક ભાવથી ભર્યા ભર્યા ધન્ય જિનશાસન ! ધન્ય રત્નકુક્ષી જિનની જનેતાઓ !

પચ્ચક્ખાણ-આવશ્યક આવા સુંદર સુયોગ રૂપમાં, વિશ્વના કોઈ ખૂણે શોધ્યુ ન જડે સિવાય જૈનશાસનની રજિયાત આલમમાં પાપથી બીતા હો આશ્રવ-કર્મના પોષથી ચેતતા રહો પગેપગે પાપના પરમાવ્વી જાગતા હો આવું એલાન આવો ઘંટનાદ ગાજે રહેલ છે પચ્ચક્ખાણમાં

અનાદિ કાલની વળગેલી કુટેવો દૂર કરવાને માટે બીજો રાજમાર્ગ નથી વાસનાના ભૂતને નાથવા માટે પચ્ચક્ખાણ એજ મોટામાં મોટું સાધન છે ઇંદ્રિયો રૂપી તોફાની અશ્વોને માટે એજ મજબૂત લગામ છે મનરૂપી હાથીને વશ કરવા એજ સાચો અંકુશ છે 'મન જીત્યુ તેણે જગત જીત્યું ' પચ્ચક્ખાણ આત્મ પ્રગતિનું પારમાર્થિક આવશ્યક સાધન છે

આ રીતે આવશ્યક આત્મ-રમણના પેદા કરી, પ્રભુશ્રીના પાવન માર્ગમાં સ્થિર કરે છે અનાદિના કર્મસમૂહને સાફ કરી નાખે છે નવાન બહુ ઓછો અવકાશ રહે છે ધ્યાનની ભૂમિકા સ્વચ્છ અને સુદૃઢ બને છે ધર્મ ધ્યાનમાંથી આત્મા

શુક્લધ્યાનમાં પ્રવેશે છે. શ્રેણિનું મંડાણ થાય છે. વીતરાગ દશા પ્રગટે છે. ક્ષીણમોહી બનતાં કેવળજ્ઞાનની સાર્વભૌમ જ્યોત પ્રગટ થાય છે. અનંત જ્ઞાન-અનંત દર્શન વડે સર્વજ્ઞ માર્ગ પ્રસરિત બને છે. અનેકાનેક ભવ્યાત્માઓનો સંક્લેશ-મહાદાવાનલમાંથી ઉદ્ધાર થાય છે. સમતારસનું રાસાયણિક પાન મળે છે. મુક્તિમાર્ગે પ્રયાણ થાય છે. સચ્ચિદાનંદ સ્વરૂપે સિદ્ધશિલાના ઉપરના ભાગમાં સ્થિર થવાય છે. અનંત અનંત કાળ માટે સદા નિરૂપાધિક અનંત સુખમાં વિલસતા ધ... આવશ્યક !

પવ્વેસુ પોસહ વયં.

પર્વને દિવસે પૌષધ. પર્વ અને પૌષધ. અનાદિકાલના રાગ-દ્વેષની ગાંઠને વિદારવા માટેના વિશિષ્ટ મુકરર દિવસો તે દિવસોએ આત્મા પુષ્ટ બને તેવી આજ્ઞાયુક્ત વિધિ બહુમાનપૂર્વકની વિશેષ ક્રિયા. ધર્મ તો સદા થાય. સર્વ કરવો જોઇએ. પણ સઘળા આત્માઓનો વીર્યોલ્લાસ તેટલે તેજ ન હોય. સંસારી ગૃહજીવન જીવતા માટે શકયતા પણ ઓછી. તેવા આત્માઓ-પણ આત્મલક્ષી બની શકે, લક્ષ્ય વિશેષ દૃઢ અને નિર્મળ બની શકે, તે માટે મહાન પૂર્વ પુરુષોએ પર્વ તિથિઓની પ્રરૂપણા કરી. તેમાં આયુષ્યનો બંધ આદિ પ્રાયિક કારણો પણ સમજાવ્યાં. તે દિવસોમાં સંસારના આરંભ-ઓછા. હિંસક કાર્યોનો પણ ત્યાગ. ૧૨ કે ૨૪ કલાક સાધુ જેવું જીવન. એકાસણું કે તેથી વિશેષ તપ. ઉભયટંક પ્રતિક્રમણ. પડિલેહણ વસ્ત્રાદિનું. દેવવંદન ત્રણે

ટાઈમ. સ્વાધ્યાય-દેવદર્શન-અપ્રમત્તતા-વ્યાખ્યાન-શ્રવણમા સમયનો સદુપયોગ પાચ સમિતિ, ત્રણ ગુપ્તિનુ પાલન. સસારના કાર્ય કરવા-કરાવવાનો અને અનુમોદવાનો કાયાથી અને વચનથી ત્યાગ. ધર્મવાચન અને શ્રવણ વિ વિ

સયમ-દીક્ષાની લાલસાનુ પ્રતિક છે પૌષધ પરમા ત્મભાવને પેદા કરે-જગે-જગાવે-વૃદ્ધિ-પમાડે પરમપ પ્રાપ્તિના માર્ગે ચઢાવે ધર્મ ક્રિયાના-ત્યાગના સસ્કાર ટકાવી રાખે બાલકો પ્રેમે આદરે-યુવાનો પણ માગ માં જોડાય વૃદ્ધો સૌના પ્રેરક બને બાલ્યવયથી સયમના ભાવ જાગૃત કરવા માટેનુ અણમોલ ઔષધ છે પૌષધ મોક્ષ માગની પીમી પગવી જ કહોને!

શ્રાવકના બાર વ્રતમા અગિયારમુ વ્રત પૌષધ છે શિક્ષાવ્રત તરીકે ઓળખાય છે ખરેખર પ્રેક્ટીકલ-ક્રિયાત્મક શિક્ષા એમાથી મળે છે જ્ઞાન-ધ્યાન અને સાન ત્રણે ખીલે છે સસાર ભૂલાય છે મોક્ષની યાદ તાજી બની રહે છે

દાન

દાનમા દેવાનો ભાવ છે લક્ષ્મીનો ત્યાગ છે અસાર લક્ષ્મીનો સારભૂત ઉપયોગ છે દાનની પાછળ ઉદા તા ગુણ ખીલે છે ઉદારતા સર્વગુણોની માનસિક ભૂમિકા છે તન-મન-ધન ત્રણેની દયા-ઉદારતા દાનગુણને ખીલવે છે કજુસને પણ દાનની વૃત્તિવાળો બનાવે છે ન દેવાય તો પણ દેયે દુખ ધાન્યુ કરનો બની જાય છે

થી જૈનશાસનમા દાન ગુણને મુખ્ય સ્થાન છે વિશેષ

કરીને ગૃહસ્થો માટે સુપાત્રદાન સર્વોત્તમ છે. સત્પાત્ર ભગવંત અરિહંતની સ્વદ્રવ્યથી પરમાભક્તિ–સુસાધુ–સાધ્વીની વૈયાવચ્ચ અને આહાર પાણીથી પ્રતિલાભવા. ઔષધ–ભેષજ પૂરા પાડવા. વસ્ત્રપાત્રની જરૂરિયાતનો વિધિપૂર્વક ખ્યાલ રાખવો. સાધર્મિકોની વિશિષ્ટ ભક્તિ કરવી. દ્રવ્ય–ભાવથી સ્થિર કરવા વિ. સુપાત્રદાનના ઘણા ભવ્ય ભેદો ગણાવી શકાય.

અનુકંપાદાન શાસનનો શણગાર છે. દ્રવ્યદયા અને ભાવદયામાં દ્રવ્યદયા સાધન છે. ભાવદયા સાધ્ય છે. તરસ્યાને પાણી, ભૂખ્યાને અન્ન, નવસ્ત્રાને વસ્ત્ર વિ. દ્રવ્યદયા આત્માના કરૂણા ગુણનું રક્ષણ કરે છે, ખીલવે છે. વિકસાવે છે.

અનુકંપાદાનમાં રાગદ્વેષની વૃત્તિ ન હોવી જોઈએ. મામકો–પારકો ન ગણવો જોઇએ. ગુસ્સાથી–તિરસ્કારથી કે કંટાળીને આપવાની વૃત્તિ ન હોવી જોઇએ. જીવો કર્માધીન છે. મહેનત કરતાં પણ ન મળે. શરીર તગડું હોય પણ કામ જ ન મળે. આવા તો સેંકડો હજારો દાખલા આંખ સામે રોજીંદા અનુભવાય છે. માટે આપવુ જરૂર, પણ તિરસ્કાર વૃત્તિને દેશવટો જ આપવો.

ઔચિત્યદાન એ તો અનુકંપાદાનની જેમ ભૂલી જ જવાયું છે. પોતાને ઘેર ધાર્મિક કે વ્યવહારિક પ્રસંગ હોય, નિકટના સંબંધી વર્ગને યાદ કરી યોગ્ય તે પહેરામણી આપવી. દાસદાસી, નોકર–ચાકરને વેતન કરતાં સવાયું બમણું આપવું. આમ કરવામાં ધર્મની, ધર્મીની બોલબાલા છે. કીર્તિ તો બિચારી પાછળ ઘસડાઈ જ આવે છે.

શીલ

શીલ આત્માને શૌનલના આપે શીલ–સ્વભાવ આત્મ ભાવને જગવે છે શીલ–શિયલ બ્રહ્મચર્યના અર્થમા વધુ ઓળખાય છે બ્રહ્મચર્ય શબ્દ જ આત્મસ્વભાવલ ી છે બ્રહ્મ શબ્દ પરમાત્મભાવનો સૂચક છે એમા ચર્યા–રમણ આનદ પ માત્મભાવને પેદા કરે છે તે ભાવને જગવવા, મજબુત કરવા, માનસિક–શારીરિક બ્રહ્મચર્યની મૈથુન–ત્યાગની સ્ત્રીપુરુષ સબધ ત્યાગની, અતિ અતિ ગાઢ જરૂરીયાત છેજ છેજ શરીરની ચાગ્ન–રહના–તર સ્ત્રીપલુ સાતે ધાતુઓની સમતા પર અવલબે છ તેમા–વીય–શુક્ર નામની સાતમી ધાતુનુ રક્ષણ મનોબળને દઢ કર છે દ મનોબળ સ્વસ્થ વિચાર કરી શકે છે સ્વસ્થ વિચારધા ા આ માના સ્વરૂપને ઓળખાવે છે ન સાર સ્વરૂપની ભય દ ના સમજ્ય છે આત્મા આત્મસ્વરૂપ–મુક્તિ પ્રાપ્તિ માટે ઉજમાળ બને છે

શીલના ગુણ શાસ્ત્રમા પાને પાને ગાયા છે શીલસપન્ન સુદર્શન એકી વિશ્વમા વિખ્યાત છે શૂળીનુ સિહાસન થયુ શીલના સ્વભાવે, શીલના ઉચ્ચ કોટિના પાલનથી સયમ સ્વામી શ્રીસ્થૂલભદ્રજીનુ નામ ૮૪ ચોવીશી સુધી શીલના દ્રષ્ટાત તરીકે વ્યાપક રહેશે અદ્ભુત–મહાઅદ્ભુત પ્રસગ છે એ કામવિજેતા અતિ અતિ દુષ્કરકારક એ મહામુનીશ્વરનો

શીલ સર્વેથી મોટો સદાચાર છે શીલથી મોટો મત્ર કોઇ નથી દેવો પણ શીલવાન્ આત્માની સેવામા સદા તત્પર રહે છે જુઓ, મહાસતી સીતાજી, મહા ભયકર ભડકે

બળતી ખાઈ સરોવર બની ગઇ. સીતાદેવી કમળ પર બિરાજમાન શોભી ઉઠયાં. શીલના પ્રભાવે મંત્રી પેથડના વસ્ત્રથી રોગ દૂર થઈ જતા. આ શીલ–આ બ્રહ્મચર્ય આત્મ-કલ્યાણના જ એક મહાપવિત્ર હેતુથી પળાતું.

શીલ આત્માનુ સૌંદર્ય છે. દેહની કાંતિ છે. કીર્તિની ધ્વજા છે. સમગ્ર વિશ્વનું આધાર સ્થાન છે. કુદરતના સ્વાભાવિક કાનુનો શીલ પર નિર્ભર છે. યાદ કરો મહાસતી કલાવતીને કપાએલા બન્ને હાથ હતા તેવા થઇ ગયા ને? શીલ સૌરભ છે. જાય–જુઈ–ચંપો–કેતકી–ગુલાબ કે મોગરાની સુગંધ કરતાં ક્રોડોગમે શીલ સુવાસ અનુપમ અને અધિકતમ ગુણસુગંધને ફેલાવનાર છે. આત્મતેજને પ્રગટાવનાર છે.

તપ

તપ એટલે કે આત્માનું તેજ. આત્મશક્તિનું પ્રગટીકરણ. 'તપ તપાવે કર્મ ચીકણા' અનાદિકાળના ગાઢા ચીકણા કર્મો. અનંત અનંત લાગેલા આત્માના પ્રદેશે પ્રદેશે. જાય થોડાં, આવે ઘણાં. આ ઘટમાળ ચાલુ જ. ત્યાં મલ્યો તપ. ભગવંત અરિહંતનો કહેલો બાહ્ય શરીર પર કાબુ રાખી, મન પર લગામ લગાવે. અભ્યંતર આત્માના સુવિચારોની શ્રેણિ જન્માવે. આત્મજ્ઞાન સમૃદ્ધ અને વિશાળ બનતું જાય. પરમાત્મભાવનો સાક્ષાત્ અનુભવ થાય. આત્મા અને પરમાત્માનો ભેદ ભાગી જાય. આત્મા પરમાત્મા બની જાય. તપનો મહિમા પ્રત્યક્ષ અનુભવાય છે.

દૂર હોયે જે કદી, દુખે પ્રાપ્તિ જેહની;

સાધ્ય સધણું તે તપથકી, તપવિન નવિ જાએ ઘડી

બાહ્યતપ છ પ્રકારનો ૧ અનશન-આહારનો ત્યાગ ૪૮ મીનીટ મ ટે સૂર્યોદય પછી કહીએ તેને નોકારસી પોરસી-દીનમાનના ચોથા ભાગે પોરસી, એવી રીતે દીન માનના પ્રમાણુમ્ન કાળવડે સાધ પોરસી-પુરિમડઢ વિ પચ્ચક્ ખાણ સહ બેસણુ-એકાસણુ એકલઠાન, આય બિલ-ઉપવાસ છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઈ યાવત્ માસખમણાદિ અનશન તપ શરીરને સહુ બનાવી, ધમ ક્રિયામા પાવરધુ બનાવે છે અસલ પ્રથા એમાસણ-બીજે દિવસે ઉપવાસ, ત્રીજે દિવસે એકાસણ, એમ ચાર ટકનો આહા ત્યાગ કરી, ચઉત્થભત્ત, છઠ્ઠભત્ત, અઠ્ઠમભત્તાદિ ૧-૨-૩ ઉપવાસના પચ્ચખાણ થાય આજે પણ કેઈક ભાગ્યશાળી આત્માઓ તે પ્રમાણે આરાધના કરતા ઉજમાળ બને છે

અનશનમા-ચારે પ્રકારના આહા નો ત્યાગ હોય છે અશન-દાળ-ભાત, રોટલીશાક-મિષ્ટાદિ પાન-સ્વચ્છ જળાદિ વિવિધ પાણી ખાદિમ-સુકો મેવો સ્વાદિમ-એલચી-લવીગ પાન સોપારી વિ

૨-ઉણોદરી ઉદર એટલે પેટ એને હાઈક ઉણુ રાખવુ ખરી ભૂખ કરતા ચાર પાચ કોળીયા ઓછા ખાવા ધર્મ ક્રિયામા અપ્રમત્તના માટે અતિ જરૂરી છે આ તપ જ્ઞાનતતુઓ વિકસિત હૈ છે સ્વાસ્થ્ય સુદર બની રહે છે લાલસા મરે છે રાગ ટળે છે પ્રફુલ્લતા પ્રગટે છે સર્વ તપમા આ ઉણોદરી તપ સામા ય પણ આકરો ખરો ભાગે

ભરપૂર–ભાવતું અને ઓછુ ખાવું ! કમખાના, સો ગમખાના. ગમખાના સો સમતાકો પિછાના. ક્રોધકો પછાડ દીયા–સમાધિ પા લીયા. તપનો અર્ક પેદા થયો. બાકીના તપ આના વડે દીપે છે–ખીલે છે–વૃદ્ધિ પામે છે.

૩. વૃત્તિસંક્ષેપ–ઓછી ચીજોથી ચલાવવાની ટેવ. જેમ ખોરાકમાં તેમ પીણામાં. તેવીજ રીતે અન્ય વપરાશની ચીજોમાં પણ. બેથી ચાલે તો ત્રણ નહિ, ત્રણથી ચાલે તો પાંચ નહી. આ પણ મોજશોખ અને ખાનપાન પર આત્માનો કાબુ છે. ઇન્દ્રિયોનો દોર હાથ પર રહે છે.

૪. રસત્યાગ–રસના ભુડી. રસ કરે, દુઃખ–દાવાનળ આતમ સહે. જીભનો સ્વાદ અને પેટનો બગાડ. વૈદ્ય ડોક્ટરનું બીલ અને હવા માટે જાવ હીલ (ટેકરી પર). રસનાના રસે, સ્વાદની લોલુપતાએ દુનિયામા આજે ભારે ઉત્પાત જમાવ્યો છે ભક્ષ્ય–અભક્ષ્ય, પેય-અપેયનું ભાન ભુલાવ્યું છે. રાત્રી ભોજન અને મહા અભક્ષ્યની આંધી ચઢી છે. સુકુળોમાં પણ. એક જીભનો ચટકો કાબુમાં આવે, થોડો વિવેક જાગે, કામ થઇ જાય કામ. હૈયામાં આવે હામ. આત્માને મલે આરામ. ધીમે ધીમે જઈ વસે મુક્તિધામ.

૬એ રસ અને વિગઇઓ. તાતાતીખાં અને મીઠાઇઓ. અભક્ષ્યપીણાં અને હીણા ભેળ. આ બધાથી છૂટી જાય મેળ. તો ધર્મ પામવો સ્હેલ. પછી મળે મુક્તિ મહેલ.

૫. કાયક્લેશ–શરીરને દુ:ખ સહન કરવાની ટેવ પાડવી. જેમ કે ખમાસમણું તો પંચાગ ભૂમિને સ્પર્શીને. બે હાથ,

બે ઘુટણ અને મસ્તક પાંચે ભૂમિને સ્પર્શે જરા કાયાને જોર પડે. કાઉસ્સગ્ગ બતાવ- ટટાર ઉભા રહીને કેડના અકોડા ઢીલા થાય અને કર્મોના-સમૂહમાં ભઠ પેઠે મોહ ન આવે નવા નવા વેષે વાળનો કરવો લોચ. સાધુ મહાત્માની જેમ થાઓ પ માત્માની રહેમ સાધુપણું બને સહેલ. તે માટે સહુનો કાયક્લેશ તાવ અચોટ ઉપવાસ કે અઠ્ઠમ નથી જોતી ડોક્ટરની દવા ખાસી થઈ—એવન ખમાસમણ જ્ઞાનના, કે ૭૨ ખમાસમણ ત્રણે માળની ચોવીશીના ખાસી મગાડવા? ના, દવા કરવી નથી અને કાયાને દુ ખ આપી સમાધિમાં રહેવું છે માટે, આ છે અમારી નેચરોપથી? ગમશે ને? આરામમાં ગમશે ને? તો જ સાચી મજા, ધર્મની જામશે ને?

૬ સંલીનતા—અંગોપાંગ સંકોચી રાખવા કાચબાની જેમ ઇન્દ્રિયોને કાબુમાં રાખવી. ક્રોધ-માન-માયા-લોભ ચારે પર લગામ ચઢાવવા મનના ખોટા વેગને રોકવા શુભ વિચારોમાં ચિત્તને રોકવા.

મન માંકડું જેણે રે જીત્યું, સઘળું તેણે જીત્યું રે, ને હાગીનર?

એક આસને બેસી રહેવું ખાસ કરણ વગર હાલવું નહિ, વિના કારણે જ-આવ ન કરવી-વિ ઘણા ઘણા ગુણો અમુક અમુક મહાત્માઓમાં આજે પણ દેખાશે ધન્ય પાળકો!

૬ પ્રકાર અભ્યંતર તપના

બાહ્ય તપ અભ્યંતરનો રક્ષક છે અભ્યંતર તપ બાહ્ય

તપને ખીલવે છે. પરસ્પર સહાયક છે. બાહ્ય તપ સાધન છે અભ્યંતર તપ સાધ્ય–તે સાધ્યનું સાધ્ય–સંવર અને નિર્જરા છે. સંવર–નિર્જરા મોક્ષ માટે છે. મોક્ષ અનંત–અવ્યાબાધ સુખનું સદા સ્થાયી અક્ષર સ્થાન છે. આત્મદશાનો સંપૂર્ણ ઉઘાડ એટલે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન પછી અયોગી અવસ્થા પ્રાપ્તિ. પછી એક જ સમયમાં સિદ્ધોની શ્રેણિમાં. એકમા અનંત, અનંતમા એક. કર્મની ના રહી રેખ.

૧. પ્રાયશ્ચિત્ત– પશ્ચાત્તાપનું પવિત્ર ઝરણુ. કર્યું કે થયું પાપ–તેનો થયો–પસ્તાવો હૈયે મહાદુ:ખ. કારમો તિરસ્કાર પાપ પર અને પોતાપર. કેવો સુંદર અમૃત–વિચાર. હૈયું રડે. ક્રોધ પાપ પર થાય. નિંદા નિજની થાય. ગુરુ કને જાય જેવી રીતે બન્યુ હોય તેવી રીતે સ્પષ્ટ કહે. ગુરુ આલોચના આપે પાપનો તપાદિ દ્વારા દંડ આપે. માલદાર હોય તો લક્ષ્મીના દ્વાર ખોલાવી, નશ્વરનો શાશ્વત્ ઉપયોગ કરાવે. ઉદારતા ગુણ પ્રગટાવે. ઉદારતા એટલે અન્ય અનેક ગુણોનું આકર્ષણ. સંસારનું ઘર્ષણ મટે, મોક્ષનું રટણ મનમાં રહે.

આમાં ન જોઇએ માયા કે દંભ–દેખાવ કરવા, કે સારા દેખાવા ગુરુને નહિ કહેવાનું, હૈયાનો ડંખ. પુણ્યથી સંગ પવિત્ર થવાનો રંગ. તોજ આલોચના બને સાચી ગંગ.

નિર્મળ ભાવે કહેશું પાપ સાચા રંગે જપશું જાપ;
અરિહંત ધરશું હૈયે આપ, આણા એની ધરશું અમાપ

૨ વિનય અદ્ભુતગુણ, ગુણશ્રેણિનો જનક, વિવેક-માથી જન્મે કે વિવેકને જન્માવે વિનયથી વેરી વશ, વિનય-નમ્રતા, સાચા હૈયાની, નિર્મળ ભાવની ગુરૂની પ્રસન્નતા મેળવે વિવેક જાગૃત કરે સાચા જુઠાનુ ભાન જન્માવે સાચી સાન ખીલવે. વિદ્યા વગર તેડે આવે સૌના મનને તે માનવી ભાન સાચા ભાનો હૈયે ઉગે-ખીલે અને વિકસે વિકાસ વિનયથી, સ્વપ-કલ્યાણ થાય એવો, વિનય દુર્બુદ્ધિને ટાળે સદ્બુદ્ધિ જન્માવે, સદ્ગુરૂ પ્રાપ્તિ કરાવે પછી શુ બાકી રહે ! શ્રી જૈન શાસનમા અને શ્રી જૈન શાસનનો વિનય લોકોત્તર કોટિનો અને નકાર છે

૩ વયાવચ-આ એક અપ્રતિપાતિ મહદાયી ગુણ છે સ્વાધ્યાયનુ ફળ અને સ્વાધ્યાયથી પ્રધાન આ ગુણ નિરીહ ભાવે જન્મ્યો જેનામા, તેનુ લોકોત્તર કલ્યાણ સધાયુ સમજો વિનયયુક્ત આ માત્મા વૈયાવચ્ચ ગુણ જન્મે-એટલે પૃથ્વી પર જાણે સ્વર્ગ ઉતયુ વૈયાવચ્ચમા ક્ષયોપશમ નાય પ્રગટયા વિના રહેતો નથી જો અહમ્ ભાવ જન્મે નહિ અને બદલાની આશા હોય નહિ બાળ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી આદિનુ વૈયાવચ્ચ એટલે અરિહંત પરમાત્માની શુદ્ધ આજ્ઞાનુ સ્ફટિક પાલન અનેકોને સમાધિ આપે પોતે મહા સમાધિમા રમે જિનઆજ્ઞા-પાલનનો અનેરો આનંદ સાધુપણાની સુવાસનો અનુભવ પરમાત્મપદ પ્રાપ્તિનો રાજ માર્ગ .

આજે આ ગુણ શુ ગૃહસ્થમાં કે શુ શ્રાવકમા અને

સાધુવૃંદમાં પણ ઘટતી કળાએ અનુભવાય છે. એ ખરેખર માનસિક દુઃખનો વિષય છે. પંડિતાઈ અને મોટાઈ અહમને મારવા માટે છે. અહમ્ મરે, હૈયું વિશાળ બને, તોજ વૈયાવચ્ચ ગુણ જન્મે. સાધર્મિક ભાવ પેદા થયા વગર આ ગુણ વિકસે નહિ. પરમ પ્રભુ પર અને તેઓશ્રીના માર્ગ પર અટલ શ્રદ્ધાનું લક્ષણ છે વૈયાવચ્ચ.

વૈયાવચ્ચ ગુણ વિવેક ભર્યો, જન્મે જેહને સાર;
પામે પાર તે ભવતણો, આરાધી જિનઆણા એકસાર.

૪. સ્વાધ્યાય–સ્વનું–પોતાનું અધ્યયન. આત્માનું ભાન કરાવે તેવું જ્ઞાન, સમ્યગ્–જ્ઞાનના ભંડાર ગ્રંથો, કક્ષા અને વિધિ પ્રમાણે પંચાંગીશાસ્ત્રોનું પઠન–પાઠન. જીવવિચાર નવતત્ત્વ–દંડક, સંગ્રહણી, પ્રકરણ ગ્રંથોનો અભ્યાસ, છ કર્મગ્રંથ, કમ્મપયડી આદિ કર્મસાહિત્યનું ઊંડું ચિંતન. વિપુલ ન્યાય–તર્ક–વ્યાકરણ–છંદ–કાવ્ય–સંસ્કૃત–પ્રાકૃત આદિનો તે માટેજ અભ્યાસ, ભણેલાને વાગોળવું. નવું નવું રોજ કંઠસ્થ કરવું. તેના અર્થ–મર્મને અવગાહવા. આ છે રીતિ અને નીતિ. ગુરૂગમ દ્વારા થતા સ્વાધ્યાયની. સ્વાધ્યાય છે આત્માનુ અમૃત, અનંત જ્ઞાનને પ્રગટ કરવાનો સદોપયોગી સાબદો કીમિયો. સમાધિ માટે કલ્પવૃક્ષ કહોને!

ભૂલાયો છે. વિસરાયો છે. ઓછપ આવી છે એમ પુકાર છે સજ્જનોનો, વાત પણ સાચી છે. છાપા–અઠવાડિક માસિક અને ગેઝેટોએ કારમો કેર વર્તાવ્યો છે. રાજકથા–ભક્તકથા–સ્રીકથા–દેશકથા ચારે વિકથાઓના ખાનાખરાબી

કરનાર એ ખજાન મા મોટો વગ ખેચાઈ રહ્યો છે રાગ દ્વેષ વધક એ વ ટાળીયો વ્યાપક બનતો જાય છે આત્માના સ્વાધ્યાયની શુદ્ધ હવાને બગાડી રહ્યો છે આગમોના ઉંડાણમા ડૌકીય Cન્ ે સિદ્ધ–સ્વરૂપ અણમોલ જ્ઞાનને કોઈકજ સ્પર્શે ે ઘાણા જાણાતા પણ હવાના સ્પર્શમા,–પ્રરૂપણામાં આ અવસ્થા થઈ જાય ે લોકોત્તર સ્વાધ્યાયની સુરભિ અજબ–અનોખી ે

૫ ધ્યાન— ધ્યાન અરિહંત પરમાત્માનુ તે જગદ્ધારમ્ની આનાઓનુ, એકમના બની તેઓશ્રીએ ચિ ધેલા પદાર્થાનુ તે માટે જોઈએ યોગની સાધના યોગની સાધના એટલે માત્ર નાક દબવી પદ્માસને બેસી જવુ–એમ નહિ મન વચન કાયાના યોગોન અસદ્ પ્રવૃત્તિમાથી બહાર કાઢી–રાધી, સત્–પ્રવૃત્તિ ભગવત ભાખીમા રોપી દેવા, એ છ યોગ સાધના એ સાધનાથી મનની ચ ચળતાને દૂ કરવાની, મનને સ્થિર બનાવવાનુ, પછી ધર્મધ્યાનમા પ્રવૃત્ત થવાનુ તે માટે વાચ્ય શ્રવણ-કથા પ્રમાણે વિધિપૂવક પઠન–પાઠન, મનન અને નિદિધ્યાસન તેમાથી પ્રગટે શુક્લ–ધ્યાનની ઘટમાળ–પછી આવે શ્રેણિ ઉચ્ચકોટિનો ધ્યાનાનલ પ્રગટે, કર્મોના નિચયિત સમૂહ પણ ભસ્મીભૂત થય આત્માનુ તેજ પ્રગટે નિમળ કેવળ જ્યોતિનો પ્રકાશ થાય આમા સ્વરૂપાનદી–સચ્ચિદાનદમય દશા પામે.

ધ્યાનને નામે સુદર શાસ્ત્રોક્ત ક્રિયાનો લોપ આ પ્રતિક્રમણ–સૂત્ર સ્વાધ્યાયનુ વિસ્મરણ આ

પદાર્થજ્ઞાનથી દૂર રહેવું. વિ. વિ. ઘણા દૂષણો જન્મ્યાં છે. તે દૂર કરી ધ્યાનની સાચી દિશાએ વળવા-વાળવાની જરૂર છે જ.

૬. કાયોત્સર્ગ-કાયાનો-શરીરનો, ઉત્સર્ગ-ત્યાગ. અમુક ટાઇમ-સમય માટે સારસંભાળ નહિ. માકડ કરડે કે માંખી બેસે. મચ્છર ચટકે કે ડાસ ડખે. ન હાલવું. ન ચાલવું. સ્થિર મુદ્રાએ ધ્યાનમાં કે માનસિક જાપમાં રહેવું. દેહની મમતાનો ત્યાગ, રાગ-દ્વેષની દુર્દશાને મારવાનો અભ્યાસ. આવો સુંદર છે કાયોત્સર્ગ.

મહામુનિઓ કુવાના ભારવટે, સર્પના બિલે કે સિંહના ગુફા દ્વારે ચાર ચાર માસના ઉપવાસ સાથે અડગ-અડોલ રહેતા, ધ્યાનમાં લીન બનતા. ધન્ય છે મહામુનિવરોને ! તાઢ-તડકો કે વર્ષાને વેઠવાં. દેહની રખેવાળી નહિ. મનની ઉચ્ચ વિચારધારા, સત્પદાર્થોની સૂક્ષ્મવિચારણા, આત્મ-સ્વરૂપમાં રમણતા. પરમાત્મસ્વરૂપની સંકલના. કેટલો ઉંચો સ્ટેજ (કક્ષા) છે કાયોત્સર્ગ ! કાયોત્સર્ગ તો તીર્થંકર દેવોનો ! મહાઆદર્શ આપણી આંખ સામે ખડો કરે છે.

આ બારે પ્રકારનો તપ, અનાદિકાલીન રખડપટ્ટીને વિદારનારો છે. સંસારસાગર તરવા માટે સદા અક્ષય નાવ છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી તપ્ત માનવી માટે અદ્ભુત છાયા આપતું ઉત્તમ ઘટાદાર વટવૃક્ષ છે. સન્માર્ગની સીડી છે. તેજ ભવમાં અવશ્ય મુક્તિ પામનાર, જગદુદ્ધારક શ્રી તીર્થંકર દેવો પણ તપોધર્મને જીવનમાં મુખ્ય બનાવે છે. ભગવંત મહાવીરદેવનો સાડાબાર વર્ષનો ઘોર ઉજ્જવળ તપ !

ભાન નહિ. ગમ્યાગમ્યનાં સાન નહિ. સારી શિખામણ માટે ઠાન નહિ. ભવિષ્યનું ભાન નહિ. સુઠાન કોઈ હિતૈષીને સોંપે નહિ

અસાર-અનિત્ય-એકત્વાદિ ભાવના સ્પર્શે નહિ. બાર ભાવનાનું નામ નહિ કારણકે સંસાર મહા ભૂંડો હૈયે બેઠું નથી. સંસાર સાકર જેવો લાગે છે, મોક્ષ તરફ તો નજર જ નહિ જન્મ-મરણ બંધન લાગે નહિ. ધર્મનું અનુસંધાન નહિ જન્મે-જેમતેમ જીવે-પ્રાયઃ દુર્ગતિમાં ગબડે, અનેક યાતનાઓમાં સબડે. બસ એજ રફતાર એજ અનંતાનંત ભવચક્રમાં ભ્રમણ એ આત્માને કયાંથી આવે આત્મરમણ?

માટે જ ભાવ એટલે ભવાંતકારી. "ભાવે ભાવના ભાવીએ-ભાવે કેવળજ્ઞાન" જુઓ રાજર્ષિ પ્રસન્નચંદ્ર, અવળા ભાવે સાતમીનરકના દળિયાં, સવળા ભાવે સર્વાર્થસિદ્ધ અને ત્યાં તો બજી દુંદુભિ કેવળજ્ઞાનની. ભાવે નાગકેતુજી પામ્યા કેવળજ્ઞાન, પુષ્પ પૂજા કરતાં. આપણા બ્રહ્મર્ષિ સ્થુલભદ્રજીના ભાવ? અડગ અને અતુલ, કોશાના ગાન-તાન-અભિનય સર્વ બનાવ્યા નિષ્ફળ. ભાવ હતો આત્મરમણમાં સર્વોચ્ચ બ્રહ્મની પરમાત્મદશાની વિચાર શ્રેણિમા. માટીનું ઢેફુ અને સોનું બન્ને સમાન સ્પર્શના અશુભ ભાવને ઢાળી દીધો અશરીરી ભાવની ભાવનામાં લયલીન બની ગયા. ઇંદ્રિયોનો અનુપમ નિગ્રહ. તત્કાલીન ફળ શીલનું અદ્ભુત આશ્ચર્યકારી રક્ષણ, પરંપરાએ મુક્તિપ્રાપ્તિનો માર્ગ મોકળો. ભાવ એટલે મોક્ષમાર્ગના મુસાફર માટે અખૂટ ભાથું

ધ્યાનથી આત્મા તરબોળ બને. દુનિયા ભૂલી જવાય, મોક્ષની ઝાંખી થાય પાપની નિંદા દ્વારા પાપનો પ્રલય થાય. નિર્જરા સહ પુણ્યની શ્રેણિ વધે. વિશ્વ સ્વરૂપ વિચારતાં ભાવ કરૂણાનો ધોધ સ્વ–પર માટે વહેતો થાય, શક્તિ પ્રમાણે 'દ્રવ્યાનુકંપા' સક્રિય બની રહે. અશુભ વિચારો નાશ પામે. શુભવિચારો સતત વહેતા રહે મન શાંત, તન શાંત–આત્મા પ્રશાંત બને.

ગુણકીર્તન ગુણીજનોનુ થાય. નિંદા કોઇ વ્યક્તિની નહિ ,માત્ર દુર્ગુણોની જ નિંદા અને તેનાથી બચવા સાવધાની. અવગુણોના ઢગલામાથી પણ માત્ર ગુણ જ આંખે ચઢે. ગુણીની અનુમોદના અને પ્રમોદભાવનું પ્રગટીકરણ. કથા–વાર્તા–આલાપ–સંલાપ ધર્મકથામય. પૂર્વપુરુષોની શુભ યાદ, મહાપુરુષોના હૈયા–વધામણાં. રાજકથા દેશકથા–સ્ત્રીકથા–ભક્તકથાદિ વિકથા નહિ. સદ્ધ્યાન એજ સ્વાધ્યાય.

આજે સ્વાધ્યાય ભૂલાયો છે. ગૃહસ્થોના કુટુંબોમાં, શેરી કે પોળના સમૂહમા વંચાતા રાસો અને ધર્મકથાઓ લુપ્ત પ્રાયઃ છે. સંસ્કાર ધન વિનાશને માર્ગે છે. અવળચંડું વિકૃત સાહિત્ય ફેલાતું જાય છે. તે ટાણે **શ્રદ્ધા પ્રેરક વાચન–શ્રવણ–મનન કરવા–કરાવવાની પ્રેરણા અને યોજના અજબ કામ કરી જશે.** સંસ્કૃતિ–પોષક, ધર્મ પ્રેરક–આત્મરક્ષક વિશાળ કથા–સાહિત્યનો ખજાનો મોજુદ છે. સુચારુ શૈલિમાં લોકભોગ્ય બનાવી, ખસેલાને ઠેકાણે લાવવાની અતિ જરૂર છે.

ભવકૂપમાંથી ઉગારી લે છે. ધર્મને માર્ગે જોડે છે યાવત્ સચ્ચિદાનંદ પદ–મોક્ષને પમાડે છે. નમસ્કાર એટલે સુસંસ્કારની ભવ્ય ભૂમિકા. એક પણ કરેલો નમસ્કાર વીરસ્વામીને સંસાર સાગરથી તારે છે. કોને? તરવું હોય તેને. સંસાર બળતા ભડકા જેવો લાગે. ઝાળ એની આધિ–વ્યાધિ રૂપમાં આત્માને દાહ કરતી દેખાય. અનંત શક્તિ ભવભ્રમણમાં આવરાએલી, ઓળખાય. સ્વભાન જાગે. પરમાત્મભાવ પ્રત્યે જાગૃતિ આવે. પરમપ્રભુની ભક્તિ જામે ભક્તિમાંથી–નમસ્કારમાંથી સ્વરૂપ–રમણુતા સ્વરૂપ પ્રાપ્તિ. કેવળજ્ઞાન અને મુક્તિ.

નમસ્કાર ભવ્યાત્માઓ માટે નર્યું અમૃત છે. મૃતાત્માને સજીવન બનાવે છે. સ્વના ભાન વિના આત્મા મૃત જ ગણાય ને? સમ્યગ્જ્ઞાનની જ્યોતિ ઠરેલી–એટલે મૃતાવસ્થા. સમ્યગ્જ્ઞાનની શ્રદ્ધાયુક્ત પ્રાપ્તિ–પ્રગટીકરણ–એજ જીવંત જીવન. નમસ્કારમાં નવલાખ ગુણ. નવલાખ નમસ્કાર સદ્ગતિ અને મુક્તિ મેળવી આપે બધું સાચું. નિજગુણ રમણુતા રૂપે નમસ્કાર થાય અને આત્મા પરમાત્મ ભાવમાં ઓતપ્રોત થાય તો નમન હો, નિરંજન નિરાકાર વીર ભગવંતના સિદ્ધાત્માને!

પરોપકાર

પરોપકાર શબ્દમાં જ પ્રેમાળ જાદુ ભરેલો છે. પરને માટે કોઈક સારૂં શોધવું–સ્વપર બન્ને આત્માને સાચો ફાયદો આપવું–કરી છૂટવું. સ્વાર્થ જરાએ નહિ. પરમાર્થ સાચો.

દુન્યવી દુઃખ સુયોગ્ય રીતે દૂર કરવું—એ છે દ્રવ્યોપકાર. સામા આત્માને સત્યધર્મમાં જોડવો—એ છે ભાવોપકાર

દ્રવ્યોપકાર પાછળ હેતુ છે ભાવોપકારનો સાથે સ્વ-આત્મને ઊંચો બનાવી રાખવાનો. ભુખ્યાને ભક્ષ્ય વસ્તુ આપવી તરસ્યાની ત ન શુદ્ધ પાણીથી છીપવવી નવસ્ત્રાના અંગ ઢાંકવા ધનહીનને વિવેકપૂર્વક ધન દાન આ છે દ્રવ્યોપકાર

વિવેક ચૂકાય તો બન્નેને નુકશાન દેનાર—લેનાર બન્નેને હાનિ—દારૂડીયાને દારૂનું દાન ન દેય અફીણીને અફીણ નહિ માંસાહારીને પૈસા ન અપાય, ખાવાનું ભક્ષ્ય કોઈનું જ અપાય એક સાચા જૈન તરીકે રાત્રિભોજન આદિનો પણ વિવેક હોવો જ જોઈએ

માછીમારને ન જાળ અપવાય ખાટકીને ન છરી. આવા આદેશ કર કદાચ કોઈ નામધારી મહાત્મા, તો તે છે અધમતા ભર્યો ઉન્માર્ગ ઉન્માદ એટલે વ્યક્તિનું—સમાજનું—દેશનું—પ્રજાનું—વિશ્વનું નિકંદન. ધર્મને નામે અધમ

ભાવોપકાર વિશ્વભર છે જગત્-રક્ષક છે હિતબુદ્ધિનો મહાભંડાર છે જન્મ-મરણ મહાવ્યાધિ નિવારક છે આત્માની શાંતિ છે વિચારોની સમાધિ છે પાપીના પાપને પ્રલય કરનાર છે પુણ્યની હેલી છે, રાજમાર્ગ છે મુક્તિ-મહેલની નિસરણી છે

આત્મસ્વરૂપનું ભાન કરાવવું પરની—પુદ્ગલની પીડાની પારખ કરાવવી. પરમાત્મ સ્વરૂપ પ્રત્યે ભક્તિ ભાવ જગાવવો.

ભવકૂપમાંથી ઉગારી લે છે. ધર્મને માર્ગે જોડે છે યાવત્ સચ્ચિદાનંદ પદ–મોક્ષને પમાડે છે. નમસ્કાર એટલે સુસંસ્કારની ભવ્ય ભૂમિકા. એક પણ કરેલો નમસ્કાર વીરસ્વામીને સંસાર સાગરથી તારે છે. કોને? તરવું હોય તેને. સંસાર બળતા ભડકા જેવો લાગે ઝાળ એની આધિ–વ્યાધિ રૂપમાં આત્માને દાહ કરતી દેખાય. અનંત શક્તિ ભવભ્રમણમાં આવરાએલી, ઓળખાય. સ્વભાન જાગે. પરમાત્મભાવ પ્રત્યે જાગૃતિ આવે. પરમપ્રભુની ભક્તિ જામે ભક્તિમાંથી–નમસ્કારમાંથી સ્વરૂપ–રમણુતા સ્વરૂપ પ્રાપ્તિ. કેવળજ્ઞાન અને મુક્તિ.

નમસ્કાર ભવ્યાત્માઓ માટે નર્યું અમૃત છે. મૃતાત્માને સજીવન બનાવે છે. સ્વના ભાન વિના આત્મા મૃત જ ગણાય ને? સમ્યગ્જ્ઞાનની જ્યોતિ ઠરેલી–એટલે મૃતાવસ્થા. સમ્યગ્જ્ઞાનની શ્રદ્ધાયુક્ત પ્રાપ્તિ–પ્રગટીકરણ–એજ જીવંત જીવન. નમસ્કારમાં નવલાખ ગુણ. નવલાખ નમસ્કાર સદ્‌ગતિ અને મુક્તિ મેળવી આપે. બધું સાચું. નિજગુણ રમણુતા રૂપે નમસ્કાર થાય અને આત્મા પરમાત્મ ભાવમા ઓતપ્રોત થાય તો નમન હો, નિરંજન નિરાકાર વીર ભગવંતના સિદ્ધાત્માને!

પરોપકાર

પરોપકાર શબ્દમાં જ પ્રેમાળ જાદુ ભરેલો છે. પરને માટે કોઈક સારૂં શોભતું–સ્વપર બન્ને આત્માને સાચો ફાયદો આપતું–કરી છૂટવું. સ્વાર્થ જરાએ નહિ. પરમાર્થ સાચો.

ઈચ્છવી કુ પ સુયોગ્ય રીતે કરેક તુ—એ છે ક્ષયોપશમ
સામા આત્માને સત્ધર્મમા જોડવો—એ છે આચોપકાર
ક્ષયોપશમ પ્રગટ હેતુ છ ભાવોપકાર નો સાથે
સ્વ-આત્મને ટકો બનાવી રાખવાનો મુખ્યાન અર્થ વસ્તુ
પાપથી તત્ત્વોની વ સ શુદ્ધ પ ટીથી દીપવવી નવગ્રાના
બ દાન્ત ધર્મીને વિવેકપૂર્વક દાન દાન આ છે
લેપન

વિદ્ર પાત્ર તો બન્ને દાન્ત ન દેના—દેના બન્નેને
મુનિ-દાગ્રીન દા તુ દમનીય અગ્નિ અગ્નિ નહિ
મદ્દર્શન પૈસા ન આપ, પ વાતુ અર્થ દર્શુ જ
અર્પણ એક વાચા હૈન વર્ણક નિ ભજન અહિંયા પણ
વિદ્ર હાલો જ લોકે

મ. ડીના ને ન .. અપવાદ ખાટકીને ન દેના
ન અન્ત્યેક મહાર કોઈ નામ ધારી મના મા, તો તે છે
મિત્ર બધો ઉન્માદ મા ... વ્યક્તિનુ—સમાજનુ
નુ- પ્રભુ-વિશ્વનુ નિ ક્ન. ધર્મને નામ અધમ
આચોપકાર વિશ્વભર છે જગત્-સ્વરૂ છે હિતબુદ્ધિનો
મહાભયંકર જન્મ-મરણ આધિ-વ્યાધિ નિવારક છે આત્માની
શાન્તિ છ વિચારોની સમૃદ્ધિ છે પૃથ્વીના પાપનો મહ્ય
કેન્દ્ર છે પુણ્યની કડી છે, માર્ગ છે મુક્તિ-મહેલની
નિસરણી છે

આત્મ-સ્વરૂપનુ ભાન કરાવવુ પરની-પુદ્ગલની પીડાની
પરમ કદરવી પરમાત્મ સ્વરૂપ પ્રત્યે ભક્તિ ભાવ જગાવવો

સદ્‌ગુરુનો સમાગમ કરાવવો. તત્ત્વનો નિર્મળ ખ્યાલ આપવો. જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા એ આઠેનું જ્ઞાન અને તે દ્વારા મુક્તિની પ્રાપ્તિમાં-સહાયક બનવુ-નિમિત્તભૂત થવું-એ છે સાચો સર્વોત્તમ ભાવોપકાર.

'ગુરુદીવો ગુરુદેવતા' તે છે આ ભાવમાં. ગુરુ જ્ઞાનનો સમ્યગ્ દીવડો છે. ભવસાગરમાં દીવાદાંડી છે. દેવતા કહેતાં દેવતુલ્ય છે કારણ કે વીતરાગ સર્વજ્ઞ-દેવનું ભાખ્યું સમજાવે છે. હૈયામાં ઉતારે છે ભવપાર ઉતારે છે.

આજે ભાવોપકાર પ્રાય. ભૂલાઈ રહ્યો છે દ્રવ્યોપકારને નામે અજુગતા કાર્યોની પ્રેરણા થઈ રહી છે દ્રવ્યદયાનું સ્વરૂપ મોટો ભાગ સમજતો નથી અ શે સમજતો પણ દ્રવ્ય દયા તરફ પણ બેદરકાર બનતો જાય છે.

પરિણામે કરૂણા-દયા-અનુકંપા અને તેનો દીકરો 'દાન' ભૂલાતા જાય છે. અગર અવળી દિશાએ 'દાન'ના વ્હેણ વહેતાં દેખાય છે. કારણ કે પરોપકારની માતા-જનની 'સાચી અહિંસા'નું સ્વરૂપ ઓળખ્યુ નથી. નિર્મળ-સૂક્ષ્મ -વિવેકભરી અહિંસાનું સ્વરૂપ-ભાન પરોપકારના તત્ત્વને ઓળખાવે છે જન્માવે છે. વેગ આપે છે અને સાધુતાનું સ્વરૂપ જ્ઞાન કરાવે છે.

પરોપકાર કલ્પવૃક્ષ છે. મીઠા ફળથી લદાએલા એ કલ્પવૃક્ષો આજે સૂકાતાં જાય છે એટલે આત્મ-સ્વાસ્થ્ય કથળતું જાય છે સમાજ પીડાય છે. શ્રી ચતુર્વિધ સંઘની રોનકમાં ઓછપ દેખાય છે **સંતોની વિભૂતિ પરોપ-**

કાગ માટે જ હોય ' શ્રી જૈનકુળમાં જન્મેલ આ માઓ કુશ્રવિઓ છે, એ વાત સર્વમ ગુજતી હો !!!

જયણા

અહિંસા પાલન માટે યતના, પૂરી કાળજીથી યત્ન અહિંમાનો નાધુ મહા માઓને સવદા નોગ નોગ આની શ્રાત ને ભાવવી પૂરી ક ગઇ, પાગી શકે એક આની હૈયે હોર આણ્યું જે જિનની પ્રમાદ પાયેને બનાવ્યા હોય પામ જે નિજના–છ નમા આ ભ સમારભ હિંસાના નિમિત્ત અને ધામ–ત્યા ન છૂટક કરે ામ ામ હૈયે આના પ્લનની ખાના–પીના, ઠેના બેનના, ચાલના, ઘુમતાં છવ થાની કાળજી મહા માન્ભ–મનાપરિગ્રહ ગમે નહિ કન્ન ધો, રાખવા પડે હૈયુ દુ ખી

નતને ગ્રાય ત્રાગ્ર આપે નહિ ન્યાવ ને બ ાવવા યત્નશીલ હેનેનો બ ચો બ ચો ઓાગખે ત્રસ–સ્થાવરને શુ હેતુ ? ન ઓાગખે ? હોય ભાક, જમાનાનો નભાવ હાલના ચલના, એક ન્યળેથી બી ર ન્યળે જઈ શકત છવા ત્રસ, પ નાની મેળે ન્વન્ગાનથી બીજે ન જઈ શકે તે સ્થાવર, એકેંદ્રિય બધા સ્થાવર, આ થયો દ્રવ્ય યતનાનો પ્રકાર

ભાવ યત ા ભાવપ્રકૃની ર , પ ાપક ર્ની ભાવદશા જેવી ક્રોધ–માન–માયા લોભથી ન્વપ આ મ ની ર ા કૂર હિંસાના વિચારાથી આ મ ને આઘા રાખવે કલેશ–ક ાય –લ ધી અ ત્માને ઠારવો મનની ખોટી–ભૂરી ઈ છ એને મ રવી આ છે પ્રમાર ભ ર જયણા

અષ્ટ પ્રવચન માતાનું પાલન. ૫ સમિતિ–૩ ગુપ્તિનું સદાપાલન–સાધુ મહાત્માની સાચી કરણી–એ છે. જયણા જનની–શ્રાવક ગૃહીપણામાં ઉપયોગથી રહે. શક્ય પાલન કરે, સામાયિક–પૌષધે પુરો ઉપયોગ આઠેનો, આ માતાને સંભાળે, તેના ખોળે રમે ભવમાં તે ન ભમે. એ સૌને ગમે. જયણા સાચી હૈયે જેના રમે.

જિનપૂજા

જિનપૂજા એટલે મોક્ષ માર્ગનો સ્વીકાર જિન વીત-રાગી. રાગ–દ્વેષના સમૂળ નાશક–મોક્ષ માર્ગના સ્થાપક. તે જિનેશ્વરદેવની પૂજા–સત્કાર–ભક્તિ. ટાળે મુક્તિ–પ્રયાણની અશક્તિ. જેણે જિન પૂજ્યા–તેના પાપ ધ્રુજ્યાં, જિનપૂજાનો અર્ક છે ભવભીરૂતા, ભવથી–સંસારથી–જન્મમરણના કારમા ચક્કરથી ધ્રુજે–તે જિનને પૂજે, જિનની આજ્ઞા તે આત્માને રૂચે. સંસારના સુખ તેને ખૂંચે સુખ એજ દુઃખનું મૂળ એમ સમજે. પાપો અનેક થાય સુખ માટે. પાપ એજ દુઃખનું મૂળ.

જિનના જીવનને સાંભળે. વાંચે, વિચારે. ભગવંત મહાવીરના પ્રશાંત જીવનને હૈયે ધરે. આત્મસાત્ કરે. પૂર્વ-ભવો વિચારતાં મનના વમળ શાંત થાય સત્યના અણુસાર મેળવી સમ્યગ્ દર્શન પામે, સાચી દષ્ટિ કેળવે.

કુળમદ–વિદ્યામદ–સત્તાદિના મદને દેશવટો છે. ધર્મનું વેચાણ ન જ કરે. ધર્મના ફળરૂપે બળ–સત્તા કે સ્વર્ગ

[illegible] સ્નાત્રના અર્થે થાય. [illegible] પવિત્ર [illegible] જળ, [illegible] સુગંધ. દુધ ગાયાદિનુ. દહિં [illegible] પંચામૃત. ઝગઝગાટ કળશો છાતી સરખા બન્ને હાથમાં શોભતા. [illegible]-મલ અનાદિનો દૂર કરવાની ભાવના, [illegible] અને ભાવધારા હૈયાની. આંખ ઠર્યાંસુધી ભાવભીની. પ્રક્ષાલ-પ્રક્ષાલે પૂર્વનાં અસંખ્ય પાપો પોગા રૂ જેવા કાકડા વડે 'પોચારૂં' થાય.

અંગલૂછણા શ્વેત બગલાની પાંખ જેવાં. સુંવાળાં-સુકોમળ ધીમા મીઠા હાથે અંગ લૂછાય. મલ અનાદિનો દૂર પલાય. નાથનું મુખડું જુવે અને મન હરખે.

બરાસ મહેક મારતું, વિલેપના સર્વ અંગે, વિલેપન કર્મ માઠાનું. કેશર-કસ્તુરીથી પૂજા નવે અંગે. રંગે-ચંગે મન અભંગે-નાથના ગુણનું સ્મરણ. સંસારનું વિસ્મરણ. આત્મામાં રમણ. ગયું જાણે ભવનું ભ્રમણ.

પુષ્પ સ્વચ્છ સુગંધીદાર શોભતાં. ધૂપ દશાંગાદિ. દીપક સુરભિઘૃતનો-અક્ષય અક્ષતથી સ્વસ્તિકાદિ ફળ મોટાં મહેકતાં અને સુવર્ણા, નૈવેદ્ય અવનવાં, અષ્ટપ્રકારી પૂજા. સત્તરભેદી-શતપ્રકારી પણ. ભાવપૂજા-ભવનાશિની. ચૈત્યવંદન વિધિપૂર્વક. સ્તવન મધુરા રાગે, મીઠા ધીમા સ્વરે, નાથનું ગુણકીર્તન. નિજની નિંદા, જતાં ઘંટાનાદ, આમંત્રણ મુમુક્ષોઓને, નાદ આત્મકલ્યાણનો.

વાજીંત્રો વિવિધ વિણા-વેણુ, ઝલ્લરી-ભેંભા-પડહ કાંસીજોડા તાલબદ્ધ, દીલરૂબાને જળતરંગ-સ્વરારોહ. [illegible]

સર્વનો કેમ થાય ? શાસનને શરણે લાવું. શાસન અરિહંતનું મોક્ષમાર્ગનું પ્રરૂપક. સર્વત્યાગનો રળિયામણો માર્ગ. '**સવિજીવ કરૂં શાસન રસી**'.

સાધુ ધર્મ જ ધર્મ. સંયમના શુદ્ધ ભાવ વિના ભવભય મટે નહિ. આ વાતના સાક્ષાત્કાર પૂર્વક જિનસ્તુતિ યથાર્થ બને છે. ગુણોને પ્રગટાવનારી બને છે. દુર્ગુણોનું દફન થાય છે. સદ્‌ગુણો મહેકી ઉઠે છે. સયમની ભાવના સતેજ બને છે.

જિનની સાચી સ્તુતિ સાકર–શેરડીથી પણ મીઠી છે. આત્મ–મીઠાશને પ્રગટ કરનારી છે આત્માની મીઠાશ સમ્યગ્‌દર્શન છે. સમ્યગ્‌દર્શન અનતજ્ઞાન–દર્શન–ચારિત્ર અને વીર્ય શક્તિને પ્રગટાવનાર છે કેવળજ્ઞાન સૂર્ય છે. જિનની સ્તુતિ ઉષા છે

ગુરુથુઅ

ગુરુસ્તુતિ. ગુરુ આત્માની ગુરુતા પ્રગટ કરવામાં સહાયક છે. આત્મા મહાન છે. પામર બની ગયો છે. કર્મોના આવરણે પામર બનાવ્યો છે. આત્મા અને કર્મનુ સ્વરૂપ ગુરુ સમજાવે છે. આત્માની અનંત શક્તિનું ભાન કરાવે છે. કર્મની કારમી કારવાઇ આંખ સામે ખડી કરે છે. ભવની ભીષણુતાનું ચિત્ર રજુ કરે છે.

પોતે તે ભીષણુતાને તોડવા ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. તે માટે પંચ મહાવ્રતનો દુઃસહ ભાર ધારણ કર્યો છે.

શ્રી જિનની આજ્ઞાનુસાર વિધિપૂર્વક તે ભાર વહન કરે છે કર્મશત્રુઓ સામે સમર્થ સુભટ બની ઝઝુમે છે અન્યોને તે પંચ મહાવ્રતનો મહાપ્રતાપ સમજાવે છે પંચાચારનું પ્રગટ પાલન કરી, તે પાળવા સમજાવે છે

પંચાચાર મહાશાસનને નિષ્ઠા છે જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચાર જેટલા વેગમાં, તેટલી મુક્તિ વહેલી આ તો રત્નખાણ છે રત્નોના તેજને સમજે-તે ફાવે. ખોદનારા ખાણી-ખાણીયા તો મજુરી જ પામે નવતત્ત્વનું સ્વરૂપ સમજાવતા ગુરુ તદાકાર બની જાય છે મોક્ષની વાનગી અહીં અનુભવે છે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ-આઠે માતાનું શરણ સ્વીકારે છે વિશેષ વિશેષ ભક્તિ તે આઠેની દયા-ભાવથી કરે છે

આવા ભવસાગર પાર ઉતારનાર ગુરુ ભગવંતોની સ્તુતિ કરવી-એ પણ જીવનનો લ્હાવો છે ને! સ્તુતિ સાચા ભાવે અહમને ટાળવા, શમરસને પ્રગટાવવા કરવાની છે ને? પ્રશમ એજ પરમાર્થ છે સ્તુતિનો સ્તુતિથી ભક્ત ભગવાન બને તેમ ગુરુસ્તુતિ સાધુપણું પ્રાપ્ત કરવા માટે જ ને!

સ્તુતિથી ભક્તિ-નમ્રતા-નિર્મળતા-ત્યાગભાવાદિ જન્મે આ જન્મે એટલે કર્મો નમે તે ગુરુઓને નમે. આત્મા આત્માની મસ્તીમાં રમે ભક્તિથી સાતે ભય ભાગે સ્તુતિથી સઘળી સિદ્ધિ સાથે મુક્તિ મળેજ મળે.

સાહમ્મિઆણ વચ્છલ્લ

સાધર્મિકનું વાત્સલ્ય એક તો સાધર્મિક અને તે

એકનું પણ શોભે. સૌની શોભા સૌનો શભે. સૌ ગુણ ગા
જિનદેવના શગે. જિન પાસે પૈસા ન માગે, અને મુક્તિ
ભાવ જાગે જ જાગે.

સાધર્મિક તે સાધર્મિક. ભવપંથમાં જેને મળે તે પાક
પુણ્યવાન્ બારવ્રતધારી પણ હોય સમ્યક્ત્વધર પણ હો
પણ ભગવંતનો સાચો ભક્ત. સત્યનો સાથી. હાથી હ
ઉન્માદે ચઢે. પણ સાધર્મિક સમતાનો સાગર. મમત
મારવા મથે ક્રોધને કાઢવા તલપાપડ. કર્મોદયે આવે
જીરવી જાણે, ક્ષમાપના માગતાં વાર નહિ. હૈયાનો ચોક્
ભલે વસ્ત્રે ઓછો ઉજ્જવળ હોય

દાન-શાન અને ભાવથી ભર્યો. જિનગુણમાં ગુલ્તા
વેપાર કરે. નોકરી કરે. પણ ધ્યાન સદા જિનદેવનું ધ
ઘરે હોય, પેઢીમાં હોય, બાળક ખોળે રમતો હોય,
આત્મા મુક્તિમાં રમે મન ભાવનાથી ભર્યું. બાળકમાં
અરિહંતનો વાસ કરે.

આવા સાધર્મિકની કર્મોદયે સ્થિતિ ઘડીમાં પલટા
કુટુંબ-પોષણનો પણ પ્રશ્ન ઉઠે. પણ હૈયું ન બગડે. પુ
-પાપના ઓળાજ વિચારાતા હોય. ત્યાં આઢ્ય સાધર્મિક
આવે. તેનો સત્કાર થાય. એકાંતમાં બેસે. ઘણા દબાણ
પૂછયા પછી સાચી પરિસ્થિતિ જાણવા મળે. કોઇ પ્રકાર
ચિંતા ન રહેવા દે. આ પણ છે સાધર્મિક વાત્સલ્ય.

સાધર્મિક શ્રીમંત છે. લાખોનો વેપાર છે. વેપારમ
અચાનક એકદમ ખોટ આવી. ખોટ પણ મોટી આવી. નાકને

સાધર્મિક શ્રાવિકાઓનું પણ પુરું સન્માન થાય છે ત
ભક્તિ–બહુમાન શ્રદ્ધાનું છે. જૈનત્વના તેજન છે વિધવ
સધવાનો ત્યાં પ્રશ્ન જ નથી ઉલ્ટાને વિધવા પ્રત્યે વધુ આ
બતાવવાથી, સદ્ધર્મમાં વધુ સ્થિર થાય છે આત્મામાં સું
પરિણામોની શ્રેણિ વધતી રહે છે

વિધવાપણું કેમ પ્રાપ્ત થયું? એ શ્રદ્ધાવાન શ્રાવિ
સારી રીતે સમજે છે. કરેલા કર્મોના ફળને ઓળખે
નવતત્ત્વની જ્ઞાતા હોય છે કર્મ–પરિણામોને પીછાને છે. હે
શાત હોય છે. બ્રહ્મચર્યની નવવાડોમાં આદર વગેરે
જમાનાની ઝેરી અસરથી પર હોય છે. અનાદિકાલ
ઘાતક ભવભ્રમણનું ભાન હોય છે. **જિનાજ્ઞાનું અદ્ભુ
અમૃત આત્મામાં રમતું હોય છે.**

યૌવનને આગણે પ્રવેશતી બાળ–કુમારિકાઓ એ
જૈનશાસનનું નૂર છે. ભણેલ સમજુ. આજના કહેવા
એજ્યુકેશનને પામેલી. સંસાર વ્યવહારમાં સર્વરીતે સુખ
નીરોગી નમણી કાયા, આવી બાળાઓ મૂકે છે સંસાર
[illegible]
ગ્રહણ–આસેવન શિક્ષા–વિહાર–જ્ઞાનક્રિયાનો અભ્યાસ કરે
માતા–પિતાના હર્ષમહોત્સવપૂર્વક સાધ્વી સંસ્થાને ખોળે જી
સમર્પિત કરે છે. આજના વિશ્વમાં વિલાસના મહામા
યુગમાં–આ પણ એક અજાયબીજ ગણાયને? વિધવા શ્રાવિકા
માટે તો આ સર્વોત્તમ માર્ગ બને જ બને.

'સાધર્મિક વાત્સલ્ય' એ છે અમૃત ઝરણું. સંજીવ

ક્રોધથી રાતો-પીળો નહિ. માનનો થાંભલો નહિ. માયા-કપટને છાયે નહિ. લોભથી ક્ષોભ નહિ લોભમાં આવી કરૂણા-દયા છોડે નહિ. સામાની આંતરડી કકળે-તે રીતે વેપાર નહિ. રોગમાં વિહ્‌વળતા નહિ. આંખો ડાફોરીયાં મારે નહિ. રૂપનો ગર્વ નહિ. દ્વેષ પર જ દ્વેષ. શત્રુ ગણનાર પર પણ ઝેર નહિ. દ્વેષ માત્ર દુર્ગુણો પર. ક્લેશ-કંકાસ ગમે નહિ. વાણીમાં મીઠાશ. શબ્દોમાં કોમળતા. ખોટું આળ કોઇના પર ચઢાવવું ગમે નહિ. સુણી-સુણાઈ પર ધ્યાન જ નહિ. ચાડી-ચુગલી કરે તો નહિ, પણ સાંભળવાય તૈયાર નહિ. ગમે તેમાં ગાંડો નહિ. ન ગમતામાં ઉદ્વેગ નહિ. શબ્દ-રૂપ-રસ-સ્પર્શ-ગંધ પાંચે વિષયોમાં પાગલ નહિ. ગાંડો હાથી ન બને. ઉલ્લઠ આખલો ન ગણાય. લંઠ-ત્રંઠ કે ગુંડાની ગણત્રીમાં ન આવે. પરની નિંદા ન તો કરે, ન તો સાંભળે. નિંદા એટલે પાપનું પ્રવેશ દ્વાર. વિના કારણે પાપ પલ્લે પડે. સાર કાંઈ ન જડે. કર્મોથી આત્માને જડે. શિષ્ટ દુનિયાને દેખ્યો ન ગમે. **નિંદા વિના કારણનો રોગ છે.**

કપટકળા પૂર્વકનું જુઠું કદી ન કેળવે. સારા હોવાનો દેખાવ કરી અન્યને ન ફસાવે. ધર્મને નામે વિશ્વાસઘાત ન જ કરે. સાચાનો દેખાવ કરી મહાજૂઠ ન આચરે પાપને પાપ માને. પુણ્યને પુણ્ય માને. સદાચારનો પક્ષપાતી. દુરાચારથી દૂર રહે. દેવ-ગુરુનું બહુમાન કરે. સુસાધુ પ્રત્યેનો અપૂર્વ આદર. સન્યાસી-બાવા-માર્ગાનુસારીનું શાસ્ત્રીય ઔચિત્ય ન ચૂકે. અન્ય દેવ-દેવીની દેવકુલિકાઓથી દૂર રહે. મિથ્યાત્વીની પૂજા-પ્રભાવનાથી મૂઢ ન બને.

મહારાજા સંપ્રતિ ધર્મ પામ્યા, સમ્યક્ત્વ પામ્યા. પૃથ્વીને જિનાલયોથી મંડિત કરી શુદ્ધ શાશ્વત જૈન ધર્મની પરાકોટિની પ્રભાવના કરી. સાધુઓનો સંચાર અનાર્ય દેશોમાં પણ વ્યાપક બનાવ્યો. સર્વના મૂળમાં નિમિત્ત શું હતું ? રથયાત્રા.

તિત્થજત્તા ય

તીર્થયાત્રા. તારે તે તીર્થ તરવાનું સંસાર સાગરથી સંસાર ભયંકર દુસ્તર સાગર છે. ક્રોધ-મદ-માયા-લોભાદિ અનેક ભયંકર મગરમચ્છાદિ-વ્યાપ્ત છે. રાગદ્વેષના વાંભ વાંભ તરંગો ઉછળ્યા કરે છે. અનંતા આત્માઓ અનાદિ કાળથી યાતનાઓથી ચીસો-બૂમો-રાડો પાડે છે અશ્રાવ્ય આર્તનાદે સંભળાયા કરે છે. એમાંથી તરવા-મુક્તિકિનારે પહોંચવા આશ્રયસ્થાન તીર્થ છે. એ તીર્થોનું ઉદ્ભવ સ્થાન સર્વજ્ઞ ભાષિત શ્રી જિનરાજ સ્થાપિત મહાતીર્થ-મહાશાસન છે શ્રીમદ્ તીર્થંકરદેવો કેવળજ્ઞાન પછી શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે. મહાન ગણધરદેવો ત્રિપદી પામી, દ્વાદશાંગીની રચના કરે. તે દ્વાદશાંગીને પ્રભુશ્રી વાસચૂર્ણ-મુષ્ટિથી પ્રમાણિત કરે. તીર્થ પ્રવર્તે, તે આગમ શાસ્ત્રો ઉપ નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકાઓ રચાય. તે પંચાંગી પ્રમાણ સર્વ આજ્ઞાઓ પ્રત્યેનો શ્રદ્ધાપૂર્વકનો આદર બહુમાન-રે છે ભાવતીર્થની યાત્રા.

તે ભાવોને જાગૃત રાખનાર, પોષનાર, વધારનાર દ સ્થાવર તીર્થો. ત્રિભુવન સ્વામીના મનોહર પ્રાસાદો અને

સુખ્ય લક્ષણ બનવું જોઈએ. જયણાએ ધર્મ. જેમ બને તેમ ઓછો આરંભ-સમારંભ. ખાનપાનની ખીલવણી નહિ. મોજશોખનો વેગ નહિ. વ્યસનાદિ તો હોય જ શેના? અભક્ષ્ય અનંતકાયનું તો નામ જ નહિ.

ઉભયટંક પ્રતિક્રમણ-પૂજા-સ્નાત્ર-ભાવનાનો જ રંગ હોય. તોજ ભક્તિ અભંગ બને. તોજ આત્મામાં રંગ જામે. તોજ બુદ્ધિ ગંગ-નિર્મળ બને. આત્મા ચંગ બને.

જમાનાની અસર કાળમીંઢ થવા લાગી છે. પ્રાણ પ્યારા શ્રી શત્રુંજયાદિ તીર્થો પર રેડીઓની તર્જો વગાડતા ચઢવું. પ્રણયનાં ગીતો ગાવાં. હાથમાં હાથ મિલાવી વિકારોત્પાદક દશ્યો સર્જવાં ખાવું-પીવું-અમનચમનથી હરવું-ફરવું. હાહા-હીહી ઠઠ્ઠા મશ્કરી. આ છે આજની કેળવણીનાં દૂષણો, તીર્થસ્થાનોમાં પણ વ્યાપક બનતાં. જનતા આ જુલ્મો નિહાળે છે. શાણાઓ મૌન રહે છે. ખોટી રફતાર આગળ વધતી જાય છે. તે આત્માઓ બિચારા અજ્ઞ-દશામાં અઢળક કર્મબંધ કરે છે. આગામી ભવમાં દીન-હીન-રોગી-મુંગા-બોબડા બનાશે-એમ સમજતા નથી. આગેવાનો પોતાની સૌમ્ય ફરજ બજાવતા નથી. એમનું શું? ન્યાય તો કુદરતને ખોળે-કર્મના રાજ્યે એક સરખો જ. કર્મોની યાતના ભોગવતાં કોઈ મદદે નહિ આવે. કોઇ બચાવી શકશે નહિ.

તરવાના સ્થાને ડૂબવું એ કેવી બેવકૂફાઈ. પવિત્ર ધામોને અપવિત્ર બનાવવાં એ કયી કુશળતા? જે મુનિવરો છતી શક્તિએ નિષ્ક્રિય રહે અગર મૌન રહે તેમનું શું?

ઉપશમ રસ હતો ખંધકમાં. ખંધક મુનિના ઘાણીમાં પીલાતા સર્વોત્તમ શિષ્યોમાં ઉપશમે સર્વાંગ સુંદર ચેતન પ્રગટાવ્યું. મુક્તિનું ધામ નક્કી કરી આપ્યું. દેહની પરવા નહિ. દુઃખની પરવા નહિ. ભયંકર યાતના આપતા દુર્દાંત પ્રત્યે ભાવદયાનો ઝરો. તેને મિત્ર માની, ઉપશમ રસમાં સ્નાન કરતા મુક્તિએ પહોંચ્યા.

ઉપશમ હતો ચિલાતીપુત્રમાં. માર–તાડન–ગોફણ સહન કર્યા. ઉપવાસ પર ઉપવાસ. શમરસનો દરિયો. દુર્ગતિ કાપી, પાપ પ્રજાળ્યા. કર્મો ધ્રુજાવ્યાં. સદ્‌ગતિનાં દ્વાર ખુલ્લાં કર્યાં. પ્રશમનું અનુપમ પાન!

'ક્રોધે ક્રોડ પૂર્વનું સંયમ ફલ જાય.' સંયમનો આસ્વાદ પ્રશમમાં. પ્રશમ ગયો કે મોહરાજા સ્વાર થાય. સારીએ આરાધનાને કાળમીંઢ ક્રોધ સાફ કરી નાખે. પ્રસન્નચંદ્ર સાતમીનું આયુષ્ય–દળીઆં એકઠાં કરે. પ્રશમનો પવન પળમાં તે સાફ કરે. સર્વાર્થની તૈયારી કરાવે. કેવળજ્ઞાન પ્રગટાવે દુંદુભિનો નાદ થાય.

ધર્મકરણી–ક્રિયાઅનુષ્ઠાનો–પૂજા–સામાયિક–પોષહ–દેશવિરતિ–સર્વવિરતિ–પાંચ સમિતિ–ત્રણ ગુપ્તિ–નવતત્ત્વનું જ્ઞાન આગમશાસ્ત્રોનું પઠન–પાઠન–પ્રવચનદાન–આદાન–તીર્થ પ્રભાવના–રક્ષા–સઘળું પ્રશમની પ્રાપ્તિ માટે. આત્મગુણમાં ઓળઘોળ થવા માટે. સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રાપ્તિ માટે.

પ્રશમ એનું સાધન. પ્રશમ એનો માર્ગ–પ્રશમ પ્રાપ્તિ એજ પરમાનંદ.

સંવર

સંવર આવતા કર્મને અટકાવવા. આશ્રવનો નિરોધ; પાપના વહેણુને આવવા જ ન દેવું. આશ્રવનો ધોધ અનાદિકાળથી ચાલુ છે. સમયે સમયે સાતે કર્મનો બંધ ચાલુ છે–સિવાય આયુષ્યકર્મ અનેક પ્રકારની યૌગિક ક્રિયાઓથી શુભાશુભ કર્મો આત્માને ચોટયા જ કરે છે. આ વેગીલા પ્રસરને રોકી દેવો–એ જ સંવર તથાપ્રકારની પ્રશસ્ત ભાવાત્મક ક્રિયાઓથી સાવદ્યને રોકવું જ પડે. પછી ભાવનાના ઊંચા સ્ટેજે પ્રશસ્ત પણ આવતાં–અટકી જાય. પુરાણાં ઉચ્ચ કોટિના આત્મ–પરિણામોથી સાફ થઇ જાય. સર્વસંવરભાવને આત્મા પામે. મુક્તિના સુખને ચાખે.

સંવરની પ્રક્રિયા વિશિષ્ટ કોટિના સમરસભર્યા અધ્યવસાયો પર અવલંબે છે. તે માટે નિર્મળ નિર્ભેળ સમ્યગ્ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અતિ આવશ્યક છે. નવે તત્ત્વનું સુવિશદ ઊંડુ તલસ્પર્શી જ્ઞાન જ તે માટે સહાયક બને છે. જીવના ભેદોનું સ્પષ્ટ જ્ઞાન નથી જીવદયા–ભાવદયા શું વિચારશે? અજીવથી અજ્ઞાત છે પુદ્ગલની રમત–કરામતને શું સમજશે? પુદ્ગલાત્મક કર્મોની આત્મા પરની ગાઢી અસરને કેવી રીતે નાબૂદ કરશે? પુણ્ય–પાપના વિસ્મયકારી ખેલો–જાદુઓ તો આંખ સામે રાખવાજ પડે. આશ્રવ સામે સંવરને સુબદ્ધ રીતે ગોઠવતાં આવડવું જ જોઇએ. કર્મના બંધને નિર્જરવાની મહાન યુક્તિ અજમાવવી જ પડે આમ થાય તો જ મોક્ષ તત્ત્વ સાદશ બનેને! આ સૌની પહેલાં મોક્ષમાં અટલ શ્રદ્ધા જન્મથી જ જોઇએ.

કર્મના ગાઢા બંધ કરે છે. વેરની પરંપરા જન્મે છે. માટે ભાષા–વાણી–શબ્દ પરનો શિષ્ટ કાબુ અતિ જરૂરી બની રહે છે

એમાં પણ વિશ્વકલ્યાણકર–ત્રિભુવનપતિ તીર્થંકર-દેવોની વાણીથી વિરૂદ્ધનો ઉચ્ચાર ભૂલથી પણ થઈ જાય, અબોધિજનક કર્મ બંધાઈ જાય તો સમજ પૂર્વકનું ઉત્સૂત્ર ઉચ્ચારણ કેવા ગાઢ નિકાચિત કર્મ બંધાવે? માટે જ પરમર્ષિઓએ કહ્યું 'ઉત્સૂત્રસમું પાપ ન કિસ્યું.'

છ જીવ કરુણા ય

આ છે શ્રી જિનશાસનના ધર્મનો મર્મ. ષટ્કાય કરૂણા ષટ્કાય નિરૂપણ–પરામર્શ અને વિસ્તાર એક માત્ર શ્રી સર્વજ્ઞ ભગવંતના મહાશાસનમાં જ જોવા–સાંભળવા મળે છે. પૃથ્વીકાય–અપકાય, તેઉકાય-વાયુકાય-વનસ્પતિકાય અને ત્રસકાય એમ છ. પૃથ્વીના પણ જીવો છે પાણીના પણ જીવો છે. એટલે કે પૃથ્વી એક શરીર છે તેમાં આત્મા ચેતનાસહિનનો છે. પાણી એક શરીર છે. તેમાં આત્માઓ છે. તે જ પ્રમાણે બાકીની ચાર નિકાયમાટે. આમે આત્મા દષ્ટિ અગોચર છે જ–પણ મનુષ્યાદિના શરીરના હલન ચલન પરથી આત્માનો ખ્યાલ આવે છે. ટેબલ–ખુરશી ચાલતા નથી મૃતક–મડદુ ચાલતુ નથી. કોઇ ક્રિયા–ખાવા સાંભળવાઆદિની કરતું નથી. જ્યારે પૃથ્વી–અપ–તેઉ–વાયુ–વનસ્પતિ ભલે એક સ્થળેથી બીજે સ્થળે જઇ શકતા નથી. પણ નાના–મોટા થવું, ખીલવું,

જયણા-જીવદયા, એ ધ્યેય માર્ગ છે પરમપવિત્ર સાધુ મહાત્માઓના

જ્યારે ગૃહસ્થ ઉપાસકો બનતી શકયતાએ ઓછામાં ઓછી પીડા જીવોને થાય-તે રીતે જીવન ગાળે. અલ્પહિંસા ન છૂટકે સેવવી પડે છે-તે બદલ પણ હૈયામાં દુ:ખ હોય છે. એ આત્માનો ધ્યેય સાધુપણુ પામવાનો જ હોય છે. પણ શારીરિક-માનસિક નબળાઇના કારણે, ન છૂટકે સંસાર સેવે છે વ્યાપાર-ધંધામાં પણ અતિહિંસાના ધંધાથી દૂર રહે છે. એટલુ જ નહિ. બનતી શકયતાએ ઓછામાં ઓછે વેપાર-ઓછામા ઓછો આરંભ એનું ધ્યેય હોય છે.

अप्पोसि होई वधो जेण न निद्धंधस कुणइ-ત આત્માને કર્મબંધ થાય છે. પણ તે અતિ અલ્પ, કારણ પરિણામ કુણા હોય છે -દયામય હોય છે. દયા આત્માની રક્ષિકા છે ધર્મની જનની છે. ધર્મનું મૂળ છે. આ માટે દયાના પ્રકારો-દયાની ભૂમિકાઓ, ધોરીમાર્ગ-અપવાદ પાલનનીતિ-રક્ષણનીતિ પણ સમજવા જોઇએ.

ઉત્તમ સાધુને સોળ આની દયા. ગૃહસ્થને-શ્રાવકને એક આની દયાનો અમલ શકય છે. તે પણ સાવચેત-ઉપયોગવંત-ધર્મમય સદ્‌ગૃહસ્થને. ખરી રીતે કરુણા-દયા પટ્કાયપરની આત્મ-કલ્યાણ માટે જ છે. આત્મા પરની ભાવ કરુણા છે.

એક આત્મા સાધુ બનવાનો છે. સુંદર પુણ્યોથ અંગરચના કરે છે. કર્મની નિર્જરા સાથે પુણ્યાનુબંધ

ધર્મી ધર્મી આત્માની પરિસ્થિતિના પણ ખ્યાલ રાખે જ ને! વાત-પરથી વર્તમાન સુખદુઃખની અવસ્થાને પણ કળી જાય ને! તેના ઉપાય શકય રીતે કરવા મં લલચાયને!

કોઈ ભારે કર્મના ઉદયે શ્રદ્ધાની નાવ ડોલતી પણ જણાય તો સાધર્મિક તે નાવને સ્થિર બનાવી જ દે ને! ધર્મીજનના સંસર્ગનું સાચુ-મીઠું ફળ તો ખરૂં આજને

સંસર્ગ અને તે સત્પાત્રનો. પાત્રતા ખીલવે જ ખીલવે પાત્ર જો પાત્ર હોય તો સદ્‌ગુણો ખીલે અને વધે. સુંદર ભાવનાઓ વૃદ્ધિ પામે, શાસન હૈયામાં રમતું-જમતું બની જાય વિરાગ ખીલે. સાધુપણું ચોવીસે કલાક આંખ સામે રમે. સાધુ-દર્શન-વૈયાવચ્ચ ગમે. આ બધાં ફલ છે -સાધર્મિકના સંસર્ગના-સોબતનાં.

ક્રિયા-અનુષ્ઠાન-પૂજા-ભાવના-સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-વરઘોડા-મંગળ મહોત્સવો, સંઘયાત્રા-તીર્થયાત્રા-રથયાત્રા-સાધર્મિક વાત્સલ્ય નોકારસી-આ બધા છે ધર્મીજનોના સામુદાયિક સંમેળા. એ છે જૈન શાસનના પ્રભાવક-આકર્ષક-સ્થિરીકરણકારક-ઉત્થાનમાર્ગદાયક. અવરોધ-વિદારક, વિશિષ્ટ કોટિના વિશ્વકલ્યાણકારક સાર્વીય લોહચુંબકીય તત્ત્વો.

કરણદમો

પાંચે ઇંદ્રિયોને દમવી ઇંદ્રિયોના કાબુ વિના ધર્મ હોય જ કયાંથી? સારૂં સાંભળવું. સારૂં જોવું. સારૂં સુંઘવું,

તલસતો હોય. તલસાટ એનો ચાલમાં-બોલમાં-વર્તનમ દેખાય. ખાતાં-પીતાં, ઉઠતાં-બેસતાં, વેપાર-નોકરી કરતાં બાળક રમાડતાં કે પત્ની સાથેની પ્રેમાળ વાતમાં, વિરાગ એનો ઝળકતો વિરાગ રાતદિવસ વધતો રહે. કર્મની સાંકળે તૂટતી રહે સમયે સાવધાન બની જાય ગૃહીપણાનો આંચળો ફગાવી દે. સાધુપણાનો પોષાક પહેરી લે બાહ્ય લક્ષ્મીને ત્યાગ-અભ્યંતર લક્ષ્મીનો ઉપાસક.

ક્રોધ-લોભ-મદ-માયા, જાય ભાગ્યા, જાય ભાગ્યા. હૈયુ નિર્મળ સ્ફટિક જેવું મન-સ્વાધ્યાયમાં તન વૈયાવચ્ચમાં વાણી ગુરુગણ-ગુણગાનમાં, આત્મા મુક્તિના તાનમાં રખ નહિ હવે ભવ-રાનમાં આ બધી છે વાતો સમજવાની સાનમાં સદા રહેવું જિન-ધ્યાનમાં મોહ બિચારો બેઠો મ્યાનમાં

સમ્યગ્દૃષ્ટિને પણ ચારિત્રમોહ પીડે વિરતિમા આવવા દે. અનિચ્છાએ પણ સંસારમાં રાખે. આનંદ પ્રમોદમા આકર્ષે, પણ સમ્યગ્દૃષ્ટિ એટલે ભારે સાવધા એનું અવધાન સયમમાં. કર્મોને કાપે એની સત્તા-શક્તિ માપે ગુલાંટ ખવરાવે. સમયે હાંકેજ હાંકે. ચારિત્ર મોહ વિલય થાય-ક્ષય થાય. ઘાતીનો ઘાત થાય. વીતરાગ બને કેવળ પામે અનંત જ્યોતમાં, સાદિ અનત જ્યોત ભળે

સઘોવરિ બહુમાણો

શ્રી સંઘ ઉપર બહુમાન પ્રભુ આજ્ઞા પાલક, રત્નત્રય આરાધક શ્રી સંઘ, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ શ્ર

ચતુર્વિધ સંઘ મુક્તિપુરી પ્રયાણ કરતો શ્રી સંઘ વિશ્વમા[illegible] અભિનવ ધપાવતો શ્રી સંઘ ગુણસમૂહને ધપાવતો [illegible] તો-દીપાવતો શ્રી સંઘ અંગ [illegible]સ્થાનપન્ન શ્રીસંઘ

તત્ત્વજ્ઞાનની જ્યા છોળો ઉછળી રહી છે તે શ્રી સંઘ વિશ્વમાં [illegible] ઇચ્છતો શ્રી સંઘ સદ્‌ગુણોમાં મહા[illegible]તો શ્રી સંઘ પવિત્ર [illegible] પર્વો-શ્રી જિનમંદિરો-ઉપાશ્રયો, [illegible]આદિ [illegible] શ્રી સંઘ

પૂ. સંઘ માટેની માગે [illegible] બની [illegible] શ્રી સંઘ [illegible]-[illegible]ભક્તિ આદિ અનેક સુવિધા સર્જતો શ્રી સંઘ તીર્થયાત્રા-રથયાત્રા-શોભાયાત્રા [illegible] શાસન[illegible] કરતો શ્રી સંઘ [illegible] આગમ લખાવતો-[illegible] [illegible]માં [illegible] પ્રચારતો શ્રી સંઘ

[illegible] વિશ્વનું અજોડ-અંતિમ [illegible] અનાદિ [illegible] શ્રી સંઘ એનો [illegible]-[illegible]-[illegible]-પૂજન [illegible] [illegible] જિન આજ્ઞાનું પાલન, માટે જ શ્રી સંઘ [illegible] સત્ય અનેક [illegible], [illegible] આદિ [illegible]ના [illegible] છે

[illegible] શ્રી સંઘ-એજ વિશ્વનો [illegible] સિદ્ધાંતરક્ષણ એ શ્રી સંઘનું મહાકાર્ય છે સત્ય સિદ્ધાંતો [illegible] વિશ્વસ્થિતિ નિર્ભર છે જ્યારે પણ સિદ્ધાંતો [illegible] શ્રી જૈન શાસનના, [illegible] દુનિયા [illegible] [illegible] [illegible] ની [illegible] પરિસ્થિતિ-જેનો પ્રત્યક્ષ અનુભવ [illegible]વે છે શ્રી જૈન સંઘ એટલે સત્યની આલેખક [illegible]

એક સુવર્ણ ઘંટ છે. આત્માને જાગતો રાખવા માટેને સાત્ત્વિક નાદ છે. ગંભીર રક્ષણાત્મક વ્યૂહ છે. અગણિત ગુણધારી વિશ્વઘટક છે.

સારાએ વિશ્વનું ચૌદરાજ લોકનું સમગ્ર જ્ઞાન શ્રી સંઘમાં સભર છે. સર્વોત્તમ સત્પાત્રોનો નિધિ શ્રી સંઘ છે આજે એમાં છિન્નભિન્નતા આવી છે. કારણમાં ઉત્સૂત્ર પ્રવૃત્તિ મુખ્ય છે. જડવાદની આંધી છે. ભૌતિક સુખોની ઉભી કરાયેલી કૃત્રિમ લાલસા છે. ધર્મભાવનાનો નાશ કરવાની પથરાતી જતી જાળ છે.

એનાથી શ્રી સંઘોને ચેતતા રાખવા એ સાચી ભક્તિ –બહુમાન છે. એમાં ગણવેષધારીના ઉત્પાત અને આંધળીયા પણ ભાવદયા–ભર હૈયે સમજાવવા પડે. આંગ્લ પ્રજાની કુયુક્તિઓ પણ ખુલ્લી કરવી પડે અનુપમ પ્રભુ–શાસન યુક્ત શ્રી જૈન સંઘમાં જન્મેલાઓને ચેતવવા જ પડે. એજ સાચો સત્કાર છે

એ માટે શુદ્ધ શ્રદ્ધાધારી, ચારિત્રપાત્ર પૂજ્યોનાં પ્રવચનો જરૂરી; નિર્મળ–નિર્ભેળ–શાસ્ત્રાનુસારી લોકભોગ્ય શૈલિનું સરળ સાહિત્ય જરૂરી. ઓચ્છવ–મહોચ્છવ–પૂજા–પ્રભાવના, વિધિપૂર્વકનાં–સમજપૂર્વકનાં પણ જરૂરી છે. સ્વામિ વાત્સલ્ય–વરઘોડા એ છે શ્રી સંઘના મહામેળા, જો પૂરા ભાવ અને બહુમાનપૂર્વક યોજાય તો.

શ્રી સંઘનું બહુમાન એટલે તીર્થંકર–આજ્ઞાનું ગાન. ગાનમાંથી તાન જન્મે. તાનમાંથી ભક્તિનું ભાન. સભાન

આમાં શું શું ન કરે ? વિશ્વના ઉત્થાન માટે પોતે
શ્રમ અને ભાવનાને અભંગ બનાવે ભક્તિ બહુમાનના
રજ અને

પુસ્તકલિખણ

પુસ્તક લખાવવું સુંદર આગમ સંરક્ષણ યોજના
તથા કાગળ, ઊંચી નાગરી ધૂપ-દીપ મનોજ્ઞ સુગંધિદાર સ્વચ્છ
અક્ષરવાળા લહીયા લખતા હોય પૂજ્યો કાળજીપૂર્વક સંશોધન
થતું હોય ઉપાશ્રયે મા-બહેનો સંપન્ન ટહુકાના ઘરમાં
થતું અધ્યયન કરતો (અર્પણ કરતા) અંગરૂપ મઢવાની હોય
સ્વાધ્યાય શાસ્ત્ર પદ્ધતિ-આજ્ઞા મુજબ પઠન પાઠન થાય તેની
શ્રુત ગંગા વહેતી છે

આગમ-નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકા અને પન્નાવલી
વદુપરાંત શ્વેતાંબર મહાપુરુષોના સર્જેલ આનાં સાહિત્ય અને
સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી અન્ય ભાષામાં કંઈક કાવ્યાદિ
ધર્મ સાહિત્ય મહાન ઊંચી આલેખન અને સંશોધન
આ બધું વિશેષ કરી ... અન્ય કાળમાં ... અદ્ભુત
કોટીના દીપક ... તેને લખાવવા ... ત્યારથી
અલભ્ય બની જવા કેટલાક ... તેની
કોટી કોટી આદિ ... કરવામાં ... આ બધું ...
... ...
ભક્તિ બહુ

પ્રશ આમ ... નમૂનો ... ...

કામનો. શા માટે ન છપાવવા? પાંચની જરૂર હોય પાંચસોનો ઢગલો થાય કાગળ ટકાઉ નહિ. શાહી ઉડી જતી. પવિત્રતા જળવાય નહિ કારણો તો ઘણાં છે. છતાં છપાય છે—એ પણ હકિકત છે પણ આગમગ્રંથોનાં છપાતાં ભાષાંતર એ પરિણામે નુકશાનકારક સાબીત થયાં છે અને વધુ નુકશાન-કારક બનશે એ પણ લક્ષ્ય બહાર ન રહેવું જોઈએ.

વસ્તુ વસ્તુના સ્વરૂપે આલેખાવી—કહેવાવી જ જોઈએ. આપદ્ધર્મ તરીકે રક્ષણભાવથી કોઈ સુસુટત તથાકાલીન પ્રથા ચલાવવી પણ પડી હોય. તેથી તે રાજમાર્ગ જ છે એમ માનવું—મનાવવું ઠીક નથી. ખાટી ખાલી છીંડાં કાઢી —પ્રચારી મૂળ માર્ગને ખેર—વિખેર કરવાની ભાવના સ્વ—પર માટે આત્મઘાતક છે.

કોઇ પણ વાતના સાચા હાર્દને વિચારી, તેની તન્માત્રાનો સદુપયોગ કરવો એ છે—સન્માર્ગ. એ માર્ગ જ આત્મકલ્યાણ સધાવે. શ્રી સંઘમાં સમાધિયોગ જન્માવે. શાસનની સુચારુ પ્રભાવનાની ફોરમ જગતમાં ફેલાવી રાખે.

પભાવણા તિત્થે

અતિ આહ્‌લાદજનક છે આ ૩૬મું કર્તવ્ય. મુખ્યતયા શ્રાવકગણ માટે. સજઝાય શ્રાવક—શ્રાવિકા સમૂહ માટેની છે. એટલે આ દરેક કાર્યમાં તેમની જ મુખ્યતા હોય ને! 'સવિજીવકરૂં શાસન રસી' ની ઉદાત્ત ભાવના આ ૩૬મા પદના પાયામાં રહેલી છે.

સ્વરૂપને ઓળખે, આત્માના ચિદાનંદમય સ્વરૂપ તરફ આકર્ષાય, મુક્તિ જન્મ-મરણથી પામે, સિદ્ધિગતિમાં સદાને માટે સ્થિર થાય, એ જ છે ખરેખરી મહા-પ્રભાવના.

એ માર્ગની સામાને ઓળખ થાય. એ માર્ગ પર પ્રયાણ માટેનાં સાધનોની પ્રાપ્તિ થાય. એ પ્રયાણમાં સમાધિ-યુક્ત સરળતા થાય. એવી હરકોઈ યોજના-એનું નામ છે પ્રભાવના.

અઠ્ઠાઈ મહોત્સવ – વરઘોડા – સાધર્મિક વાત્સલ્યો – નોકારસીઓ – શ્રીસંઘ પૂજા – તીર્થયાત્રાના સંઘો, આ બધાએ તેનાં સુરમ્ય પ્રતિકો છે. હૈયે ભાવના ઊંચી, સ્વ-પર કલ્યાણની. માર્ગ વિધિ મુજબનો. વિવેક અને ઉદારતા ભર્યો. સામાને હૈયે ધર્મ પેદા કરી દે.

ચાલુ વ્યાખ્યાનાદિને અંતે થતી પ્રભાવના અને સંઘપૂજનો વિવેક અને શિસ્ત જરૂર માગે છે. શાંતિથી નમનપૂર્વક આપવુ, સામાએ અનુમોદના પૂર્વક નમન સાથે લેવું. જોનારને પણ ધર્મ તરફ આકર્ષે ને ! શિસ્તના નામે મૂળમાર્ગને તો ન જ ઉડાવાય ને ?

કર્મની કઠીનાઇએ આર્થિક પરિસ્થિતિએ ઘેરાએલ સાધર્મિકોને સ્વસ્થ બનાવવા-એ પણ સમજભરી પ્રભાવના. પડવાઈ પરિણામવાળાને પુનઃ ધર્મમાં સ્થિર કરવા જેવી બીજી ઉત્તમ તીર્થની પ્રભાવના કઈ? હરકોઇ વ્યાત્મક શુભ પ્રવૃત્તિ શાસનમા-શુદ્ધ સનાતન સત્યો, શ્રી જૈન શાસનના અફર, કુદરતી ગણિત-યુક્ત સિદ્ધાંતો, વિશ્વમાં

આ અને, સૌના હૈયામા જામ થાય મુક્તિની કામના
ક, તે માટે સર્વજ્ઞ અરિહંત ભગવતો પર અનુરાગ
ધ સુંદર ધર્મપાલન કરવાનો તલસાટ તરવરે, સંસાર
ભાને, શુદ્ધ શ્રદ્ધાનુ દિવ્ય રસાયન પાન કરતા
પ્રેરે એનુ નામ જ તીર્થપ્રભાવના

એવી તીર્થપ્રભાવના માટે, વસ્તુપાલ તેજપાલે આબુપર
ને ગજવતા ચૈત્યો ચણાવ્યા ધનાશેઠે રાણકપુરમા ૧૪૪૪
સ્તંભવંત નિમાયો પ્રાસાદ સરજ્યો, અને ગિરનાર
પેલુ પાવનકારી મહાતીર્થ શત્રુંજય યુગાદીશ્વર
દેવ બાબા અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર દેવ
કરે તેમની સેવ તીર્થયાત્રાની ઝૂડી ટેવ હૈયે સદા
દાદાની સેવ, તીર્થ તારગા, સૌને આપે સાચો તાર
રાગની ધારાએ ધ્યાન મળે ન સ્હેજે ખાર આરન પડે માર
બાજુના નદિ સુમા શીખરજીમા વીસજિન – તેની યાત્રા
વિનુ સંસાર સાવ નકામો પાણી વિના જેમ મીન આત્મા બને
અનુરાધ મા લીન

મહુડીનું ક્રિયાશીલ

ઓહનુ આ કાવ્ય ધ્યાનયુક્ત શાવક ગણના
ય ક કરજો રમણીય ભાવના ઉપજાવે નેવા શ્રાદ્ધ મહિમા
વ કરાવ તેવા. વારે વારંવારથી, ઉતારે અપાર ભવભવ
સુકાવ્ય સેમકર જિન સ્વામી યોગ-ક્ષેમના કરનાર
ધર્મની ઓળખ પ્રભુથી કરાવે. ધર્મમા ક્ષ પ્રભુથી ભવ
માર્ગ એહનો છેહ ક્યારે ક્યા અનુપમ નેહ પાવે.

આચાર્યના ગુણ ૩૬. શ્રાવકના આસેવ્ય કર્તવ્યો ૨૬ કોઈના પર ન કરવી રીસ. કદી પાડવી નહિ પડે ચીસ. તું બનીશ સાચો ઈશ. ઈશ બન્યા અનંતા. સિદ્ધ વતો અનંતા. સંસારનો થાએ અંત. ભવ્યાત્મા મુક્તિવધુનો કંત.

આજે ભૂલાયો છે ધર્મ. ભૂલાયું છે અનંત ભવિ રખડપટ્ટો સંસારનો આંખ સામે રાખે. તે શ્રાવક ધર્મ ફળ ચાખે. તેની કાળજી પુણ્ય રાખે. પુણ્ય પનોતુ પુણ્યા બંધી. સામગ્રી સંસારની પણ સઘળી આપે. દિવ્ય સુખોમ રાખે. પણ આત્મા તેમાં ન રાચે. સાધુ બનવાની ભાવના જાગે. હૈયુ એક જ મુક્તિપદ માગે. શ્રી જિનશાસનના અનુપમ રાગે.

જડવાદની જીવલેણ આત્મઘાતક આંધી. વીસમી સદીનો વિકરાળ કાળપંજો. પરદેશીઓની ફેલાવેલી મધલાળ. કુયુક્તિ બાજોએ ગોઠવેલી ધર્મ સંહારક સુરંગો. કેઈંક કુરંગો. બિચારાં હરણિયા બેબાકળા આથડે છુટવા દુખમાંથી. દુઃખના ડુંગર ખડકાએ જાય. માર્ગ બતાવે ન કોઇ સાચો. માલ બધો ચારે બાજુ કાચો.

પાકો માલ મલે શ્રી જૈનશાસનમાં — માર્ગ સરળ સીધો અને સ્થાને લઈ જતો, ઝાંઝવાના નીરને ઓળખાવે દેતો પુદ્ગલની બાજી સમજાવે. ભૌતિકવાદની ભૂતાવળથી બચાવે શરીરની અશુચિનો ખ્યાલ આવે. લક્ષ્મીની ક્ષણ-ભંગુરતા હૈયે બેસાડે. સાધુ ધર્મની ઉદાત્ત ભાવનામાં રમાડે.

શ્રાવક ધર્મની સુવિશાળતામા મસ્ત બનાવે છત્રીસે કર્તવ્યોમા સાબદા બનાવે સીવીલ કે ક્રિમિનલ કાયદા આડા ન આવે એ નાર દોસ્તીન ભાવે, ધર્મ ધ્યાનમા મસ્તી જાગે જિન પાસે મુનિના મેવા માગે

વ્હેવારિક ધ્રુવી, પોષાક પહેરવેશ, ખાનપાન—સઘળા માર્ગાનુસારી, આય સંસ્કૃતિને છાજતા ન દુઃખજ કાનેન્દ્રા [illegible] આછકલી દેવવિભૂષા ન ચેનચાળા પાપ આમ ત્રણકારા ધર્મ આજ્ઞાબદ્ધ વેપાર—નોકરી પ્રામાણિક ચાલમા અહિંસા વેમા સત્ય, વ્યવહાર ચોખ્ખો, ચોરી હીન આખ અવિકારી, કે નીચી જયણાયુક્ત લોભે લલચાય નહિ લીધુ તેનુ આપવુજ બોરબેળ નહિ તોલ—માપ—દાંડી બરાબર. દુ ખો [illegible] એની ખબર પાપોની—કર્મોની સર્વથા ટખર આત્મા [illegible] ખબર.

નિત્ય સુગુરુવચનશ્રવણ

આ બધુ નિત્ય બના રહે ક્યારે? સદ્‌ગુરુવચનશ્રવણ [illegible] થાય ત્યારે સદ્‌ગુરુ કુમતાપી પંચમહાવ્રતધારી, [illegible] કંચન—કામિનીના સર્વથા ત્યાગી સંસાર અસાર [illegible] પર ના નાખે કોઈના પર કર મમ ના કરે આમ કર [illegible] આવે પાપને રૂપે મગ એ રૂપે સ્વરૂપ [illegible] [illegible] સમજાવે મિથ્યાત્વ કરમાવે

પ્રત્યાગી પર પ્રેમ જન્માવે આત્મ—નિત્ય નિત્યતાની [illegible] સમજાવે ગતિ—રીતિ જ્ઞાન [illegible] સદ્‌ગુરુ

વિસારે પાડે. કષાયોને કાઢે. પ્રશમ પ્રગટાવે. ભાવ-અમ ભર્યાં વેણ ઉચ્ચારે. ભવભ્રમણનો ચાર સમજાવે. સંસાર-ભાવનો ભ્રંશ કરે.

સદ્ગુરુ વચણે કરી, રહેશું આતમ-સ્થિર.
ભવભ્રમણ દૂરે કરી, લહેશું કેવળ અચિર.

સદ્ગુરુ એટલે જ્ઞાનની ગંગા. સહવાસે મન બને ચંગા. ભાવ સદા રહે અભંગા.

સદ્ગુરુ એટલે તરવા જહાજ, સરે સરવાળે સઘળાં કાજ. જિનશાસનનું મોટું રાજ.

શ્રી જિનશાસનના સાધુ-સાધ્વી એટલે વિશ્વપૂજ્ય.
વિશ્વનો શ્રેષ્ઠ શણગાર. વિશ્વની શ્રેષ્ઠ તેજ-આભા. જો હૈયે
વસ્યા હોય શ્રી **જિનદેવ** અને **જિનઆણા.** શાણાઓનું
શાણપણ ટકે એમના ઉપદેશથી. વિવેક જાગે એમનાં વચને.
મિથ્યાત્વ ટળે એમના હૈયા-ટોણાથી. **સમ્યક્ત્વ** પે
થાય પિયુષ વચનોથી. **છએ આવશ્યકો** કરાવે. પ૦
વિષે પૌષધ કરાવે. **દાન-શીલ-તપ-ભાવનામાં** રમાડે.
સ્વાધ્યાય તો સાધુ-શ્રાવકના પ્રાણ. **નમસ્કાર** વિના
સંસારનો અંત નહિ **પરોપકાર** માટે સારૂં જીવન સમર્પે.
શ્રાવકને પ્રેરણા કરે. **જયણા**-આઠ પ્રવચન માતા-સાધુ અને
શ્રાવક બનેની રક્ષિકા. **જિનપૂજા-જિનસ્તુતિ** એજ છે
ધર્મની સાચી જડીબુટ્ટિ. **ગુરુસ્તુતિ** વિન ક્યાંથી ધર્મરુચિ ?
'**ધર્મિક-વાત્સલ્ય** ધર્મનો પ્રાણ. ભાવનાનું ત્રાણ

ગણધર દેવો. વહેતો રાખે ઝરો નિર્મળ પૂર્વધર પરમર્ષિ
અને યુગપ્રધાનાદિ આચાર્ય પ્રવરોની પરંપરા.
સુંદર મોક્ષમાર્ગ છે આ જિનશાસન. સાધુ
લેવું–પાળવું કઠીન લાગે છે ? ગમે તો છે ને ! લાલ
એનીજ ને ? ફીકર નહિ. પાળો શ્રાવકનાં બારવ્રત. પ્રભુ
નાથ ! હું પામર. બહુજ પાંગળો ! અનાદિની ટેવ ટળ
નથી. સુખશીલીયાપણુ જતું નથી. દુઃખના પારાવા
અનુભવો છતાં ભલે બંને માર્ગો ગમ્યા ! મનમાં રમ્યા
હૈયે કર્યા ? આત્મમાં દૃઢ બન્યા ?
કરો શ્રદ્ધા બળે સમ્યક્ત્વની કરણી. દેવપૂજા–ગુરુભક્તિ
શાસન–પ્રભાવના. લક્ષ્મીનો સદ્વ્યય. મોહની મૂર્છા પાતળી
કર્મોની કરો કાતરી, આગે બઢવાની ખાત્રી.
સંસાર ખરેખર ભૂંડો ! મોક્ષ જ એક રૂડો ! પાકી
શ્રદ્ધા ? ભગવંત ! પૂરી–પાકી નિર્મળ શ્રદ્ધા. તો હવે ના
બનશો બંધા. બઢે જાવ. બઢે જાવ આગે કદમ ઉઠાવે
જાવ. માયા મોહમાં ફસાશો નહિ કુગુરુ વચણે ફસાશો નહિ.
ખાલી ગણુવેષધારીના ફટાટોપથી અંજાશો નહિ. સદ્ગુરુવચણ–
શ્રવણ ટેવ છોડશો નહિ ઉદ્ધાર નક્કી. ના રહી હવે લાંબી
સંસારની ચક્કી. મુક્તિનિલયમાં વાસ નક્કી.
પરમાનંદપદદાયી પરમાત્મા અરિહંત ભગવંતોની
અનાદિકાલીન શુદ્ધવિશુદ્ધ સર્વકલ્યાણકારી આજ્ઞાનો આ અર્ક
છે. અમૃત છે. સૌ ભાવ–આરોગ્ય–પામી અનંત અવ્યાબાધ
સુખમાં વિલસે. એજ એકની એક ... અભિલાષ

૧૭. પાંચે ઇંદ્રિયોમાં પાગલ બનેલ માનવીનું શું ?
૧૮. ઇંદ્રિયોને વશ બનેલ મન માંકડા જેવું છે.
૧૯. પરવશ આત્મા બીચારો-બાપડો-રાંકડો છે.
૨૦. આત્મા પોતાને ઓળખે એટલે ફાંકડો બને.
૨૧. આત્મા અનંત શક્તિનો માલીક છે.
૨૨. તે સ્વયંભૂ શક્તિ કર્મોથી ઢંકાએલી છે.
૨૩. આત્માની અનંત શક્તિને પ્રગટ કરવાનો માર્ગ તે જ ધર્મ.
૨૪. ધર્મના શુદ્ધ માર્ગમાં મદદગાર સાધનો તે પણ ધર્મ.
૨૫. સાધનો સાધ્યની સિદ્ધિ માટે છે.
૨૬. સાધ્યથી અવળે માર્ગે લઈ જાય તે સાધન, સાધન નહિ.
૨૭. સેવા-ઉપાસના-ભક્તિ સાધનો છે.
૨૮. જન્મ-મરણથી મુક્તિ એ સાધ્ય છે.
૨૯. સાધ્યમાં આડે પડનાર કર્મોનો સમૂહ છે.
૩૦. કર્મો જડ છે. આત્મા ચેતન છે.
૩૧. જડની પકડમાં ચેતન પકડાએલો છે.
૩૨. જડપુદ્‌ગલની જાળમાં આત્મ ફસાએલ છે.
૩૩. કર્મો જડપુદ્‌ગલનો જોરદાર જત્થો છે.
૩૪. કર્મો આત્મા સાથે દુધ-પાણી જેમ એકમેક છે.
૩૫. તે કર્મોને છૂટા પાડવા એજ સાચો પુરુષાર્થ છે.

૩૬ ધર્મકાર્યમા સાચો પુરુષાર્થ જ કામીયાબ બને છે

૩૭ પુરુષાર્થની પ્રબળતા આત્માના શુદ્ધ વિચાર પર અવલંબે છે

૩૮ શુદ્ધ વિચારોની આવૃત્તિ માટે આલંબન અતિ જરૂરી છે

૩૯ શુદ્ધ આલંબન એજ ઊર્ધ્વગતિ માટેનુ સાધન છે

૪૦ વીતરાગ પરમાત્મા અરિહંત એજ સર્વશ્રેષ્ઠ આલંબન છે

૪૧ વીતરાગ રાગ દ્વેષ અને મોહથી સદા પર હોય છે

૪૨ અરિહંત જ તેનુ નામ જે રાગાદિથી અજિત હોય

૪૩ રાગદ્વેષાદિ શત્રુઓને જીતે-હણે તેજ અરિહંત

૪૪ તીર્થંકર બનવાની યોગ્યતા યુક્ત આત્મા અરિહંત બની શકે

૪૫ સકળ જીવોને સંસારથી તારવાની ઉત્કટ અભિલાષા તીર્થંકર બનાવે

૪૬ તીર્થંકર શબ્દ જ તીર્થને-શાસનને પ્રગટાવનારા તરીકે સૂચવે છે

૪૭ તીર્થ અનાદિ સિદ્ધ જ છે તેને પ્રગટ કરે-સ્થાપે તે તીર્થંકર

૪૮ આઠમાંથી ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યા પછી અરિહંત બને

૪૯. બાકીના ચાર અઘાતિ કર્મોના નાશથી બનાય.

૫૦. આઠે કર્મોમાં મહા ભયંકર મોહનીય કમ

૫૧. મોહનીય કર્મ આત્માને સુંઝવે. સ
ભાન ન થવા દે.

૫૨. સાચાને ખોટું, ખોટાને સાચું મનાવે મોહન

૫૩. અનંતા આત્માઓની દુર્દશા કરનાર મોહની

૫૪. મોહનીય જુજુઆરૂપે જગત્‌ને પીડે

૫૫. જગત્‌ને પાગલ બનાવનાર મોહનીય છે.

૫૬. દુનિયાના રંગરાગ મોહનીયના વિકારો છે

૫૭. પૈસા પાછળની પાગલતા મોહનીયને નશો છે.

૫૮. સ્નેહ-પ્રેમને નામે કામાંધતા મોહનીયનો અંધાપો છે.

૫૯. ગુણાનુરાગ એ તો સાત્વિક સ્નેહનું નિર્મળ ઝરણું છે.

૬૦. ગુણનો અનુરાગ માનવમાં અનેક સદ્‌ગુણો પેદા કરે છે.

૬૧. અતિ લોભ એ મોહરાજાની વણથંભી દોડ છે.

૬૨. માયા-લોભની સગી બેન-મોહરાજાની જ દીકરી છે.

૬૩. માન-ક્રોધનો પિતા અને મોહનો વહાલસોયો દીકરો છે.

૭૭. પાંચ પ્રકારની નિદ્રા હેરત પમાડે તેવી છે.
૭૮. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાન પર આવરણ પાથરે છે.
૭૯. ભણેલાને ભુલાવનાર જ્ઞાનનું આવરણજ છે.
૮૦. મહેનત છતાં જ્ઞાન પ્રાપ્તિમાં આડખીલ જ્ઞાનાવરણીય છે.
૮૧. અંતરાય કર્મ વસ્તુ પ્રાપ્તિમાં આડે આવી ઉભું રહે છે.
૮૨. દાન દેતા અટકાવે લાભ આવતો અટકાવે અંતરાય કર્મ.
૮૩. છતે સાધને સાધનનો ઉપયોગ ન કરવા દે અંતરાય કર્મ.
૮૪. આઠે કર્મોની કહાણી કમકમાટી ઉપજાવે એવી છે.
૮૫. કર્મો આઠને ઓળખે તે આત્માને ઓળખે.
૮૬. કર્મો આઠને દૂર કરવાનો પ્રયત્ન તે ધર્મ.
૮૭. કર્મો આઠને ટાળે, નાશ કરે તે સંસારથી મુક્ત થાય.
૮૮. આઠે કર્મોનો વિનાશ એટલે જન્મમરણનો અંત.

૧૮ સઘળીએ ધર્મક્રિયાઓ આઠે કર્મોના વિનાશ માટે જ

૧૯ આત્મા અવળી અને અવળચંડી ક્રિયાઓથી ટેવાયેલ છે

૧ સવળી અને મુક્તિ સાધક ક્રિયાઓ એ ધર્મનો ઉત્તમ પ્રકાર છે

૨ પાપનો પ્રલય કરે, પુણ્ય પ્રબળ બનાવે, તેને સાધનામાં યોજે—તેનું નામ ક્રિયા

૩ સાધના જ તેનું નામ જે સિદ્ધિ—સાધ્ય પ્રગટાવે

૪ સાધુ એટલે સિદ્ધિ માટે મથતો પ્રબળ આત્મા

૫ સાધુ એટલે વિશ્વનો નિસ્વાર્થ નિર્મળ બંધુ

૬ સાધુ એટલે પાંચ મહાવ્રત—નિયમનો પ્રતિપાલક

૭ સાધુ એટલે પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનો સૂક્ષ્મપાલક

૮ આઠ પ્રવચન માતાની રક્ષા એજ સાધુનું સુલક્ષણ

૯૯. સાધુ એટલે સંસાર વ્યવહારથી પર સર્વને સુખકર.

૧૦૦. સાધુ એટલે કંચન અને કામિનીનો ત્યાગી મહાવિરાગી.

૧૦૧. સાધુ એટલે સત્યમાર્ગના ઉપદેશક સંસાર-તારક.

૧૦૨. સાધુ એટલે સાધુ સમુદાયમાં સેવામૂર્તિ:

૧૦૩. સ્વાધ્યાય—સંયમ અને તપની ત્રિમૂર્તિ એટલે સાધુ.

૧૦૪. વીસે વસા—સોળે આની અહિંસાનું મહા-પ્રતિક સાધુ.

૧૦૫. સાધુ એટલે દેશનું ગૌરવ, વિશ્વનું ભૂષણ.

૧૦૬. સાધુતા વિના ધર્મ નહિ ધર્મ સંપૂર્ણ સાધુતામાં

૧૦૭. સાધ્વીગણ વિશ્વનો અમૂલ્ય ઝળહળતો અલંકાર છે.

૧૦૮. સર્વશ્રેષ્ઠ સાચી માતા સાચી ભગિની મહા-વ્રતધારી સાધ્વી છે.

૧૦૯. સાધુ એટલે વૈરાગ્યનું વહેતું ઝરણું.

૧૧૦ સાધુ એટલે ત્યાગ માગનો મૂર્ત ઉપદેશ ૯૬

૧૧૧ જયણા પળ પળએ સાધુનો આદર્શ

૧૧૨ જીવજંતુ પોતાના પ્રમાદથી ઈજા ન પામે એવી સતત કાળજી રાખની ૧

૧૧૩ સાધુ ચાલ આગળ ત્રણ હાથ દૂર નીચી દ્રષ્ટિએ

૧૧૪ સાધુની ગોચરી ૯૨ દોષથી રહિત

૧૧૫ આહારાદિ વાપરના પાંચ દોષને ટાળવા ઉપયોગવંત સાધુ

૧૧૬ સાધ્વી શ્રાવિકાવર્ગને ઉપદેશ દેવાનું પાન કરાવનાર

૧૧૭ બાળિકાઓના સંસ્કાર ભૂમિ સાધ્વીગણમાં સાધ્વી

૧૧૮ સાધ્વી ગણ આદરના જગતનું એક આદર્શ છે।

૧૧૯ નિકાલના ... ના યુગમાં ... વિરાગનું મહત્ત્વ પ્રસિદ્ધ ૧૦

૧૨૦ સાધ્વીને પણ પાન વિરાગની પ્રતિષ્ઠા છે

૧૪૪ જૈન સાધુ જીવન શ્રેષ્ઠ અહિંસક જીવનનું હુબહુ પ્રતિક છે.

૧૪૫ સાધુ એટલે જીવને નહિ મારવાની—નહિ મરાવવાની—મારતાને સારો નહિ ગણવાની પ્રતિજ્ઞા લેનાર.

૧૪૬ સંયમ પાંચે ઈંદ્રિયોના પાંચે વિષયો પર એ સાધુનું વિશિષ્ટ લક્ષણ છે.

૧૪૭ સંયમ વિના સાચુ સાધુ પણુ આવે નહિ. શોભે પણ નહિ.

૧૪૮ તપ એતો સંયમી જીવનનું મહા રક્ષણ કવચ છે.

૧૪૯ તપ વિના કર્મ ખપે નહિ. આત્માની મુક્તિ થાય નહિ.

૧૫૦ તપનો છ બાહ્ય અને છ અભ્યંતર બાર ભેદ છે.

૧૫૧ આંતર તપને સાધવા બાહ્ય તપ અતિ અતિ જરૂરી છે.

૧૫૨ અહિંસા સંયમ તપની સાચી વ્યાખ્યા જૈન શાસને જ કરી છે.

૧૫૩ શ્રી જૈન શાસન એટલે અનાદિ કાલીન અનુપમ

૧૬૩ સર્વ જીવ પ્રત્યે સમભાવ એ ગુરુનું વિશિષ્ઠ લક્ષણ છે.
૧૬૪ ધર્મતેજ જે શ્રી વીતરાગ અરિહંત પ[...] ત્માએ સમજાવ્યો છે.
૧૬૫ ધર્મ અહિંસા-સંયમ અને તપની ત્રિવેણી [...]
૧૬૬ ધર્મ સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન મયી છે.
૧૬૭ ધર્મ દાન-શીલ-તપભાવ ચારની ગુંથણીમાં છે.
૧૬૮ ધર્મ મૈત્રી-આદિ ચાર ભાવનાની ખીલવણીમાં છે.
૧૬૯ સર્વ જીવોના હિતની બુધ્ધિ એજ મૈત્રીભાવ છે.
૧૭૦ સામાલામાં સાધારણ પણ ગુણ જોઈ આનં[...] એ પ્રમોદ ભાવના છે.
૧૭૧ દુઃખીની દયા ચિંતવી, શક્ય તે કરી છુટવુ એ કારૂણ્ય ભાવના છે.
૧૭૨ દુનિયાના પદાર્થોની જરૂરીયાત પૂરી કરવી તે દ્રવ્ય કારૂણ્ય છે.
૧૭૩ આત્મ કલ્યાણના પંથે ચઢાવવા અને વધારવા એ ભાવકારૂણ્ય છે.

૧૮૩ સંસારના પદાર્થોમાં થતી રતિ અરતિ બંને પર દ્વેષ એ સમ્યગ્ દર્શન.

૧૮૪ આત્માનું સ્વસ્વરૂપમાં રમણ એ સમ્યગ્ દર્શન.

૧૮૫ સમ્યગ્ દર્શન યુક્ત જ્ઞાન સમ્યગજ્ઞાન બને છે.

૧૮૬ જીવાદિ નવે તત્ત્વોનું સ્પર્શજ્ઞાન સમ્યગ જ્ઞાન છે.

૧૮૭ સંસારની ભયંકરતા સમજાય એ સમ્યગજ્ઞાન.

૧૮૮ આત્માની અનંત શક્તિનું ભાન એ સમ્યગ્ જ્ઞાન.

૧૮૯ આત્માના રખડાપટ્ટાનો અને રઝળપાટનો ખ્યાલ એ સમ્યગ્ જ્ઞાન.

૧૯૦ આત્મા અનંતા કર્મોથી દબાએલ છે એ જ્ઞાન સમ્યગ્.

૧૯૧ આત્મા છે. કર્મનો કર્તા અને ભોક્તા છે એ જ્ઞાન સમ્યગ્.

૧૯૨ આત્માનો મોક્ષ છે. મોક્ષનો માર્ગ છે એ જ્ઞાન સમ્યગ્.

૨૦૩ મૂળ ગુણની શુદ્ધિ અને ઉત્તરગુણમાં પણ અતિચારની યતના ચારિત્ર માગે છે.

૨૦૪ બાવીસ પરિષહો અને બહારના ઉપસર્ગો ચારિત્રમાં સહેવા પડે છે.

૨૦૫ અનાદિ કાળની સુંવાળાશ છોડી નિર્જરાર્થે દુઃખ સહેવા એ ચારિત્ર છે.

૨૦૬ ચારિત્રના પાંચે શાસ્ત્રીય પ્રકારો સમજી આચારવા યોગ્ય છે.

૨૦૭ સર્વ શ્રેષ્ઠ મોક્ષ માર્ગ સર્વજ્ઞ વીતરાગ અરિહંત પરમાત્માજ પ્રરૂપી શકે.

૨૦૮ અન્ય લિંગમાં કે ગૃહીધર્મમાં વીતરાગ માર્ગના શુદ્ધ પરિણામોજ મુક્તિ પમાડે.

૨૦૯ સુખદુઃખની ભાવનાથી પર બન્યા વિના મુક્તિ થાય નહિ.

૨૧૦ દુઃખ-લોખંડની બેડી છે તો સુખ સુવર્ણની પણ બેડી જ છે.

૨૧૧ પાપથી દુઃખ, પુણ્યથી સુખ, એ અટલ સિદ્ધાંત છે.

૨૬૨ અન્યત્વ ભાવના—શરીર એ આત્મા નથી, પછી બાકીની ચીજે પોતાની ક્યાંથી?

૨૬૩ અશુચિ ભાવના—શરીર બન્યું છે હાડ, લોહી ચામડી વસા, ચરબી વિ. અશુચિ વસ્તુઓનું

૨૬૪ આશ્રવ ભાવના ચારે બાજુથી કર્મ પરમાણુઓ આત્મા પર ચોંટે છે. રાગ દ્વેષાદિ એના મૂળ છે.

૨૬૫ સંવર ભાવના આવતા કર્મને રોકવા. યતિસાધુ ધર્મ એનું મુખ્ય સાધન છે.

૨૬૬ નિર્જરાભાવના-પૂર્વ સંચિત કર્મોનો વિનાશ. બારે પ્રકારનો તપ એનું શુદ્ધ સાધન છે.

૨૬૭ લોક સ્વભાવ ભાવના—ઉત્પત્તિ, નાશ, સ્થિરતા, જન્મમરણ પુદ્ગલોનું પરિણમન.

૨૬૮ બોધિદુલભ ભાવના-સાચી દૃષ્ટિ. સમ્યકત્વની પ્રાપ્તિ. નવે તત્ત્વમાં શ્રદ્ધા. ભારે અઘરી.

૨૬૯ ધર્મ ભાવના-ધર્મ સર્વજ્ઞ કથિતજ. આત્મા અને કર્મનું ભાન. મોક્ષસ્વરૂપનું સાચું જ્ઞાન

૨૭૦ ઇર્યા સમિતિમાં રસ્તે ચાલતા પણ જીવદયા અહિંસાનું પાલન થાય છે.

૨૮૧ ચોથું ગુણસ્થાનક ધર્મનો પાયો અને અના
દિકાલીન વિચારધારા ફેરવનાર છે.

૨૮૨ પાંચમું ગુણસ્થાનક અંશે અંશે પણ વિરતિ
ત્યાગનું આચરણ કરાવે છે.

૨૮૩ છઠ્ઠું ગુણસ્થાનક સાધુપણાનો આસ્વાદ
અનુભવાવે છે.

૨૮૪ સાતમું ગુણસ્થાનક અપ્રમત્તભાવમાં બેઘડી
મોજ કરાવે છે.

૨૮૫ આઠમું આત્મદર્શન માટેનું અપૂર્વ ઉત્થાન
પગથીયું બની રહે છે.

૨૮૬ નવમું મોટા કષાયો પરાસ્ત બની નહિ
જેવા થઈ જાય છે.

૨૮૭ દશમું ગુણસ્થાનક સૂક્ષ્મ લોભ સિવાય,-
બારમા- માટે મોહ વિજેતા બનાવે છે.

૨૮૮ અગીયારમું ગુણસ્થાનક. ભારે વિચિત્ર-શાંત-
પડેલો મોહ સત્તામાંથી જાગી ગબડાવે છે.

૨૮૯ બારમું ગુણસ્થાનક મોહનો ક્ષય કરી સયોગી
અવસ્થામાં લઇ જાય છે.

૨૯૦ તેરમું સયોગી કેવળી—અનંત જ્ઞાન-દર્શના

૩૦૧ શાસન વફાદાર પૂ. આચાર્યો શાસનની અણમોલ મૂડી છે.

૩૦૨ પૂ. ઉપાધ્યાયો દ્વાદશાંગી મહાશ્રુતના અદ્‌ભૂત રક્ષકો છે.

૩૦૩ પૂ. સાધુમહાત્માઓ શાસનના ચાહક સૈનિકો અને આરાધનાભાવના પ્રેરક છે.

૩૦૪ અરિહંત ભગવંતના શુદ્ધ માર્ગને વફાદાર સદ્‌ગૃહસ્થો સાધર્મિક છે.

૩૦૫ સાધર્મિકની સર્વતોમુખી ભક્તિ સમ્યગ્‌દૃષ્ટિ આત્માનો પ્રગટ ગુણ છે.

૩૦૬ આમંત્રણ–જમણ–પહેરામણી–બાહ્યભક્તિ અતિ જરૂરી છે.

૩૦૭ ધર્મપ્રવૃત્તિમાં પ્રેરણા કરી સુશ્રદ્ધામાં સુદૃઢ કરવા આંતર્ભકિત છે.

૩૦૮ સાધર્મિકની સમાધિ ટકાવવી–આબરૂ કીર્તિ જાળવવી એ પણ દૃઢીકરણ છે.

૩૦૯ શમ–પ્રશમ–સમતા ધર્મક્રિયાના સાચા ફળ રૂપ છે.

૩૧૦ સંયોગમુકિતની તીવ્ર ઇચ્છા–પ્રશમનો પાયો છે.

३११ निर्वेद-भवभ्रमणुनो-स सारवासनो क टाळो स'वेग जन्मावे

३१२ वीतराग भगव तनी वाणीमा श्रद्धा आस्तिक्य अने निर्वेद पेदा करे

३१३ वीतरागनी वाणी अनुक पा, दया, दैयानी कुणाश सुयोग्यमा जन्मावे छे

३१४ भावदया आत्महितनी इच्छा, द्रव्य दयानी प्रेरक छे

३१५ अन्न पान वस्त्रादिनु वितरण दान द्रव्य दयानु प्रतिक छे

३१६ दया अने दान सुधर्मना सुदर आकर्षक अलकारो छे

३१७ दया अने दान मानव अने दानव वच्चेनो तफावत छे

३१८ विश्व अनादि काळथी अनत अनतकाळ होवानु ज

३१९ अनत आत्माओ अनादि काळथी छे तेटला सदा रहेवाना ज

३२० समारभारखडना समारी मुक्तिमा पहोच्या ते मुक्त

૩૨૧ જન્મ–મરણ ચાલુ એટલે સંસાર. તે બંધ એટલે મુક્તિ.

૩૨૨ વાસનાના પડળ આત્માને સંસારમાં ભમાવે.

૩૨૩ શુદ્ધ સંસ્કારો પડળને હઠાવે, સંસારથી છોડાવે.

૩૨૪ વાસના રાગદ્વેષના મહા રોગમાંથી જ જન્મે.

૩૨૫ શુદ્ધ સંસ્કારો વીતરાગની વાણીમાંથી જન્મે.

૩૨૬ વીતરાગની વાણી એટલે કુદરતનું સનાતન શુધ્ધ ગણિત.

૩૨૭ પુરુષાર્થ કર્મ ભવિતવ્યતા કાળનું એકી-કરણ એ જ કુદરત.

૩૨૮ અકસ્માત કે આશ્ચર્ય પણ કુદરતના ગણિ-તનો આવિષ્કાર છે.

૩૨૯ ધર્મમાં પુરુષાર્થની મુખ્યતા, સંસાર પ્રવૃ-ત્તિમાં કર્મની મુખ્યતા.

૩૩૦ કર્મ ધન નિબિડ ભોગવ્યે જ છૂટકો. સારા હોય કે નરસા હોય.

૩૩૧ સર્વથા, સર્વદા કર્મથી છૂટાપણું એજ મુક્તિ.

૩૩૨ મુક્તિ એ સર્વ આર્ય સજ્જનોનું અંતિમ ધ્યેય.

૩૨૧ જન્મ-મરણ ચાલુ એટલે સંસાર. તે બંધ એટલે મુક્તિ.

૩૨૨ વાસનાના પડળ આત્માને સંસારમાં ભમાવે.

૩૨૩ શુદ્ધ સંસ્કારો પડળને હઠાવે, સંસારથી છોડાવે.

૩૨૪ વાસના રાગદ્વેષના મહા રોગમાંથી જ જન્મે.

૩૨૫ શુદ્ધ સંસ્કારો વીતરાગની વાણીમાંથી જન્મે.

૩૨૬ વીતરાગની વાણી એટલે કુદરતનું સનાતન શુદ્ધ ગણિત.

૩૨૭ પુરુષાર્થ કર્મ ભવિતવ્યતા કાળનું એકીકરણ એ જ કુદરત.

૩૨૮ અકસ્માત કે આશ્ચર્ય પણ કુદરતના ગણિતનો આવિષ્કાર છે.

૩૨૯ ધર્મમાં પુરુષાર્થની મુખ્યતા, સંસાર પ્રવૃત્તિમાં કર્મની મુખ્યતા.

૩૩૦ કર્મ ધન નિબિડ ભોગવ્યે જ છૂટકો. સારા હોય કે નરસા હોય.

૩૩૧ સર્વથા, સર્વદા કર્મથી છૂટાપણું એજ મુક્તિ.

૩૩૨ મુક્તિ એ સર્વ આર્ય સજ્જનોનું અંતિમ ધ્યેય.

૩૪૩ શ્રી સંઘ–ધર્મ–સમાજ અને દેશની વફાદારી શ્રાવકમાં હોય.

૩૪૪ શ્રમણ પ્રધાન શ્રી સંઘ સમાજનું તારક રક્ષક તત્ત્વ છે.

૩૪૫ સમાજ, શિષ્ટ આર્યસજ્જનોનો શિસ્તબદ્ધ સમૂહ છે.

૩૪૬ ધર્મ, અર્થ અને કામનું નિયંત્રક યંત્ર છે.

૩૪૭ ધર્મનો ધ્વંસ પ્રજાના–સમાજના વિનાશને નોતરે છે.

૩૪૮ ધર્મ, મૂળભૂત વસ્તુનો શુદ્ધ સ્વભાવ છે.

૩૪૯ ધર્મ, આત્મ–સ્વભાવ ચિદાનંદ સ્વરૂપનું પ્રગટી કરણ છે.

૩૫૦ ધર્મ, મુકિત પ્રાપક સર્વજ્ઞ પ્રરૂપિત ક્રિયા અનુષ્ઠાન છે.

૩૫૧ ધર્મની ઉત્કૃષ્ટતા સર્વાંગી શુદ્ધ સાધુ પણાના પાલનમાં છે.

૩૫૨ મુક્તિ પ્રાપ્તિના ધ્યેયથી બાર વ્રતાદિ પાલન મધ્યમ ધર્મ છે.

૩૫૩ સર્વજ્ઞ શાસ્ત્રોની પંચાગીમાં સંપુર્ણ શ્રદ્ધા ધર્મનો પાયો છે.

૩૫૪ સત્ય-નીતિ-પ્રમાણિકતા માર્ગાનુસારીતા ધર્મ પ્રાપક લક્ષણો છે

૩૫૫ અહિંસા સત્ય અચૌર્ય-બ્રહ્મચર્ય અપરિગ્રહ પાચ મહાવ્રત છે

૩૫૬ પાચ મહાવ્રતના સર્વાંગ લક્ષણ સર્વજ્ઞ-શાસ્ત્રોમા બતાવેલ છે

૩૫૭ સત્રી ભોજન-ત્યાગ, અહિંસા વ્રતનુ રક્ષક વિચાર વ્રત છે

૩૫૮ આઠે કર્મના નાશ માટે પ્રેરક-ઉત્તેજક આ વાકય શ્રેપ્રિ છે

૩૫૯ આત્માના - આરામમા કમળ સુન્ભિનુ દાન કરે છે

૩૬૦ રામરાજ્યમા ભુવન-ચંદ્ર રીતના-આત્મા નંદ અનુભવે છે

જ્ઞાનગુણ જાઉં વારિ

સમ્યગ્ જ્ઞાન ! મોહની આંધીને વિદારે. વિશિષ્ટ વિવેકભરી સમજ પેદા કરે. ભવથી ઉભગાવે. મોક્ષની પ્રીતિ કરાવે. જન્મ-મરણની જંજાળ મીટાવે. સાચી નાગરિકતા જન્માવે. સુશ્રાવક-સાચો જૈન બનાવે. ઉદારતા પેદા કરે. પરમ પ્રભુની ભક્તિમાં તન્મય બનાવે. આત્માનું સુરીલું સંગીત સુણાવે.

સાધર્મિક—ભક્તિના સોણલા આવે. સાધર્મિક ઉદ્ધારની ધગશ ઓર બને. ભાવ—ભક્તિના ઝરણાં વહેતાં થાય. સુપાત્ર—દાનનો થનથનાટ અનુભવે. અનુકંપા—દયાના પ્રસંગોમાં પ્રસન્નતા પામે આ છે સમ્યગ્ જ્ઞાનના સામાન્ય લક્ષણો.

વિશિષ્ટ લક્ષણો તો વિશિષ્ટ જ હોય ! પરમર્ષિઓ તાગ પામે—પમાડે. સાધુપણાની તીવ્ર ઝંખના. સાધુપણું પામ્યાનો ઉલ્લાસ ઓર. સાધુપણાનું પાલન હેરત પમાડે તેવું. ભાવ-દયાનો હરતો ફરતો સાગર. સ્વાધ્યાય લીનતા અજબ ગજબ. તપનો આદર—બહુમાન—શક્ય

અમલમા તેજી વૈયાવચ્ચ ગુણ અનુપમ બાલ-
ગ્નાન તપસ્વીની ભક્તિ ભરપૂર આડબરનુ
નામ નહિ અહંકારને આશ્રય નહિ કર્યા કામનો
દેખાવ ખપ નહિ વિનય-વિવેક-અદ્ભુત
આતમગુણની મસ્તીમા આનદ

મુનિ-ભુવનચન્દ્રવિજય

જિન આણા એક સાર

માત્ર મોટો કદ નાનુ સ્વાદ અમૃત જેવો
સ્વાસ્થ્ય આત્માનુ ધ્યેય પરમપદને પામવાનુ
'મણ્હ જિણાણ આણ' પહેલા પદનુ પાન જ
અતિ મીઠું ધર્મનો પાયો દ્વાદશાગીનો અર્ક
'મિથ્યાત્વ છોડો સમ્યક્ત્વ ધારણ કરો' રોટડી
અને સાકરથી અધિક મીઠાશ ભર્યું ઉદ્બોધન
બોધ પામ્યા તે ભવથી પાર થયા અનત અવ્યા-
બાધ સુખમા સદા માટે વિલસ્યા

સાધુપણા માટે તલસતા શ્રાવકના સુદર આચા-
રોનુ ટૂકુ દિગ્દર્શન કવા મઝેના આચારો કામિત
પૂરવે શાતિ સમાધિ આપે સદ્ગતિનુ અનુસધાન

કરે. મોક્ષે પહોંચાડે. પતિત પાવન ભાવગંગા. પ્રશાંત મલય સમીર. સુશીલ શાંત ગૃહીધર્મ-પાલન.

છ આવશ્યકની રળિયાત ગુંથણી. પરોપકાર અને જયણામાં—દાન-દયા-અનુકંપા જીવરક્ષા—શું શું નથી ઉપદેશ્યું? 'વ્યવહાર શુદ્ધિ' ધર્મનો પાયો અને શણગાર. અને ધ્યેયને પહોંચવા અતિ-અતિ જરૂરી—ઉપશમ—વિવેક—સંવર. કેટલા સુંવાળા શુદ્ધિકારક શબ્દો. 'છ જીવ કરૂણા' સૂઝીને તો કમાલ જ કરી. શ્રી જૈન શાસન સિવાય 'ષટ્કાય' જીવોનો ખ્યાલ પણ કયા ધર્મ-દર્શનને છે? અને તે પણ આટલો બધો સ્ફુટ અને આજના સાયન્સને તદ્દન વામણું બનાવતો—બતાવતો. એક એક કૃત્ય પર એક એક મઝેનો ગ્રંથ રચાય. આ બધું જાણવાનું છે, અને આચરવાનું છે. સદ્ગુરૂના ઉપદેશદ્વારા આચારના મર્મને સમજીને ભવ્યાત્માઓ સમજે—સદ્દહે—આચરે એજ અભિલાષા!

શ્રમણ સંઘ સેવક—

મુનિ—ભુવનચન્દ્રવિજય

═ તપાગચ્છ સૌરભ ═

પરમોત્કૃષ્ટ પાવનકારી શ્રી જૈનેન્દ્ર શાસનમાં ત્રિપદી પ્રભુમુખે, લહી દ્વાદશાંગીના રચયિતા ગણધર ભગવંતો આદ્ય પ્રભાવક-શ્રેષ્ઠતા ગુરુવર્ય સ્થાને છે-તે મહાત્માઓની પરંપરાના ચૌદ પૂર્વીથી એક પૂર્વી સુધીના ઉપકારક પૂર્વધરો શ્રી જૈનશાસનની જ્યોતને દીપવી ગયા

ત્યારબાદ અનેકાનેક શાસન પ્રભાવક સૂરિપુંગવો અને મહાત્માઓ શાસનને ઉદ્યોતવંત કરી, ભવ્યાત્માઓ ઉપર પરમોપકાર કરી ગયા તપા મહાબિરુદધારી પૂ. શ્રીમદ્ જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજથી તપાગચ્છ નામ શુદ્ધ સામાચારી પાલક, અખંડિત ચાલતા આવતા ગચ્છનું પણ

તે તેજસ્વી ગચ્છના વ્યાખ્યાનનિધિ, વીસમી સદીના વિશિષ્ટ પ્રભાવક અનેકાનેક ગુણનિધાન, મહાપૂજ્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ (પૂ. આત્મારામજી મહારાજ) શ્રી જૈનશાસનના ગગનમાં તેજસ્વી સૂર્ય સમા એ અજબ ગજબની શાસન પ્રભાવના અને નિડરપણે સત્ય સિદ્ધાંતોની રક્ષા કરી.

પૂ. પા. ના પાટે શાસનવર્ધક જેઓ પ્રભાવી અનન્ય પટ્ટધર પૂ. શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ જબરજસ્ત સિદ્ધાન્તવાદી, ગચ્છ નાયકના તરીકે સુવિખ્યાત બની ગયા તેઓશ્રીના પ્રથમ પટ્ટધર [illegible], અમારા સૌના પવિત્ર પરમગુરુ ભગવંત શ્રીમદ્

વિજયદાનસૂરીશ્વરજીનો ઝળકતો પ્રકાશ, આજે અમ-સૌને પ્રેરણા આપી રહેલ છે.

તે મહાપુરુષના પટ્ટવિભૂષક મહાન્ યોગી મહાત્મા, કર્મ સાહિત્યપ્રકાણ્ડવેત્તા, સિદ્ધાંતમહોદધિ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજા, ૩૦૦ અંતેવાસીઓના વિશિષ્ટ ગચ્છને સારણા-વારણા, ગ્રહણ-આસેવન શિક્ષા આપતા, સંયમ ધનનું અલબેલું રક્ષણ કરતા, શાસનની સુવિધાનુ અજબ ચિંતન કરતા, હરકોઈ ગચ્છ-સમુદાયની વૈયાવચ્ચની દ્રવ્ય-ભાવાત્મક કાળજી કરતા. સં. ૨૦૨૪ ના વૈ. વ ૧૧ની રાત્રે ૧૦-૦૦ મીનીટે સ્વર્ગસ્થ બન્યા.

તે કૃપાળુ મહર્ષિના મહાન્ અંતેવાસી, મુખ્ય પટ્ટ-પ્રભાવક, શાસન તેજ, સરસ્વતી પુત્ર, સૂરિપુરંદર શ્રીમદ્ **વિજયરામચંદ્ર સૂરીશ્વરજી** મહારાજા આજે ૭૯ વર્ષની જૈફ ઉમરે અદ્ભુત શાસન પ્રભાવનાપૂર્વક, શાસનસંરક્ષણ અડગપણે કરી રહ્યા છે. અહમ્ મળે નહિ. માન-સન્માન-કીર્તિની લાલસા જીવનના કોઈપણ પ્રસંગે લલચાવી શકે નહિ. લોકહેરી તો સ્પર્શે જ નહિ. અને સિદ્ધાંતરક્ષા પ્રાણ બને, પછી કઇ કમીના રહે ?

શું દીક્ષા કે બાળ દીક્ષા, દેવદ્રવ્ય કે હરિજનપ્રવેશ, તિથિપ્રકરણ કે સામાચારી, સર્વમાં શાસ્ત્રમર્યાદા એ જ અડોલ અફર. તુફાનો આવે. બનાવટી આરોપો ઉભા કરવામાં આવે કોર્ટની હેવડીએ દોરી જવામાં આવે. શાસન અને

સિદ્ધાંત એ જ સાચા સત્યનો જય જ્યારે અને ત્યારે, જ્યા અને ત્યા, શાસનનો જ જયજયકાર જીવનમા અનુભવ્યો સત્યનુ જ સમર્થન થયુ જજમેન્ટોમા જજોએ પણ પ્રશસ્તિ ઉચ્ચારી

આજે પણ છેલ્લા બાર માસથી, શાસન સંરક્ષણ વ્યૂહાત્મક મૌન છોડ્યા પછી, સુબદ્ધ રીતે, વિશ્વોપકારી પરમતારક ભગવંત મહાવીરદેવની, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ૨૫૦૦ની ઉજવણીનો, પુ કે આમ, સુવિશદ સૌમ્ય ભાષામા સ્પષ્ટપણે છણાવટ કરી, વિરોધ કરી-કરાવી, મહાશાસનની સુભગ કલ્યાણકર શાનને સુચારુ રીતે રક્ષી રહ્યા છે

વૈ સુ ૩ ના આજના મંગળમય દિવસે, લાલબાગ અને શ્રીપાલનગર શ્રી સઘની ભાવભરી ચાતુર્માસ વિનતિઓ મધ્યથી, શ્રીપાલ નગરની વિનતિનો સ્વીકાર કરી, સુનંગળ નિર્ણય કરતા, તપો ધર્મનો અદ્ભુત મહિમા સમજાવી, વિશાળ સભાગણને આત્મરતના તરબોળ બનાવતા, જયવંતા વર્તે છે

તેઓ કૃપાળુશ્રીની પરમપવિત્ર નિશ્રામા, તેઓશ્રીના જ વરદ હસ્તે, મારા ધર્મમિત્ર વિદ્વાન્-આગમપ્રેમી પૂ જનભૂષણ વિજયજી મ નુ અઠ્ઠાઈ તપ સમેત વરસીતપનુ સુખ સમાધિ-પ્રદ પારણુ મંગળમય રીતે થયુ

પૂ વયોવૃદ્ધ વિજયનેરૂસૂરીશ્વરજી મ, પૂ વિજયજિત-મૃગાંકસૂરીશ્વરજી મ, પૂ વિજય મહોદયસૂરીશ્વરજી મ,

પૂ. વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મ , પૂ. પં. શ્રી જિનેંદ્રવિજયજી ગણિવર આદિ મહામુનિ મંડળસહ અલબેલી મુંબઈનગરીના, યુગાદીશ્વર ઋષભદેવ અને વીશમા તીર્થંપતિ શ્રી મુનિસુવ્રત સ્વામીના સંગેમરમરના મહા પ્રાસાદ યુક્ત શ્રીપાળ નગરમાં, સૂક્ષ્મ ધર્મોપદેશ દ્વારા ધર્મના મર્મને સમજાવતા, ભવ્ય જીવોપર મહોપકાર કરી રહ્યા છે.

તે પરમોપકારી ભવોદધિતારક આરાધ્યપાદ તારક ગુરુ ભગવંતના ચરણકમલમાં આત્મકલ્લોલ સાથે સમાધિમય મુનિ જીવનને અલ્પાંશે પણ પાળવા મથી રહેલ—આ તેઓ શ્રીનો લઘુશિષ્ય, ગુરુભગવંતની મહાન કૃપાથી એક અલ્પ પ્રયાસ આદરી રહેલ છે.

ખાસ કરીને યુવાન એજ્યુકેટેડ વર્ગ ધર્મવિમુખ થઈ રહ્યો છે એમાં સત્ય વસ્તુનું અજ્ઞાન એ પણ એક મુખ્ય કારણ છે, બાકી તો જડવાદની આંધિ આદિ અનેક કારણો છે. તો સત્ય પદાર્થોનો, સરળ ભાષામાં, સામાન્યથી સાચો વૈજ્ઞાનિક (સાયન્ટિફિક) ખ્યાલ આપવાના પ્રયાસ રૂપે, 'શાસનૈકલક્ષી વિવિધવિષયક ગ્રંથમાળાનો આવિર્ભાવ થયો છે.

આ 'મણ્હ જિણાણં આણં' યાને '**વિશ્વતારક વીરવાણી**' ગ્રંથમાળાનું ૧૯ મું પુષ્પ છે. સં ૨૦૩૦ ના વૈ. સુ. ૩ ગુરૂવાર અક્ષયતૃતીયા તારક દિવસે, સર્વત્ર શ્રી સંઘોમાં પ્રવર્તતા મહોત્સવમય ઉલ્લાસના શુભ વાતાવરણમાં, આત્મકલ્યાણના એક પવિત્ર હેતુથી, તેના સુરમ્ય

સંસ્કારો ભવોભવ જાગ્રત બન્યા રહે તે આશયથી, જગદ્ગુરુ દેવાધિદેવ વીર ભગવંતની વાણીની સુવાસ ફેલાવવાના પ્રતીક રૂપે, આ લઘુગ્રંથ પૂર્ણતા પામે છે તે પૂર્ણતાના અર્થને અવગાહતા ગુરુ-ગુણ સુમહેકને શ્વાસોચ્છ્વાસમાં પરિણમાવતા.

સં ૨૦૩૦ અ. તૃતીયા

બાળ ભુવનચંદ્રના
લઘુ આત્માની,

સ્થળ
શ્રીપાળનગર
શ્વે. મૂ. ઉપાશ્રય
વાલકેશ્વર, મુંબઈ ૬

પરમોપકારી આરાધ્યપાદ પૂ૦ ગુરુવર
વિજય રામચંદ્રસૂરીશ્વરજીના
પાદારવિંદના
કોટિશ વન્દનાવલિ.

અચાનક હાર્ટ એટેક : આજના જમાનાનો વ્યાપક વ્યાધિ. હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ અને ત્યાંજ ૨૪ કલાકમાં સમાધિપૂર્વક સદ્ભાવનામાં નશ્વર દેહનો ત્યાગ. સં. ૨૦૩૧ અષાડ સુદ ૯. પણ સુબંધુઓ અને સુપુત્રો ભાવના પૂર્ણ કરીનેજ રહ્યા. ઉપકારી મહાપુરુષના સાન્નિધ્યમાં જ અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવ્યો.

એ ભાગ્યશાળી સ્વ. અંબાલાલભાઈના શ્રાવકજીવનની સ્મૃતિમાં આ 'મણ્હ જિણાણં આણં'નું નાનું પણ ભવ્ય ભાવનાઓની પ્રેરણા કરતું, વિશેષે કરી શ્રાવક-શ્રાવિકાનાં કર્તવ્યોનું ભાન કરાવતુ પુસ્તક, તેમના કુટુંબીજનો તરફથી પ્રકાશિત કરવાનું સદ્ભાગ્ય અમને સાંપડ્યું છે. તેમનો સંબંધી વર્ગ આ પુસ્તકમાંથી સારી એવી પ્રેરણા ઝીલીને સદ્ધર્મમા અને શાસન કાર્યમાં ભાવનાશીલ બન્યો રહે-એજ અભિલાષા.

—પ્રકાશકો,

ધર્મયાત્રાના પથિક
સ્વ શ્રી અંબાલાલભાઈ દલછારામ



કાન્તિલાલ દલછારામ }
બાબુલાલ દલછારામ } ના પ્રણામ

આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ–એમાંના એક પણ દ્રવ્યને ન માનવુ એ પણ મિથ્યાત્વ. આત્મા છે, કર્મ છે, આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે. કર્મથી છૂટવાનો માર્ગ–ધર્મ છે. મોક્ષ છે. આ યુક્તિબદ્ધ–તર્કબદ્ધ–આગમબદ્ધ પ્રરૂપણાને ન માનવી એ પણ મિથ્યાત્વ છે. મતલબ કે અનાદિના અજ્ઞાનને વશ થઇ, બુદ્ધિવિપર્યાસથી, વસ્તુને વસ્તુ સ્વરૂપે ન માનવી એ મિથ્યાત્વ છે. સુતત્ત્વોને તત્ત્વ તરીકે ન સ્વીકારવા. કુતત્ત્વોને સુતત્વો તરીકે માનવા. સુ અને કુ નો શંભુમેળો કરવો. આ સઘળાએ લક્ષણો મિથ્યાત્વને જ સૂચવે છે.

વીતરાગ ભગવંત સિવાય બીજા માતા–મેલડી આદિની ઉપાસના કરવી યા સંસારી સ્વાર્થ ખાતર તેમને રીઝવવા, એ લૌકિક મિથ્યાત્વ છે. વીતરાગ, નિર્મમ, નિર્મોહી અરિહંત ભગવતની ભક્તિ, ભૌતિક સ્વાર્થ સાધવા કરવી, એ લોકોત્તર મિથ્યાત્વ છે. જે મિથ્યાત્વને કારણે ભવાંતરમાં સુધર્મ દુર્લભ પણ બની જાય. શાસ્ત્રીય ભાષામા જણાવેલ મિથ્યાત્વના ભેદો પણ જાણી સમજી ત્યાગ કરવા યોગ્ય છે.

સૌથી સ્પષ્ટ મિથ્યાત્વ વિચારીએ. સંસાર–અસાર દુઃખદાયક અને પ્રાયઃ દુઃખના સમૂહથી જ ભરેલો છે. જે કાંઈ અલ્પ સુખ સંવેદન અનુભવાય છે તે પણ સુખાભાસ અને ક્ષણિક છે. તેવા સુખાભાસનું પણ પરિણામ આ ભવ પરભવમાં દેહાદિકના અને માનસિક અશાંતિ આદિ દુઃખના જનક છે. વળી અનુબંધે કરી ભવપરંપરાને અને ભવપરંપરામાં અનેકવિધ યાતનાઓને વધારનારા છે.

આવા દુઃખમય, દુઃખફલક અને દુઃખ પરંપરક સંસારના રાચવું અને તેમાં રહેલા ઉલચામણા સુખોમાં ઉપાદેય બુદ્ધિ એ જ મોટું મિથ્યાત્વ છે માનવી એકેમ સુખકલ્પનાને ન છોડી શકે એમ બને પાંચ ઇન્દ્રિયોના વિષયોને ન પણ છોડી શકે પણ આ સુખ એ જ દુઃખનું મૂળ છે કારણ કે અનેક પાપો એ માની લીધેલા સુખો માટે જ થાય છે ક્રોધ-માન-માયા-લોભ, સુખે જ અને સુખના પ્રયત્નમાંથી જ પેદા થાય છે માટે સંસારને સારો યા સુખરૂપ માનવો એ જ મોટું મિથ્યાત્વ છે

આ મોટું મિથ્યાત્વ ખતું એટલે ભગવંત અરિહંત હૈયે વસે. જેના હૈયે અરિહંત, તેના સંસારનો અંત, તેને જોઈએ અંત. મિથ્યાત્વને મારવાનો સંસારને હરાવવાના આત્માને અરિહંતની આજ્ઞામાં રમાડવાના ભવભ્રમણથી ભાગવાનો આત્મજ્ઞાનમાં જાગવાનો સંસાર એનો ખંઆચિયા જેવા.

મિથ્યાત્વ મહાશત્રુ છે અનાદિકાળનો મુખ્ય અને મારે ચારે ગતિમાં ભમાવે પાપાચાર ક્રિયામાં ઉભી કરે. સત્યથી આઘા રાખે ખોટામાં ખરું કરી દે. મિથ્યાત્વ એ જ મહા અજ્ઞાન. મિથ્યાત્વ જાય એટલે આત્મજ્ઞાન થાય. વિવેક જાગે. વિનય ભાવ રાગ ઘટે દ્વેષ ઘટે પ્રભુનું નામ સદા રહે પાપ ઘટે. પુણ્ય વધે સદ્ગતિ સંપદ કપાયો જાન્યા બાદ મુક્તિ નગરીમાં વસવું અનંત સુખ પમાય

ૐ પરમ વંદનમ ૐ